સંસ્થાપક
સ્વ. રવિશંકર મ. રાવળ

ઓક્ટોબર અને નવેમ્બર અંક ભેગા છાપવામાં આવેલ છે.



પ્રકૃતિના મૂળભૂત આકારો (કલાકાર · અજિત દેસાઈ · જુઓ આ અંકની કલાવાર્તા)


કુમાર

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

વર્ષ સડસઠમું · ઑક્ટોબર – નવેમ્બર · ૧૯૯૪

તંત્રી
ધીરુ પરીખ
સંપાદક
બિહારીલાલ ટાંક

સળંગ અંક
૮૦૧-૮૦૨



શિકાર • ઈ. ૧૫૪૦ના અરસાના સફાવી કાળમાં તેબ્રિઝમાં લખાએલા એક હસ્તલિખિત ગ્રંથના પૂઠા પર લાખના રંગોથી આલેખાએલા ચિત્રનો અંશ

એનો નથી એ અર્થ, કે

ઈષ્ટના ગુણ ગાઉં છું ગાતો રહું,
ઓછો ઓછો થાઉં છું થાતો રહું;
રિન્દ છું શી હોય બીજી એષણા !
એ જ બસ પીતો રહું પાતો રહું !

•

માનવી વચ્ચે બની 'નાતો' રહું,
મૈત્રીનો થઈ હાથ લંબાતો રહું;
હું સ્વીકારું સર્વને, તો સર્વથી
કેમ ના હું પણ સ્વીકારાતો રહું !

•

જેના તેના હાથે ટીચાતો રહું,
નિત્ય મ્હેંદી જેમ પીસાતો રહું;
આમ પણ લાવી શકું છું રંગ હું,
એ નથી લાજિમ : લસોટાતો રહું.

•

મૂંગો મૂંગો મનમાં મૂંઝાતો રહું,
ઊંડે ઊંડે ઊંડે અમળાતો રહું,
વૃદ્ધ છું એનો નથી એ અર્થ કે
ઘૂંસ પેટે ઘરમાં ગોંધાતો રહું !

અમૃત 'ઘાયલ'

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૦૧-૮૦૨

(ભૂલસુધાર : ત્રીજા પૂંઠા પર ફોટોકલાકાર ચંદ્રકાન્ત પટેલ વાંચવું)

આજીવન લવાજમ યોજના બંધ કરી છે.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ.
ડિરેક્ટરો : હીરાલાલ ભગવતી (ચેરમેન), બિહારીલાલ પો. શાહ, ભાલચંદ્ર શાહ.
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર,
અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૩૪૩૭૪૫).
પ્રિન્ટર્સ : હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કો. સેન્ટર, સલાપસ રોડ,
અમદાવાદ ૩૮૦ ૦૦૧.
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે રૂ. ૫૦૦;
છૂટક નકલ રૂ. ૧૦-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૨.૦૦

નદ-નાવિકનું ગાન / રાજેન્દ્ર શાહ

(ગાન)

હો રે ભાઈ
હાલ્ય રે સુખાણી, હાલ્ય આપણી હલૂણીલાલ
વ્હેલી પરોઢ-વેળ ઊઘડી :
રેવાને નીર અડી, આછેરી લ્હેર-ચડી,
હેલે અધીર હુઈ નાવડી.

ઘોરવું નહિ, રે નહિ હોરવું,
રે આપણું તો મ્હોરવાનું પાણીની માંહ્યલું :
માછલાંની હારિ માળું હોવાનું આપણું
તે છઠ્ઠીના રોજનું લખાયલું,
ઊઠ 'લ્યા.... ખાટલાની મે'લ પરી ગોદડી.

કૂવાને થમ્ભ બેઠો કાગડો તે લાભ-લાગ
વાવડ લાયો રે બડભાગનો;
સાગરને લોઢ 'લ્યા ઊછળતા રાગ-શો
આપણે ગળે ય હોય જાગનો.
હાં રે જરા કોઠામાં રેડ ઊની રાબડી.

એક રે બાજુએ આભ-ઊંચેરા પ્હાડ ને
આણી કોર પાર નહિ નીરનો;
પ્હોંને તે પાલ-મોજી, નવલે વ્હાણે રે
દાવ ખેલીએ રે હામ અને હીરનો.
હાં રે વીર - વાયરાને વેગ મે'લીયે હડી.

બીન / જગદીશ ત્રિવેદી

(પૃથ્વી-સૉનેટ)

દીસંત ઘર ખોરડા શું - અસબાબ વેરાયલો,
અને ઘર વિશે વળી બધુંય ધૂળખાધું નર્યું-
દીવાલ પર એક કો લટકતું 'તું કૅલેન્ડર
કયા વરસનું હશે - કશીય સાબિતી ત્યાં નહીં,
મઢેલ છબી ફ્રેમમાં લટકતી દીવાલે હજી-
પરંતુ મુખરેખ સાવ તરડાઈ-ચેરાયલી.

હતું ઘરની મધ્ય કો જીરણ દેહનું પોટલું
પડ્યું - નયન-પૂતળી સ્થિર અવાક એકીટસે-
દીવાલ પર બીન કો લટકતું હતું - તાકતી !
બહાર ઘનશ્યામ ત્યાં ગગન ઊમટ્યાં વાદળાં-
દશે દિશ ગજાવતાં વરસવા જ મંડી પડ્યાં,
અને પવન અંગ અંગ તરબોળ થૈ સ્હેલતો
પ્રવેશી ઘરમાં ગયો - જરીક બીનને સ્પર્શ - ત્યાં
તરંગ ઊપની શમ્યો પલક શાશ્વતી અંતરે.

આવવું છે તવ પાસે / ઉશનસ્

(ગાન)

અંતરતમ એકાન્તે તું હો
બપોરની નવરાશે
ત્યારે મારા વિચાર જેવું આવવું છે તવ પાસે.
પગલાં જેવું કશું પડે ના
અવાજ ના આહટનો,
અવયવ તારો હોઉં, અભિનવ
વિકસ્યો તારા ઘટનો,
જાય ભળી તવ તંત્રે એવું આવવું છે તવ પાસે....અંતર૦
ત્વચાનું યે અંતર જ્યાં દુસ્સહ,
આમ તો કેમ જિવાશે ?
આશનો તંતુ ઝીણો થાતો
એક દિ તૂટી જશે,
સહજ શ્વાસમાં શ્વાસ ભળે એમ આવવું છે તવ પાસે - અંતર૦
હોય જો આછો અવકાશે તવ
ભીતર ભીનો કૂણો,
આંખમાં જો હજી મારે માટે
હોય જો રક્ષિત ખૂણો
આંખમાં આંસુ આવે એવું આવવું છે તવ પાસે ... અંતર૦

એટલી દાઝ હૈયે / દેવેન્દ્ર દવે

(મંદાક્રાન્તા - સૉનેટ)

થાક્યાં શાને ? ચરણ ! હજી તો કેટલું ચાલવાનું !
હ્યાં ભૂગોલે વિવિધ વરણી સૃષ્ટિઓ ખૂંદવાની
ગાઢા લીલા વિજન વનમાં પાડવી નવ્ય કેડી,
પીવાં બાકી જળ ઝરણનાં, ઝાડવાં-ઝાંખરાંઓ
વીંધ્યે જાવાં અવિરતપણે, મોકળી સૌ દિશામાં
છુટ્ટા વ્હેવું પવન સમ કૈં પાથરી મ્હેંક મીઠી !

ભીનાં સોણાં મરુભૂમિમહીં રોપવાં, ના કદીયે
નૈરાશ્યોની લપટી લીલમાં ચૂકવી સ્થૈર્ય, ને 'લ્યા
એવાં માંડો અડગ ડગલાં લક્ષ્ય સેવી ધરા પે
જેને બીજા અનુસરી રહે, 'છાપ' હો સાવ નોખી !
થૈ વજ્રો-શા કઠણ, મૃદુ રહૈ ફોરતાં ફૂલડાં-શા;
થંભો તોયે ઘડી વિરમવા, થાક ના પીંડીઓમાં !

જો અશ્વો-શી દડમજલમાં ઊતરો સ્હેજ ઊણાં,
વાઢી નાખું - અહીં જ, હમણાં - એટલી દાઝ હૈયે !

ખેડા જિલ્લામાં આવેલા ઉમરેઠ ગામનો એક યુવાન. ૧૯૨૭માં મૅટ્રિક પાસ કરી તબીબીશાસ્ત્ર ભણવા મુંબઈ ગયો અને ત્યાંથી ૧૯૩૭માં એલ.સી.પી.એસ.ની ડિગ્રી મેળવી તબીબ થઈ પાછો ફર્યો. એની વય હશે ૨૭ની આસપાસ. વતનમાં જ સ્થાયી થયો અને દર્દીઓને તપાસવા માંડ્યા. ધીરે ધીરે દર્દીઓની સંખ્યા વધતી ચાલી. દૂર દૂરથી દર્દીઓ આવવા માંડ્યા. પૂરા ભાવથી અને પૂરા વિશ્વાસથી દર્દીઓ જાતભાતના સવાલો પૂછે. એમાંથી યુવાન તબીબે તારણ કાઢ્યું કે દર્દીઓને માનવ શરીરની અદ્ભુત રચના અને અજાયબ કામગીરીઓ જાણવી બહુ ગમે છે. એટલે એને થયા કરતું કે આ અટપટી હકીકતોને સરળ રીતે લિપિબદ્ધ કરી હોય તો કેમ? વ્યવસાયે ભલે તબીબ, પણ અંતરથી તો એ સાહિત્યનો જ જીવ. એટલે ફાજલ સમયમાં વાચન-લેખન પણ ચાલ્યા કરે. એ કાળે 'કુમાર'માં પ્રસિદ્ધિ થતા લેખોના વાચને એને પંખીઓ અને કંઈક અંશે ખગોળમાં રસ લેતો કર્યો. એટલું જ નહીં, 'વનેચર'ના તંત્રીપદે પ્રસિદ્ધ થતા 'પ્રકૃતિ' સામયિકમાં પણ જીવસૃષ્ટિ અંગેની નોંધો, નિરીક્ષણો વગેરે મોકલતો રહે અને મૂંઝવતા સવાલોના ઉકેલ માટે એના વિદ્વાન તંત્રીને પૃચ્છાઓ કરતો રહે. 'કુમાર'માં પણ પછી તો હાથ અજમાવ્યો અને 'વાંદરા' (સળંગ અંક. ૨૪૪-૨૪૫, એપ્રિલ-મે. ૧૯૪૪), 'ફોટોગ્રાફીની વિજ્ઞાન સેવાઓ' (અંક - ૨૫૬, એપ્રિલ-૧૯૪૫), 'ઇથર' (અંક - ૨૫૮, જૂન. ૧૯૪૫) વગેરે જેવા વિષયો પર નાના-મોટા લેખ લખવા માંડ્યા. એવામાં, ૧૯૪૩માં ઉમરેઠની સિવીલ કૉર્ટમાં એક ન્યાયાધીશ નામે બલવન્તરાય જીવણલાલ ભટ્ટની નિયુક્તિ થઈ. ગુજરાત એમને મેજર બલવન્ત ભટ્ટ - એક ફોટો કલાવિદ્ તરીકે કદાચ વધુ પિછાણે છે. સમાન શોખોને કારણે આ બંને વચ્ચે મૈત્રી કોળી. એવામાં એક દિવસ ન્યાયાધીશ મેજરને ત્યાં સર્વશ્રી બચુભાઈ રાવત અને દેશળજી પરમાર આવ્યા. સાથે મૂળ ઉમરેઠના જ શ્રી યશવન્ત શુક્લ પણ હતા. તબીબ પણ ત્યાં 'કુમાર'ના તંત્રીને મળવા હાજર હતા. વાત-વાતમાં કોઈ રોગ અંગે ચર્ચા ચાલી, જેના સંદર્ભે આ તબીબે હૃદયરચના અને લોહીની રસભરી કેટલીક વાતો કરી. બચુભાઈ આમ પણ લોકરુચિના નાડપારખુ એક કુશળ વૈદ તો હતા જ, અને 'કુમાર'ના માધ્યમ દ્વારા જાતભાતના લેખકો, કવિઓ અને કલાકારોનો સર્જનાત્મક સાદ સામાન્ય ગુજરાતીઓને ઘેર ઘેર પહોંચાડવાનો ભેખ લઈને બેઠેલા જીવ. ૩૩ વર્ષના આ યુવાન તબીબની નાડ એટલે જ એમણે ઝટ દેતાકને પારખી લીધી. જનસમાજ માટે બોધક તથા પ્રમાણભૂત એવી શરીરવિજ્ઞાનની લેખમાળા 'કુમાર'માં આપવાનું આમંત્રણ પણ આપી દીધું. યુવાન તો રાજીનો રેડ. પરંતુ, 'સામાન્ય સમજદારીવાળા જ્ઞાનેપ્સુ માણસને પથ્ય અને રોચક એવા લેખો આપવાનો' તંત્રીશ્રીનો સ્પષ્ટ આદેશ હતો. પણ આ સચિત્ર લેખમાળા શરૂ કરતાં જ તબીબને સમજાયું કે લખવા હાથ ધરેલો વિષય સરળ નથી, અને એટલે જ, મે ૧૯૪૯ના 'કુમાર' (સળંગ અંક-૩૦૫)માં 'લોહી' ઉપરનો પ્રથમ લેખ છપાયો એ બાદ બીજો છેક સવાવરસે છપાયો. આ બીજો લેખ 'હૃદય' ઉપરનો હતો (અંક-૩૨૨, ઑક્ટોબર-૧૯૫૦). આ દરમિયાન 'કુમાર'ના તંત્રીનાં પ્રેરણા અને પ્રોત્સાહન મળતાં રહ્યાં. ત્રીજો લેખ હતો : 'રુધિરાભિસરણ' (અંક-૩૨૪, ડિસેમ્બર, ૧૯૫૦). એની સાથે તો શુદ્ધ અને અશુદ્ધ લોહીને અલગ કરી દેખાડતા બે અલગ રંગો વડે બનાવેલી આકૃતિઓ પણ પ્રસિદ્ધ થઈ હતી. વળી, તંત્રીએ 'કુમાર'ની એક આગવી પ્રણાલિને અનુસરતા ધ્યાનાકર્ષક ઉપ-શીર્ષકો પણ મૂક્યા હતા, જેમાનું મુખ્ય આમ હતું: 'રુધિરાભિસરણ એટલે શરીરમાં લોહીનું ફરવું.' આની સાથે વાચકો માટે એક નોંધ મૂકી : 'એ અદ્ભુત ક્રિયા સમજાવતો આ લેખ જરા અઘરો લાગે તો પણ જરૂર વાંચજો.'

આ તબીબ માટે લખવું એ કાંઈ નવી વાત તો ન જ હતી અને વિવિધ વિષયો પર 'કુમાર' સહિત અન્ય સામયિકોમાં આપણે આગળ જોયું તેમ, છૂટક-છૂટક લખાણો પ્રસિદ્ધ પણ થતાં હતાં, તો વળી 'ત્રણ ઠગ' અને 'સુરભિ' નામની બે કિશોરવાર્તાઓ પુસ્તિકારૂપમાં એક જ વર્ષમાં ૧૯૪૧માં પ્રસિદ્ધ પણ થઈ ચૂકી હતી. પણ આ ત્રણેક લેખ અને લેખમાળાના એ પછીના સઘળા લેખો પર 'કુમાર'ના તંત્રીમંડળનો રંદો એવી કલામયતાથી ફર્યો કે પેલી વાર્તામાં આવે છે તેમ સિન્ડ્રેલા વાતવાતમાં રાજકુમારી થઈ જતી, એમ આ લેખકનો જાણે પુનર્જન્મ થઈ ગયો. લેખકને લખાણની એક ચોક્કસ દિશા સાંપડી. હવે એણે તબીબી વિષયને લગતા જ લેખો મુખ્યત્વે લખવા માંડ્યા અને એમાં પ્રભુત્વ મેળવ્યું. આમ, 'કુમાર' અને તબીબી-લેખકનો નાતો ગાઢ બન્યો અને પછી તો એક પૂરી થતા જ બીજી, અને એમ આરોગ્ય, આહાર અને ઔષધ વગેરે વિષયક અનેક લેખમાળાઓ પ્રસિદ્ધ થતી ગઈ. આ રીતે ગુજરાતને આરોગ્ય વિષયક એક લબ્ધપ્રતિષ્ઠ લેખક સાંપડ્યા.

ક્વચિત્ 'રાજરાજેન્દ્ર' તો ક્યારેક 'મધુકાન્ત' એવા ઉપનામે, પણ બહુધા તો પોતાના અસલ નામે જ એમણે લખ્યું - પુષ્કળ લખ્યું અને ઘણું ઉત્તમ લખ્યું. ૧૯૫૪નો 'કુમાર-ચંદ્રક' એમને એનાયત થયો. ગુજરાતના વાચકો આ તબીબ-લેખકને ડૉ. શિવપ્રસાદ કુશળજી ત્રિવેદી તરીકે અને સ્નેહીજનો 'શિવુભાઈ'ને નામે ઓળખે છે.

આ શિવપ્રસાદભાઈનું ટૂંકીમાંદગી બાદ ૯મી જૂન ૧૯૯૪ના ગુરુવારે અમદાવાદની એક ખાનગી હૉસ્પિટલમાં અવસાન થયું. દેહોત્સર્ગ સમયે તેમની વય ૮૪ વર્ષ આસપાસની હતી. ગુજરાતમાં જીવનભર વિદ્યાવ્યાસંગ ચાલુ રાખનારી આજની ગણીગાંઠી વ્યક્તિઓમાંના તેઓ એક હતા.

સાહિત્યક્ષેત્રે અને નાટ્ય તથા સિનેમાક્ષેત્રે કેટલીક સફળ અને



વ્યવસાયે ડૉક્ટર છતાં અનેક વિષયોમાં ઊંડો અને સક્રિય રસ ધરાવનાર

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

સુશ્રુત પટેલ

જાણીતી વ્યક્તિઓ આપણને આપી છે તેવી સંસ્કારનગરી ઉમરેઠમાં એમનો જન્મ ૨૮મી સપ્ટેમ્બર ૧૯૧૦ (કે પછી ૧૯૦૯)ના રોજ થયો હતો. એમનું બાળપણ અને પ્રારંભિક શિક્ષણ પણ ઉમરેઠમાં જ. એમના મામાનું ઘર પણ આ જ ગામમાં. બહુ નાની ઉંમરે એમનાં માતા-પિતાની છત્રછાયા ગુમાવતા એમનો ઉછેર રેવામા ઉપર આવી પડ્યો. આ રેવામા જન્મથી જ દુઃખી હતાં. બાળપણમાં મા, યુવાનીમાં પતિ અને પ્રૌઢવયે જુવાન દીકરો ગુમાવ્યો હતો. અને આટલું ઓછું હોય તેમ ઢળતી ઉંમરે બાળપૌત્રને ઉછેરવાની જવાબદારી એમના પર આવી પડી હતી. રેવામા ઘેર રહી પડિયા-પતરાળાં બનાવીને ગુજરાન ચલાવતાં. શિવપ્રસાદભાઈ હાઈ સ્કૂલના છેલ્લા વરસમાં હતા ત્યારે પાંચેક દિવસની ટૂંકી માંદગીમાં પટકાઈ રેવામાનું અવસાન થયું. શિવપ્રસાદભાઈને એમ હતું કે પોતે મૅટ્રિક પાસ થઈ કંઈ નહીં તો છેવટે સ્કૂલમાં માસ્તર કે મ્યુનિસિપાલિટીમાં ચકલેદાર બની રેવામાનો બોજો હળવો કરશે, પરંતુ રેવામા માટે પોતે કશું ન કરી શક્યાનો સંતાપ એમને પાછલી ઉંમરેય સતાવતો. આ રેવામાની ઘણીઘણી વાતો શિવપ્રસાદભાઈ પાછોતરી ઉંમરે વાગોળ્યા કરતા. આમાંની એક પોતાની માંદગી દરમિયાન રેવામાની ખડે પગે કરેલી ચાકરીને લગતી હતી.

શિવપ્રસાદભાઈ ઘણીવાર કહેતા 'બાળપણમાં મને કંઈ ને કંઈ માંદગી રહ્યા કરતી. આંખો દુઃખવા આવે અને મરડો સામાન્ય હતો. રેવામા મારી સતત કાળજી રાખતાં. દુઃખતી આંખો માટે કાંસાજળ આંજતાં. ચીમડાં ભરતાં, અને કુંવાડિયાનાં પાનની લુગદી આંખોએ બાંધતાં. મરડા માટે ઇંદ્રજવની ફાકી, દિવેલ ને સૂંઠનો ઉકાળો તથા મલેરિયા માટે સુદર્શનચૂર્ણનો ફાકો મરાવતા.'

રેવામા ઉપરાંત કાકા હરિકૃષ્ણ હરિપ્રસાદ ત્રિવેદીની પણ તે વાતો કરતા. શિવપ્રસાદભાઈ લખે છે : 'વારંવારના મરડાથી મને દૂઝતા હરસ થયા. શરીર ફિક્કું પડવા સાથે તેની વૃદ્ધિ અટકી. કુટુમ્બના વડીલ કાકાથી આ સ્થિતિ જોઈ ના ગઈ. તેમણે તેમની સાથે વહેલી સવારે ફરવા જવાનો પ્રસ્તાવ મૂક્યો. તે સવારે સાડા પાંચ વાગે ખડકીએથી બૂમ પાડે. અમે ગામ બહાર તલાવડીએ જઈએ. ચાલતા ચાલતા કાકા રસાળ વાર્તાઓ કહે. કાકા ત્યાં શૌચદાતણ વગેરે કરે. મારે તો ઝાડ ઉપર ચઢવાનો કે ચોગાનમાં દોડવાનો, ઊગતા પ્રભાતનું સ્વાગત કરતા પંખીઓના કલરવ સાંભળવાનો આનંદ લૂંટવાનો હતો.'

બાળપણની આ બધી પ્રવૃત્તિઓ અને બીમારીને કારણે એમને પ્રકૃતિમાં તો રસ પડ્યો જ, પણ એ સાથે નિસર્ગોપચાર અને આયુર્વેદમાં પણ રસ કેળવાયો અને પાછળથી આ અંગે ઘણું બધું વાચન પણ એમણે કર્યું, જેની પ્રતીતિ એમનાં લખાણો કરાવે છે. એ પોતે તો આધુનિક ચિકિત્સા પદ્ધતિ (ઍલોપથી)ના તજ્જ્ઞ હતા અને આજીવન પ્રૅક્ટિસ પણ એની જ કરી, તે છતાંય આપણી પરંપરાગત ચિકિત્સા-પદ્ધતિનો એમને છોછ એટલે જ ન હતો. આમ, ઍલોપથી સાથે આયુર્વેદની જાણકારી એકંદરે ઉપકારક કરી. પોતાની જાત પર આવા કેટલાક પ્રયોગો પણ એમણે કરેલા. આવો એક પ્રયોગ સ્વમૂત્ર-ચિકિત્સા (શિવામ્બુ)ને લગતો હતો.

શિવપ્રસાદભાઈએ ઉમરેઠ અને આસપાસનાં ગામોના સંખ્યાબંધ દર્દીઓની અરધી સદીથી પણ વધુ સમય સુધી સેવા કરી હતી. આ ઉપરાંત ઉમરેઠની સંસ્કાર-પ્રવૃત્તિઓ સાથે પણ તે એટલા જ પ્રેમથી જોડાયેલા રહ્યા. ગામમાં ચાલતી સાહિત્ય, સંસ્કાર અને શિક્ષણની પ્રવૃત્તિઓ સાથે તેમને વિશેષ લગાવ રહ્યો. ઉમરેઠની સાર્વજનિક મયારામ જોઈતારામ લાઈબ્રેરીના વર્ષો સુધી તેઓ ચેરમૅન રહ્યા હતા અને એક તબક્કે તો પોતાની અંગત લાઈબ્રેરીમાંથી

મોટી સંખ્યામાં પુસ્તકો અને સામયિકો પણ એને ભેટ આપ્યાં હતાં. ઇન્ડિયન મેડિકલ ઍસોસિયેશનની ઉમરેઠ શાખાના માનદ્ મંત્રી તરીકે સતત ૪૦ વર્ષો સુધી તેમણે સેવાઓ આપી હતી. ૮૦ વર્ષની વયે આ પદેથી નિવૃત્તિ લીધી ત્યારે એમની આ સેવાઓને બિરદાવવા સંસ્થાના સાથી તબીબોએ ઇન્ડિયન મૅડિકલ એસોસિયેશનની ગુજરાત શાખાના તત્કાલીન પ્રમુખ ડૉ. કૃષ્ણજીવન મો. ગાંધીના પ્રમુખપદે એક સ્નેહમિલનનું આયોજન પણ કરેલું. ૭મી જાન્યુઆરી ૧૯૯૦ના એ રવિવારના સમારંભમાં અમદાવાદથી પત્રકાર-કટારલેખક શ્રી વિદ્યુત ઠાકર અને મને અતિથિવિશેષ તરીકે હાજર રહેવાનું સદ્ભાગ્ય સાંપડ્યુ હતું ત્યારે આ સેવાપરાયણ સંસ્કાર-પુરુષને ઉમરેઠની જનતા કેટલું ચાહતી હતી તેનો પ્રત્યક્ષ પુરાવો સાંપડ્યો હતો.

શિવપ્રસાદભાઈએ 'કુમાર' સહિત અનેક સામયિકોમાં લખ્યું, તો 'ગુજરાત સમાચાર' દૈનિકમાં, અઠવાડિયે એક વાર 'શરીર અને આરોગ્ય' નામની લેખમાળા સોળ વર્ષ સુધી લખી. આ ઉપરાંત, 'જનસત્તા' દૈનિકમાં ત્રણ વર્ષ સુધી લખ્યું, તો 'શ્રી'માં જાતીય વિજ્ઞાનવિષયક 'પ્રશ્નોત્તરી'ની કટાર પણ લાંબા સમય સુધી સંભાળી હતી.

એમણે લગભગ ૩૩ પુસ્તકો લખ્યાં છે, જેમાંથી 'તબીબી વિજ્ઞાનની શોધો,' 'આપણું શરીર' 'વૈદક વિજ્ઞાનના મહારથીઓ' અને 'હૃદયની સંભાળ' એ ચાર પુસ્તકો અંગ્રેજીમાંથી અનૂદિત છે. એમણે 'ત્રણ ઠગ' (૧૯૪૧), 'સુરભિ' (૧૯૪૧) અને 'જંગલનું વેર' (૧૯૫૭) નામે ત્રણ પુસ્તક કિશોરો માટે લખ્યાં છે, જે વાર્તાસ્વરૂપે છે. આ ઉપરાંત આશરે ૫૦ ચિત્રો સાથે પશુ-પંખી સૃષ્ટિનો પરિચય કરાવતું 'પૂછડાં ને પાંખો' (૧૯૫૭) નામનું કિશોરભોગ્ય પુસ્તક પણ લખ્યું છે. એમના 'તારુણ્યની તાસીર' (૧૯૭૭) પુસ્તકને ગુજરાતી સાહિત્ય પરિષદનું ૧૯૭૬-૭૭ના વર્ષ માટેનું 'શ્રી બી.એન. માંકડ પારિતોષિક' મળ્યું હતું અને એમનાં પાંચેક જેટલાં પુસ્તકોને ગુજરાત સરકાર દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યાં હતાં. 'પર્યાવરણ અને પ્રદૂષણ' (૧૯૮૯) જેવા વિષય ઉપર પણ એમણે આ શીર્ષક હેઠળ પુસ્તક લખ્યું છે. સંખ્યાબંધ સામયિકો, વિવિધ વર્તમાનપત્રો વગેરેમાં પ્રસિદ્ધ થયેલા લેખોમાંથી પસંદ કરીને પ્રસિદ્ધ કરવામાં આવે તો હજુ વધુ પુસ્તકો મળે. આ ઉપરાંત, 'દાક્તરી તપાસ,' 'જનહિત કાજે જીવી જાણનારા,' 'દાક્તરનું માર્ગદર્શન,' 'તસવીર,' કૃતજ્ઞતા અને બીજી વાતો,' 'મહિલા પ્રતિભા' અને 'આપણી લાગણીઓ અને વિશિષ્ઠ વર્તન' વગેરે શીર્ષક હેઠળ આશરે સાતેક પુસ્તકો અપ્રકટ રહ્યાં છે. એમના આ બધાં જ પુસ્તકોની યાદી એના પ્રકાશન-વર્ષ સાથે આમે જ કરી છે, તે જિજ્ઞાસુ વાચકને ઉપયોગી થઈ પડશે.

આમ તો શિવપ્રસાદભાઈ અને મારી વચ્ચે વયનો ખાસ્સો ફેર હતો અને એ જ્યારે લખતા થયા ત્યારે તો મારો જન્મ પણ થયો ન હતો. તેમ છતાંય અમારી વચ્ચે મિત્રતા બંધાઈ હતી. આ મિત્રતા આરંભમાં પરોક્ષ હતી, પાછળથી પ્રત્યક્ષ. આના સંદર્ભે એમનું સ્મરણ થતાં જ એક 'મેમરી ફ્લેશ'નો શિકાર થાઉં છું : 'કાયાની કરામત' ગ્રંથ પ્રકટ તો થયો ૧૯૫૯માં, પણ એ બધા લેખો આપણે ઉપર જોયું તેમ, મૂળે 'કુમાર'માં પ્રસિદ્ધ થયા હતા. ૧૯૪૯-૫૦ થી એનો આરંભ થયો હતો અને ચારેક વર્ષ એ લેખમાળા ચાલી હતી. આ લેખમાળા શિવપ્રસાદભાઈની લેખનશક્તિનું ઉત્તમ પ્રકટીકરણ હતું અને તેણે અનેક વાચકોને આકર્ષ્યા હતા. આ લેખમાળાના આરંભના પેલા ત્રણ લેખો પ્રસિદ્ધ થયે આશરે સાત-આઠ વર્ષ થયાં હશે અને બારેક વર્ષનો હોઈશ હું. ઉનાળાની લાંબી રજાઓમાં મારા ઘરમાં 'લાઈબ્રેરી' તરીકે ઓળખાતા વિવિધ ગ્રંથોથી ખીચોખીચ ભરેલા એક અલાયદા વિશાળ ખંડમાં દેશી-વિદેશી સામયિકોની થપ્પીઓ ફેંદતા 'કુમાર'ના ૧૯૪૯-૫૦ના એ અંકો અનાયાસ મારા હાથમાં આવ્યા. એ લેખોની લખાવટ, રજૂઆત અને સાથે આપેલી આકૃતિઓ પર હું વારી ગયો. પિતા અત્યંત જાણીતા સર્જન હોવાને કારણે હું પણ ડૉક્ટર થાઉં એવું વાતાવરણ ઘરમાં હતું ખરું, પરંતુ એ લેખોના વાચને મને તબીબીવિદ્યા તરફ જવા પ્રેર્યો એવું જરૂર લાગે છે. મને ડૉક્ટર બનાવનાર એ લેખોના લેખક પ્રત્યેની કૃતજ્ઞતાની લાગણી મારે અહીં નોંધવી જોઈએ.

યાદ છે ? 'મહાકવિ શેક્સ્પીઅરની નાટ્યકથાઓ' નામનું 'કુમાર'નું પ્રકાશન ? ૧૯૬૫માં એ પ્રસિદ્ધ થયું હતું અને વાર્તાંતર કરનાર હતા. ડૉ. મધુસૂદન પારેખ. પુસ્તકની પ્રસ્તાવના લખી હતી પ્રો. દિગીશ મહેતાએ. એમાં છેલ્લે એક ચોટદાર વાક્ય આવતું હતું. સંગ્રહનું ઉચિત મૂલ્ય આંકતું એ વાક્ય એટલું તો સચોટ હતું કે એ કાળે પુસ્તકની જાહેરાતમાં પણ એ છૂટથી મુકાતું. યાદ રહી જાય તેવું એ વાક્ય આ હતું : 'આજથી દસકાઓ પછી ગુજરાતનો કોઈ તરુણ વાચક રજાઓમાં અભરાઈઓ ફીંદતો હશે, તેને એક એવી ચોપડી મળી આવશે, જેની લખાવટ તેને જકડી રાખશે, જેનું વસ્તુ તેને અનન્ય કારણોસર રીઝવી જશે... અને ત્યારે આ વાર્તાંતરોનું કામ શરૂ થયું ગણાશે, તે પછી એ આપણો વારસો બની જશે.'

શેક્સ્પીઅરની નાટ્યકથાઓના પુસ્તકની પ્રશસ્તિ કરતું દિગીશ મહેતાનું આ વાક્ય, 'કુમાર'ની જૂની ફાઈલો, એમાંના લેખો - કોણ જાણે કેમ, પણ બધું એકરસ થઈ સ્મૃતિનો સીલસીલો વહેવા માંડે છે.

સ્મૃતિનો આવો બીજો ઝબકારો શિયાળાની એક સવારનો છે. ઉપરની ઘટના પછી, વર્ષો બાદ, મારા આશ્ચર્ય વચ્ચે સામે ચાલીને તે મારે ઘેર મને મળવા આવ્યા. અને પછી તો જ્યારે જ્યારે અમદાવાદ આવતા ત્યારે અમે લગભગ મળતા. વચ્ચે વચ્ચે પત્રવ્યવહાર પણ ચાલતો. દિવાળીમાં કાર્ડ તો અચૂક આવે જ. પણ આ બધું હવે નહીં થાય તે વિચાર ખિન્ન કરે છે. વાતવાતમાં એમની

તકિયાકલમ હતી : 'વાંચવાનું શું ચાલે છે ?' - સહેજ અસ્પષ્ટ ઉચ્ચારે. તે હવે સાંભળવા નહીં મળે. 'સાહિત્યકાર' તથા 'સાક્ષર'ની હરોળમાં આરૂઢ થઈ શકવાની સઘળી લાયકાત ધરાવવા છતાંય એમની ગણતરી એમાંથી એકેયમાં કરવામાં ન આવતી હોવાનું એમને લાગ્યા કરતું અને ઘણીવાર આવી ઉપેક્ષાથી એ દુઃખી થઈ જતા. આવા શિવપ્રસાદભાઈ સ્વમાની અને કાંઈક અંશે મિજાજી. ખરા ક્યારેક માઠું પણ લગાડે, પણ એકંદરે ખાસા ખુલ્લાપણાની એમની તાસીર હતી. આવા માણસના આશ્લેષમાં બધું જ આવી શકે. પરિણામે વયભેદ અને મતભેદને વળોટીને બિરાદરી બાંધવાનું એમની સાથે સહજ હતું. એમના જેવી જ્ઞાની અને ખુલ્લા દિલની વ્યક્તિ જ નાવમાં નદી ડૂબવાની આવી વાત કરી શકે. જુઓ જાન્યુઆરી ૧૯૯૧નું 'બુદ્ધિપ્રકાશ'. એમાં 'વૈદ-દાક્તરોનો સાહિત્યમાં ફાળો' લેખમાં એમણે આવું લખી માર્યું : 'ગુજરાત યુનિવર્સિટીના મેડિકલ ઑફિસર ડૉ. કાંતિલાલ શાહ અને ડૉ. સુશ્રુત પટેલની મિત્રતાએ મને વાચન અને લેખનમાં સદાય પ્રવૃત્ત રાખ્યો છે. ડૉ. કાંતિલાલ શાહના 'વારસાવિજ્ઞાન' અને 'પોષણ'નાં પુસ્તકો અને પર્યટનના ને ખગોળ વિજ્ઞાનના શોખીન ડૉ. સુશ્રુત પટેલના આ વિષયોના 'કુમાર' માસિકમાં પ્રગટ થયેલા રસાળ શૈલીના લેખો, જિજ્ઞાસુ અને જ્ઞાનેપ્સુ વાચન માટે, સદાના માટે અમૂલ્ય નવાજિશ છે.' સમવયસ્ક ડૉ. કાંતિલાલ અ. શાહ માટે આવું લખે તે સમજાય, પણ... મારે માટે તો પીઠથાબડ જ વળી !

આવી અવળવાણી લખી ગયેલા શિવપ્રસાદભાઈની સામે એક ગંભીર ફરિયાદ છે, તહોમત છે. છેતરપીંડી ઉર્ફે વંચના-છળ અને મેમરી ફ્લેશની વણઝારનું પૂર્ણવિરામ પણ. વાત આમ છે :

એપ્રિલના આખરી દિવસો હતા. શિવપ્રસાદભાઈનાં પત્ની મધુબહેનનો ફોન આવ્યો. અમદાવાદમાં એમનાં દીકરી મીનાબહેનને ત્યાં જ હંમેશની જેમ બંને ઊતર્યાં હતાં. (એમને બે દીકરીઓ - એક તો મીનાબહેન ભટ્ટ અને બીજાં તે પ્રતિમાબહેન ભટ્ટ જ વડોદરા રહે છે.) પાંચમી મે ૧૯૯૪ના ગુરુવારના રોજ હું બંનેને મળવા ગયો. સાથે કૅમેરા પણ હતો. રંગીન તસવીરો પડાવવા માટે બંનેને પહેરેલાં કપડે મનાવી લીધાં. સવારના તડકમાં બંનેના જુદા જુદા 'પોઝ'માં ફોટા પાડ્યા. એમની સ્મૃતિ મંદ પડી હતી, થોડા નંખાયા હતા પણ 'વાંચવાનું શું ચાલે છે ?' એવું એવું અને થોડી અલકમલકની વાતો કરી છૂટા પડ્યા. રોલ નવો જ ભરેલો એટલે પૂરો કરતાં ઠીક ઠીક દિવસો લાગવાના હતા. એ દરમિયાન બરાબર ૩૧ દિવસ બાદ એક ગુરુવારે જ શિવપ્રસાદભાઈના અવસાનના સમાચાર મને મળ્યા. મેં લીધેલી એમની છબીઓનું દસ્તાવેજી મૂલ્ય દેખીતી રીતે જ હવે વધી ગયું હતું. કદાચ એ એમની આખરી જ તસવીરો હશે. યાદગીરીરૂપે મધુબહેને પણ એ છબીઓ માંગી. મેં ઝટપટ રોલ પૂરો કરી, 'ડેવલપ' કરાવ્યો ત્યારે મારા આશ્ચર્ય અને આઘાત વચ્ચે આખા રોલમાં બંનેની એક પણ છબી ઊપસી ન હતી ! આવું ભાગ્યે જ થતું હોય છે. પણ આ એક હકીકત હતી. મધુબહેનને શિવપ્રસાદભાઈ સાથેની એમની અંતિમ તસવીરો ન આપી શકવાનો વસવસો તો રહ્યો જ, પણ આને વિધિની ક્રૂર મજાક ગણવી કે પછી શિવપ્રસાદભાઈનું 'ચીટિંગ' ? ન જાને ! ❑

ડૉ. શિવપ્રસાદનાં પુસ્તકો

૧.	ત્રણ ઠગ	(૧૯૪૧)
૨.	સુરભિ	(૧૯૪૧)
૩.	જંગલનું વેર	(૧૯૫૭)
૪.	પૂછડાં ને પાંખો	(૧૯૫૭)
૫.	પહેલું સુખ તે જાતે નર્યા ગુજરાત સરકાર દ્વારા પુરસ્કૃત.	(૧૯૫૭)
૬.	કાયાની કરામત. ભાગ-૧, ૨ ગુજરાત સરકાર દ્વારા પુરસ્કૃત.	(૧૯૫૯)
૭.	શરીરની સાચવણ ગુજરાત સરકાર દ્વારા પુરસ્કૃત.	(૧૯૬૦)
૮.	જીવનની જુગતી (૧૯૬૩) ગુજરાત સરકાર દ્વારા પુરસ્કૃત.	
૯.	માંદગીનાં મૂળ ગુજરાત સરકાર દ્વારા પુરસ્કૃત.	(૧૯૬૫)
૧૦.	સમાજનું સ્વાસ્થ્ય ગુજરાત સરકાર દ્વારા પુરસ્કૃત.	(૧૯૬૭)
૧૧.	તબીબી વિજ્ઞાનની શોધો (અનુવાદ)	(૧૯૬૭)
૧૨.	આપણું શરીર (અનુવાદ)	(૧૯૬૮)
૧૩.	વૈદક વિજ્ઞાનના મહારથીઓ (અનુવાદ)	(૧૯૬૮)
૧૪.	પોષણ	(૧૯૬૯)
૧૫.	શરીરની સુખાકારી	(૧૯૭૦)
૧૬.	આહાર અને આરોગ્ય	(૧૯૭૨)
૧૭.	હૃદયની સંભાળ (અનુવાદ)	(૧૯૭૨)
૧૮.	તારુણ્યની તાસીર ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પુરસ્કૃત.	(૧૯૭૭)
૧૯.	ડૉક્ટર આવતા પહેલાં	(૧૯૭૭)
૨૦.	આજનાં અદ્‌ભુત ઔષધો	(૧૯૮૦)
૨૧.	કેન્સરને સમયસર ઓળખો	(૧૯૮૨)
૨૨.	ઘડપણ પુરસ્કૃત.	(૧૯૮૨)
૨૩.	ઔષધોની માઠી અસરો	(૧૯૮૨)
૨૪.	હૃદય મજબૂત બનાવો	(૧૯૮૩)
૨૫.	સ્ટ્રેસ-તાણ	(૧૯૮૫)
૨૬.	લોહીનું દબાણ	(૧૯૮૫)
૨૭.	તંદુરસ્ત બાળક : તંદુરસ્ત માતા	(૧૯૮૯)
૨૮.	દારૂ, તમાકુ અને કેફી દ્રવ્યોનું સેવન	
૨૯.	દાક્તરની દ્રષ્ટિએ	
૩૦.	કુષ્ટ રોગ	
૩૧.	કામના : જાતીય શિક્ષણ પર.	
૩૨.	આંખનું જતન અને દષ્ટિનિવારણ.	
૩૩.	પર્યાવરણ અને પ્રદૂષણ	(૧૯૮૯)

ચોકીદાર

બહાદુરભાઈ જ. વાંક

દસ વર્ષની જેમ સજા ભોગવીને બહાર આવ્યાને દોઢ-બે માસ થઈ જવા છતાં અબ્દુલના ચિત્તમાં ગજબનો અજંપો ઘૂંટાઈ રહ્યો હતો. આખા શહેરને વીંધીને હજુ પણ જેલનો પડછાયો તેની પાછળ ને પાછળ કેમ દોડ્યો આવતો હશે ? સીલ થઈ ગયેલા પોતાના નામ ઉપર ચોંટી ગયેલો કેદી નંબર ૩૯૧નો આંકડો હજુ પણ પોતાના અસ્તિત્વને કેમ ભારડો લઈ રહ્યો હશે? ફાંસીના ગાળિયા જેવા પ્રશ્નોથી તે વધુ ને વધુ ઉદ્વિગ્ન બની ગયો.

વહેલી સવારના મુલ્લાએ બાંગ પોકારી. મસ્જિદનું થોડું કામ આટોપી, મુસલ્લા ઉપર બેસી તે નમાજ પઢવા બેસી ગયો. નમાજ પઢવામાં તેનું ચિત્ત બરાબર ચોંટ્યું નહીં. ખુદાને જાણે છેતરી રહ્યો હોય તેમ લાગતાં તે ઊભો થઈ ગયો. ધીમેધીમે મસ્જિદના ગ્રાઉન્ડમાં ચારે તરફ આંટો માર્યો. કાસમ સંધીનું ફાર્મ છોડ્યા પછી તેને કોઈક રહમદિલની દયાથી મસ્જિદમાં ચોકીદાર તરીકેની નોકરી મળી ગઈ હતી. સાથેસાથે તે મસ્જિદની સાફસૂફીનું તેમજ અન્ય પરચુરણ કામ પણ સંભાળતો હતો. તેને સંતોષ તો એ વાતનો હતો કે મસ્જિદમાં જ તેના રહેવા-જમવાની વ્યવસ્થા પણ થઈ ગઈ હતી.

જેલમાં હતો ત્યારે તેણે ગેબનશા પીરની માનતા માની હતી. આજે ચિત્ત વધારે પડતું અશાંત થઈ જતાં મસ્જિદની બાજુમાં જ આવેલા ગેબનશા પીરની જગ્યાએ માનતા પૂરી કરવા અને નાળિયેર વધેરવા તે ચૌતરફ નજર ઘુમાવતો આવ્યો. ગેબનશા પીરની દરગાહ ઉપર લહેરાતી ધજાને કુર્નિશ બજાવી, તેણે દરબારના મુલ્લાના હાથમાં નાળિયેર મૂક્યું. મુલ્લાએ નાળિયેર વધેરતાં જ તેને જોયું તો નાળિયેર ખરાબ નીકળ્યું. તેને કંઈક ધ્રાસકો પડ્યો. શૂનમૂન બનીને નાળિયેરમાંથી નીકળેલા ખરાબ પાણીને જોતાં જોતાં જ તેને કેટલાય અમંગળ વિચારો આવી ગયા. અચાનક તેને જન્નતનશીન થઈ ગયેલી પોતાની ઓરત અને પ્યારી પુત્રી યાદ આવી ગયા. તેનું હૃદય ભારે થઈ ગયું. કુટુંબમાં પણ હવે નજીકના કોઈ સગાંસંબંધી રહ્યાં નહોતાં. જે કોઈ હતાં તે પણ સુલેમાન પંજાની ધાકથી શહેર છોડી ગયાં હતાં. તેનું મકાન પણ સુલેમાન પંજાના માણસોએ ધાકધમકીથી પડાવી લીધું હતું.

ધાકધમકી. દાદાગીરીથી એક જમાનામાં શહેરમાં તેનો ડંકો વાગતો હતો. ભૂતકાળમાં પોતાના પ્રતિસ્પર્ધી સુલેમાન પંજાના કેટકેટલા માણસોને તેણે મોતને ઘાટ ઉતારી દીધા હતા ! હંમેશ પોતાના શ્વાસમાં આળોટી રહેલી વાઘના ગંધાતા મોં જેવી દુર્ગંધથી તેણે પોતાની જિંદગીને કેવી તબાહ કરી નાખી હતી !

હજુ પણ એ જ દૃશ્યો... એ જ જેલ. જેલમાં ભોગવેલી એ જ ભયંકર યાતના... બરફની પાટો ઉપર તેને ચત્તો સુવડાવી ઢોરમાર મારતો શેરખાન... નગ્ન કરીને તેની જાંઘોમાં ફળફળતા ડામ આપતો શેરખાન....

અહીં બેઠાબેઠા જ તેને આખા શરીરમાં ગજબની તૂટ અને કળતર ઊપડી આવ્યાં. હવે તો તેના માટે શેષ રહી ગયો હતો માત્ર તેનો નપૂંસક આક્રોશ ને લથડિયાં ખાતી તેની જિજીવિષા ! સમયના ડહોળાયેલાં જળમાં ડૂબકી ખાતી જિજીવિષાની આસપાસ ઘેરો ઘાલીને બેઠા હતા સુલેમાન પંજા અને તેના ખૂંખાર માણસો.

યા અલ્લાહ....બોલતાંકને અબ્દુલ દરગાહમાંથી બહાર નીકળ્યો. ફરીને ચારે તરફ નજર ઘુમાવતા તે મસ્જિદે આવ્યો... મસ્જિદમાં થોડું પરચુરણ કામ પૂરું કરીને મને-કમને ખુદાની બંદગીમાં પડી ગયો. ચૌતરફ નજર ઘુમાવી તેણે આંખો મીંચી...ને દૂર ના કહી શકાય એવા હસનચાચાનો ચહેરો તેના ચિત્તમાં ઘૂંટાવા લાગ્યો...

કેવા પરગજુ હસનચાચા ! જેલમાંથી છૂટીને સૌપ્રથમ તેણે હસનચાચાના ઘરે જ આશરો... વર્ષો પછી પહેલી જ વખત નાહી-ધોહીને તેણે અરીસામાં જોયું. ને તે જબ્બર આંચકો ખાઈ ગયો. ઈન્સ્પેક્ટર શેરખાને ધગધગતા સળિયાથી તેના કપાળ ઉપર કોતરી આપેલો ડાઘ તેને સાપની ફેણ જેવો જ લાગ્યો !

તેની વેદનાને પામી જઈને હસનચાચા બોલ્યા : 'હવે બધું ભૂલીને તું કોઈપણ ધંધે લાગી જા. ખુદાનો ખોફ રાખીને જીવશે તો ખુદાતાલા બધું સરખું કરી દેશે. સિર્ફ હોશકો સંભાલના...'

તે જેલમાંથી છૂટ્યો હોઈ તેની ખુશાલીમાં હસનચાચાએ દૂધપાક-પૂરીનું ભોજન તૈયાર કરાવ્યું. તે જમવા બેઠો. પણ દૂધપાક ગળામાં જ ઊતારી શક્યો નહીં ! કોણ જાણે જેલની પાણી જેવી પાતળી દાળ પણ તેને દૂધપાક જેવી લાગતી હતી, જ્યારે આજ સામે પડેલો દૂધપાક પણ ઝેર જેવો ...!

રાત્રે પથારીમાં લાંબો થયો. અગ્નિશય્યા ઉપર સૂતો હોય તેમ તેને લાગ્યું. આખી રાત ઊંઘ ન આવી શકી. આંખોનાં પોપચાં વચ્ચે જેલની દીવાલોની પથરીલી કાળાશ જ...

હસનચાચાના આશ્રયે રહી તે કંઈક કામ ધંધો મેળવી ઠેકાણે પડવા આજે બહાર નીકળ્યો હતો. બહારનો તડકો તેને ફળફળતી લૂ જેવો અને છાંયો ઠરી ગયેલી રાખ જેવો લાગતો હતો. હાથમાં હજુય અનુભવાતું બેડીઓનું વજન...આંખોમાં સસલાની ભીરુતા.... નજરમાં કાંપતા રસ્તાઓ... મકાનો....માણસો...નિસ્તબ્ધ હવામાં તળિયે બેસી ગયેલી શહેરની મરણચીસ... પોતાની મરણચીસ....

ચહેરા ઉપર ચોંટી ગયેલા ગુનાખોરીના બુરખાને છુપાવતો તે આગળ વધ્યો. દસ વર્ષમાં શહેરમાં કેટલું બધું બદલાઈ ગયું હતું ! નવાં બિલ્ડિંગો, નવાં મકાનો ને નવા નવા માણસો.... પણ બદલાયો નહોતો એક માત્ર સુલેમાન પંજાનો ભૂતકાળ. શહેરનો અમુક વિસ્તાર હજુ પણ સુલેમાન પંજાના ઈલાકા તરીકે જ ઓળખાતો હતો ! ને એ વિસ્તાર કોણ જાણે તેને કબ્રસ્તાન જેવો જ...

ચોરનજરે આગળ વધતા કેટલાક જૂના માણસોની નજર તેના ઉપર પડી. દરેકની નજર અત્યારે તેને ખંજર જેવી લાગી. અચાનક

કેટલાક જૂના મિત્રોનો તેને ભેટો થઈ ગયો. બધા તેને આગ્રહ કરીને ચા પીવા હોટેલમાં ઢસડી ગયા. બધાના આગ્રહથી તેણે ચા પીધી. મિત્રોએ તેના ખબરઅંતર પૂછતા સિગરેટની ઑફર કરી. પણ તેણે સિગરેટ અને એવું બધું પીવાનું સાવ છોડી દીધું છે તેમ જણાવ્યું. છતાંય એક મિત્રે સિગરેટ સળગાવીને આગ્રહપૂર્વક તેના હાથમાં પકડાવી. તેણે એકાદબે કંસ ખેંચ્યા હશે ત્યાં તેને 'હસનચાચાના શબ્દો યાદ આવી ગયા... 'હોશકો સંભાલના....' ને તેણે સિગરેટનો ઘા કરી દીધો. મિત્રોને આશ્ચર્ય થયું.

થોડી વાર પછી એક મિત્ર બોલ્યો : 'અબ્દુલ, તું અમારી ગેંગમાં આવતો રહે. ધંધામાં તારો પણ અડધો ભાગ...'

પણ અબ્દુલે આવા કોઈ ધંધામાં જોડાવાની સાફ ના પાડી દીધી. પેલાએ કોઈપણ રાજકીય પક્ષમાં સ્થાન અપાવવાની લાલચ આપી.

અબ્દુલ બોલ્યો, 'મારે હવે ખુદા સિવાય કોઈના પણ પક્ષમાં જોડાવું નથી કે નથી મેળવવો કોઈ પણ પ્રકારનો રાજકીય લાભ...'

ફરીને કેટલાક મિત્રોએ તેને પોતાના કાળા ધંધામાં જોડાઈ જવા આગ્રહપૂર્વક વિનંતી કરી, પણ અબ્દુલનો તો દરેકને એક જ જવાબ હતો : 'હવે આવા કોઈ ધંધામાં પડવાની મારી ઈચ્છા જ નથી... બધું ખૂબ ભોગવી લીધું. હવે તો નેકીનો જ રોટલો...'

'પણ અબ્દુલ, તારી મથરાવટી એવી મેલી છે કે કાળા ધંધા સિવાય તેને કોઈ પડખે ચઢવા નહીં દે. બાકી હજુ પણ તારો ફૂંફાડો જ કાફી છે. તું ધારે એટલા પૈસા એમ ને એમ પણ મેળવી શકે તેમ છે. હજુય શહેરમાં તારું નામ...'

પણ અબ્દુલ તો પોતાની વાતને જ વળગી રહ્યો : 'હું મજૂરી કરીને પેટિયું રળી ખાઈશ, પણ ખોટું તો કંઈ જ નહીં કરું'

'પણ તારી આ ઈચ્છાને ઓલા લોકો પૂરી નહીં જ થવા દે. એ બધા તો હજુ પણ તારી પાછળ જ...'

'ઓલા લોકો એટલે ?' અબ્દુલની આંખો પહોળી થઈ ગઈ.

એક જણ સ્પષ્ટતા કરતાં બોલ્યો : 'હજુ પણ સુલેમાન પંજા અને તેના માણસો તારી જ વાટ જોઈને શહેરમાં ઘૂમતા ફરે છે. ક્યારે અબ્દુલ જેલમાંથી બહાર નીકળે ને ક્યારે તેનો ખાતમો..'

ને અબ્દુલના રૂવાં ઊભા થઈ ગયાં. જોકે તેને એ વાતની ખાતરી તો હતી જ કે સુલેમાન પંજા અને તેના માણસો તેને શહેરમાં ઠરી ઠામ થઈને રહેવા તો નહીં જ દે. ભય અને દ્વિધાની લાગણીને છુપાવતા તે બોલ્યો : 'હવે હું તેની સાથે વેર વધારવા માગતો નથી.. બની શકે તો તેની સાથે સમાધાન જ....'

'પણ સુલેમાન પંજા કે તેના માણસો કોઈ પણ રીતે સમાધાન જ કરવા માગતા નથી. એ લોકો તો એવી જ તૈયારીમાં છે. અબ્દુલ જેલમાંથી બહાર આવે કે તરત જ...'

તો વળી કોઈકે તેને સલાહ આપી : 'એ તારું ખૂન કરી નાખે એ પહેલાં જ તું એનું...'

બધાની વાત સાંભળીને અબ્દુલનું માથું જ ફરી ગયું.

અબ્દુલ કામ મેળવવા માટે કેટલીયે જગ્યાએ ગયો. પણ કોઈએ તેને જોઈને ઉમંગ-ઉત્સાહ જ દર્શાવ્યા નહીં, જાણે બધા જ તેનાથી દૂર દૂર કેમ ન રહેવા માગતા હોય ! શહેરમાં જાણે બધા જ માણસો તેની જાસૂસી કરી રહ્યા હોય તેમ જ તેને લાગ્યું. બધી જ જગ્યાએ જાણે સુલેમાન પંજાની ધાકનો પડછાયો ફરી વળ્યો તેમ તેને ક્યાંય પણ કામ ન મળી શક્યું. છૂટક મજૂરી કરીને તેણે થોડાક રૂપિયા ખિસ્સામાં મૂક્યા ત્યારે ખિસ્સામાં જાણે કસ્તુરી જ મૂકી દીધી હોય તેવી તેને આનંદની લાગણી થઈ આવી. પણ પાછું સુલેમાન પંજાનું સ્મરણ થતાં જ....

સાંજના રખડી રખડીને તે હસનચાચાના ઘરે આવ્યો. ઘરે આવતાં જ હસન ચાચા બોલ્યા : 'સુલેમાન પંજાના માણસો મારા ઘરે આવ્યા હતા.'

અબ્દુલને ફરી ધ્રાસકો પડ્યો : 'એય બરાબરનો મારી પાછળ જ પડી ગયો છે... નહીં તો હું હવે તેની સાથે કંઈપણ વેરભાવ રાખવા માગતો નથી.'

'હું પણ એ જાણું છું. મેં પણ એને સમાધાન કરી લેવા માટે વિનંતી કરેલ પણ...'

'તો એ બધાનું શું કહેવાનું થાય છે ?'

'એ લોકો સાવ નીચી કક્ષાના માણસો છે. તેઓ કોઈ પણ પ્રકારનું સમાધાન જ કરવા માગતા નથી. ઊલટાના મને ધમકી આપી ગયા - અબ્દુલને આશરો આપ્યો છે તો તમારી ખેર નથી... જાણે કેમ તેમનું જ રાજ હોય...'

'હા, ચાચા હવે શહેરમાં તો તેમનું જ રાજ ચાલે છે. માત્ર તેમની ધાકથી મને શહેરમાં ક્યાંય કામ પણ ન મળી શક્યું. હવે તમને તકલીફ ન થાય એ માટે હું બીજે ક્યાંય ચાલ્યો જઈશ.'

'ના, તારે ક્યાંય જવાની જરૂર નથી. મેં મારા ઓળખીતા યાકુબના કારખાનામાં તારા માટે ચોકીદાર તરીકેનું નક્કી કરાવ્યું છે. સાથે ત્યાં જ રહેવાની વ્યવસ્થા પણ..'

અબ્દુલ ગળગળો થઈ ગયો. એ રાત્રે તેને બારીમાંથી જોયું તો સુલેમાન પંજાના કેટલાક માણસો હસનચાચાના ઘરની આસપાસ જ ચક્કર લગાવી રહ્યા હતા.

અબ્દુલ ચોકીદાર તરીકે યાકુબના કારખાનામાં...

એક માથાભારે માણસ સમજીને જ યાકુબે અબ્દુલને ચોકીદાર તરીકે નોકરીમાં રાખ્યો હતો. અબ્દુલ પણ પોતે સુધરી ગયો છે કે કોઈથી સહેજ પણ દબાય છે, એ બાબતનો બહારથી કોઈને અણસાર પણ આવવા દેતો નહીં. જીવવા માટે પણ બહારથી તેની ધાક એમ ને એમ જળવાઈ રહે તેમ તે પણ ઈચ્છતો હતો. જોકે બને ત્યાં સુધી તે કોઈ સાથે લાંબી લપ્પન-છપ્પન જ કરતો નહીં. ભાગ્યે જ તે કોઈ સાથે વાત કરવાનું પસંદ કરતો. કારખાનામાં કેટલાક પેંધી ગયેલા માણસો પણ તેની ભૂતકાળની ધાકથી સીધા ચાલવા લાગ્યા. થોડા સમય પછી તેના જાણવામાં આવ્યું કે કારખાનામાં સુલેમાન પંજા તરફી કેટલાક માણસો કામ કરે છે, ત્યારે તે બરાબરનો સાવધ બની ગયો. આ પરિસ્થિતિથી વાકેફ થઈને યાકુબે તેને સ્વરક્ષણ માટે

હથિયાર પણ આપ્યું હતું... પણ તેનું વલણ તો બને ત્યાં સુધી કોઈ પણ પ્રકારના ઝઘડાથી દૂર જ રહેવાનું હતું. તેની નિષ્ઠાભરી કામગીરી જોઈને યાકુબે તેનો પગાર પણ વધારી આપ્યો.

થોડા દિવસો પછી તેને ખબર પડી કે હસનચાચાની તબિયત સારી નથી. એટલે કારખાનામાંથી રજા મેળવીને તે હસનચાચાના ઘરે જવા બહાર નીકળ્યો. કોઈની નજર ન પડે તે માટે તેણે રિક્ષા જ કરી લીધી હતી. તેની રિક્ષા થોડેક દૂર પહોંચી હશે, ત્યાં કેટલાક માણસોએ રિક્ષાને ઘેરી લીધી, ને તેને રિક્ષામાંથી બહાર આવવા ફરજ પાડી. રિક્ષામાંથી બહાર આવીને તેણે જોયું તો સુલેમાન પંજાના માણસોએ તેને ઘેરી લીધો હતો. પેલા તેના ઉપર હુમલો કરે એ પહેલાં જ તેણે ખિસ્સામાંથી રિવૉલ્વર કાઢી. બધા સામે તાકતાં બોલ્યો : 'ખબરદાર છે, જો કોઈ આગળ વધ્યું છે તો..'

ને પેલા બધા જ ડઘાઈને આડાઅવળા થઈ ગયા. છતાંય તેને ધમકી તો આપતા જ ગયા : 'હવે તું પણ કારખાનામાં કેટલો સમય નોકરી કરી શકે છે, એ જોઈ લેજે...'

હસનચાચાના ઘરે રિક્ષામાં પહોંચીને તેણે જોયું તો હસનચાચા પથારીમાં કણસતા સૂતા હતા. હસનચાચાને કોઈએ બરાબરના ઢીબી નાખ્યા હતા. આ માર મારનાર સુલેમાન પંજાના જ માણસો હતા, એની અબ્દુલને ખબર પડી ગઈ હતી. છતાં હસનચાચા સુલેમાન પંજાનું નામ જ લેતા નહોતા. અબ્દુલે જ્યારે સોગંદ દઈને પૂછ્યું ત્યારે જ હસનચાચાએ સ્પષ્ટતા કરી : 'તુ ઝઘડો ન કરી બેસે એટલે જ મેં તને સાચી વાત નહોતી કરી. ખુદા એ બધાને સદ્‌બુદ્ધિ આપે.'

અબ્દુલ પાછો પોલીસના લફરામાં સલવાઈ ન જાય એ માટે હસનચાચાએ પોલીસ ફરિયાદ કરવાનું પણ ટાળ્યું હતું. હસનચાચાની પરિસ્થિતિ જોઈને અબ્દુલ ભાંગી પડ્યો. બોલ્યો : 'ચાચા, મને મારી ગુના-ખોરીની દુનિયામાં પાછો વળી જવા દો. એટલે હું પણ એ બધાને...'

'અબ્દુલ, તું મને સુખી કરવા ઇચ્છે છે ?'

'હાસ્તો... તમે સુખી તો હું સુખી...'

'તો ભૂલેચૂકેય બીજી વખત તું મારી પાસે આવી વાત ન કરતો... મેં આપેલી સલાહને તું ભૂલી ગયો લાગે છે - હોશકો સંભાલના...'

અબ્દુલની આંખો ભીની થઈ ગઈ. પછી રસ્તામાં સુલેમાન પંજાના માણસો સાથે થયેલ અથડામણની વાત કરતા બોલ્યો : 'ચાચા, મારી પાસે આજે આ રિવૉલ્વર ન હોત તો એ લોકો મારું જ ખૂન કરી નાખત. યાકુબ શેઠે મને સ્વરક્ષણ માટે આપેલી છે.'

તેની વાત શાંતિથી સાંભળીને હસનચાચા બોલ્યા : 'પણ તે આજે મારું જ ખૂન કરી નાખ્યું હોય તેમ મને લાગે છે !'

વ્યથિત સ્વરે અબ્દુલે પૂછ્યું : 'મને કંઈ સમજાયું નહીં. તમે કેમ આમ બોલો છો ?'

હસનચાચા નારાજગીથી બોલ્યા : 'તે આજે હાથમાં રિવૉલ્વર પકડી ને એટલે...'

'પણ ચાચા ! સંજોગો જ એવા...'

'મારે તારું કંઈ જ સાંભળવું નથી. હું તને વારે વારે શું કહું છું એ ખબર છે ને ? હોશકો સંભાલના... ચાહે કુછ ભી કયોં ન હો જાયે...' ને હસનચાચાનો અવાજ ભારે થઈ ગયો. કંઈક વિચારતા કબાટમાંથી એક વસ્તુ કાઢી તેના હાથમાં મૂકતાં બોલ્યા : 'મારા આ શબ્દોને તું ભૂલી ન જાય તે માટે હંમેશાં તારા ગળામાં ગેબનશા પીરનું આ તાવીજ પહેરજે...'

તે તાવીજ હાથમાં લેતા બોલ્યો : 'ચાચા ! માફ કરો. હવે જિંદગીમાં ક્યારેય બીજી વખત રિવૉલ્વર હાથમાં નહીં પકડું.' ને ખુદાનું નામ લઈ, હસનચાચાને પ્રણામ કરી તેણે તાવીજ ગળામાં નાખ્યું.

કારખાનામાં ફરજ બજાવતા અબ્દુલને એક દિવસ યાકુબે પોતાની પાસે બોલાવ્યો. યાકુબ પાસે આવી તેણે જોયું તો યાકુબનો ચહેરો ચિંતા-દ્વિધાથી બરાબરનો તંગ થઈ ગયો હતો. અબ્દુલ કંઈક દ્વિધાભરી નજરે તેની સામે જોઈ રહ્યો.

જરા રહી યાકુબ બોલ્યો : 'અબ્દુલ, તને વાત કરતાં પણ મને આજે દુઃખ થાય છે.'

'જે હોય તે તમ તમારે કહી દો. મને સહેજ પણ દુઃખ નહીં થાય. તમે જે કંઈ કહેશો એ મારા હિતનું જ હશે.'

'સુલેમાન પંજા તરફથી મને ધમકી મળી છે.' બોલતાં બોલતાં યાકુબનો અવાજ તરડાઈ ગયો.

'હા, હું અહીં નોકરી કરું છું એ માટે જ ને ?' ભારે સ્વરે અબ્દુલ બોલ્યો.

'હા, એ લોકોની ધાકથી આજે પોલીસતંત્ર પણ કાંપતું રહે છે. તેમનાથી વિરુદ્ધ કંઈ પણ કરવું એટલે સામેથી જ મોતને નોતરવું.'

'ભલે, હું અહીંથી ખુશીથી ચાલ્યો જઈશ. મારું તો જે થવાનું હશે તે થશે.'

'ના, તારા માટે મેં નોકરીની બીજી વ્યવસ્થા કરી છે. પણ દુઃખ તો મને એટલું જ છે કે તારા જેવા પ્રામાણિક માણસને મારે સામેથી જ જાકારો આપવો પડે છે.'

'તમે કંઈ પણ મુશ્કેલીમાં આવી પડો એવું હું પણ ઇચ્છતો નથી' ને કંઈક વિચારોમાં ગૂંગતા અબ્દુલ બોલ્યો : 'તમે મારા માટે કઈ જગ્યાએ નોકરીની વ્યવસ્થા કરી છે ?'

'કાસમ સંઘીના ફાર્મ ઉપર તારે ચોકીદાર તરીકે ફરજ બજાવવાની છે.' સ્પષ્ટતા કરતાં યાકુબ બોલ્યો.

અબ્દુલ કાસમ સંઘીના નામથી સારી રીતે પરિચિત હતો. શહેરમાં મોટા પાયે તેની દારૂ અને જુગારની ક્લબો ચાલતી હતી, એ અબ્દુલ સારી રીતે જાણતો હતો. ભૂતકાળમાં કાસમ સંઘી અને સુલેમાન પંજા વચ્ચે કેટલીય વખત અથડામણો થયેલી એ વાતની પણ તેને ખબર હતી. એટલે હવે તે આવા કોઈ માણસ સાથે પનારો પાડવા માગતો નહોતો. આ બધું વિચારીને તેણે ફાર્મમાં નોકરી કરવાની યાકુબને ચોખ્ખી ના પાડી દીધી.

યાકુબ તેને સમજાવતા બોલ્યો : 'મેં બધું વિચારીને જ તારી

નોકરીનું નક્કી કર્યું છે. મારી ભલામણથી કાસમ સંધી પણ તને કોઈ અનિષ્ટ ધંધામાં સાંકળવા માગતો નથી. તારે તો માત્ર ફાર્મ ઉપર તેના બાગ-બગીચાની ચોકીદારી કરવાની છે.'

'હા, એ સાચું... પણ તોય એ લોકોનાં કરતૂતોના મને પણ છાંટા ઊડ્યા વગર ન જ રહે. હું તો આવા માણસોથી દૂર જ...'

યાકુબે તેને ફરી ફરી સમજાવ્યો, અને હિંમત આપતાં કહ્યું : 'ત્યાં તને કંઈ પણ તકલીફ થાય તો હું તારી પડખે જ...'

યાકુબના અતિ આગ્રહથી આખરે તેણે ફાર્મમાં ચોકીદાર તરીકે જોડાવાની હા પાડી દીધી.

કાસમ સંધીનું ફાર્મ.....

અબ્દુલ અહીં ચોકીદાર તરીકે જોડાઈ તો ગયો, પણ ફરજ બજાવવામાં તેને ઘણી ઘણી મુસીબતોનો સામનો કરવો પડતો હતો. વળી, અહીં કાસમ સંધીના કેટલાક માણસો દારૂ પીને પડ્યા-પાથર્યા રહેતા હતા, એ પણ તેને બરાબરનું ખૂંચતું હતું. જોકે તેણે ફાર્મમાં કોઈને પણ દારૂ પીને પ્રવેશવાની મના જ ફરમાવી દીધી હતી.

એક દિવસ કાસમ સંધીના કેટલાક માણસો ફાર્મમાં જ કોઈ છાની જગ્યાએ દારૂ પીને જુગાર રમવામાં વ્યસ્ત હતા, ને તેને આ વાતની ખબર પડી જતાં તરત જ એ જગ્યાએ આવીને બધાને ચેતવણી આપતાં દારૂની બોટલો જ ઊંધી વાળી દીધી. એટલે બધાએ છંછેડાઈને તેના કપડા ફાડી નાખતાં તેને સારો એવો મૂઢ માર માર્યો. તે હવે બરાબરનો રોષે ભરાયો હતો, ને હાથમાં રહેલી ડાંગ બધા ઉપર વીંઝવા જતો હતો, ત્યાં તેને હસનચાચાના શબ્દો યાદ આવી ગયા 'હોશકો સંભાલના...'

ને તેણે ડાંગનો ઘા કરી દીધો. એટલે પેલા બધાએ તેને પકડી રાખીને તેના મોંમાં જ દારૂની બોટલો ઊંધી વાળી દીધી; ને બધા તેને ધમકી આપતાં નાસી છૂટ્યા : 'ફાર્મ તો અમારું જ છે. તારી આવી જોહુકમી અમે નહીં ચલાવી લઈએ. માટે સમજીને...'

અબ્દુલ તો બધાની દાદાગીરી જોઈને સ્તબ્ધ થઈ ગયો. તેણે ઊલટી કરીને દારૂ ઓકી નાખવા પ્રયત્ન કર્યો ને એ જ દિવસે પોતના બિસ્તરા-પોટલા બાંધીને ફાર્મને છેલ્લી સલામ કરી.

....**ને** અત્યારે મસ્જિદમાં ચક્કર મારતાં મારતાં જ તેને બરાબરનાં ચક્કર આવી ગયાં. તેને કાસમ સંધીના ફાર્મમાં જોડાવા બદલ પારાવારનો રંજ થઈ આવ્યો. મસ્જિદના જ કંઈક કામ સબબ ચૌતરફ નજર ઘુમાવતા તે આજે બહાર નીકળ્યો. રિક્ષામાં બેસવા જતો હતો ત્યાં હસનચાચાના કોઈ માણસને પોતાના તરફ દોડી આવતો તેણે જોયો. તે ઊભો રહી ગયો.

પેલો માણસ તેની પાસે આવી હાંફતા હાફતા બોલ્યો : 'પોલીસખાતાના માણસો આજે હસનચાચાના ઘરે આવ્યા હતા. તમને પોલીસચોકીએ તાત્કાલિક બોલાવ્યા છે.'

તેણે બેબાકળા બની પૂછ્યું : 'પણ મને શા માટે બોલાવ્યો છે? મારું વળી એ લોકોને શું કામ...'

'એની તો મને ખબર નથી, પણ મારા સાંભળવા પ્રમાણે ગામમાં બહુ મોટું દંગલ થઈ ગયું છે. આમાં એકાદ-બે ખૂનો પણ...'


'ખૂન ? કોનું ખૂન ? કોણે કર્યું ?' તે આઘાત અનુભવતા પેલાને પ્રશ્નો ઉપર પ્રશ્નો પૂછવા માંડ્યો.

'એની તો મને ખબર નથી. તમે હમણાં જ પોલીસ- ચોકીએ જાવ... નહીં તો બીચારા હસનચાચાને જ....'

વિચારોના જાળામાં અટવાતા અબ્દુલ બરાબરનો નંખાઈ ગયો. છતાં થોડી હિંમત એકઠી કરી તે પોલીસચોકીના રસ્તે વળ્યો. ફરીફરીને એક જ પ્રશ્ન તેના ચિત્તમાં ઘૂંટાઈ રહ્યો હતો - ગામમાં કોનું ખૂન થઈ ગયું હશે ? આમાં મને શા માટે બોલાવ્યો હશે ? તેને તેના મિત્રના શબ્દો યાદ આવી ગયા - અબ્દુલ, તારી મથરાવટી જ એવી મેલી છે કે...ને તેને શરીરે પરસેવો વળી ગયો. પોલીસચોકીએ ઝડપથી પહોંચવા તેણે પગ ઉપાડ્યા, છતાંય તેને એવું લાગતું હતું - પગમાં કોઈએ ખીલા જ કેમ ન ધરબી દીધા હોય !

ચૌતરફ નજર ઘુમાવતો તે પોલીસચોકીના રસ્તે આગળ વધી રહ્યો હતો, ત્યાં દૂરથી જ સુલેમાન પંજાના કેટલાક માણસો ઉપર તેની નજર પડી. ભયના માર્યા એ લોકોથી નજર છુપાવીને ઝડપથી તેણે પોલીસચોકીનો રસ્તો બદલીને બારોબારનો રસ્તો પકડ્યો. એટલા માટે કે સુલેમાન પંજાના માણસોના હાથમાં જો પોતે ચઢી જાય તો એ લોકો તેના રાઈ રાઈ જેવા ટુકડા કર્યા વગર નહીં જ રહે, એ હકીકત પણ તે સારી રીતે જાણતો હતો. એટલે હવે નછૂટકે સુલેમાન પંજા અને તેના માણસોની ગેંગથી બચવા માટે તેણે પગની ઝડપ વધારી. તેને એકદમ શ્વાસ ચઢી આવ્યો. સહેજ ઊભા રહી તેણે પાછળ નજર કરી તો કેટલાક માણસો તેના તરફ જ દોડી આવતા હોય તેમ તેને લાગ્યું. નક્કી સુલેમાન પંજા આજે મને જીવવા જ નહીં દે... દોડતાં દોડતાં જ ફરી તેણે પાછળ નજર કરી તો એક જીપ ધૂળ ઊડાડતી આગળ વધી રહી હતી. સુલેમાન પંજા પણ જીપ રાખતો હતો, તેની તેને ખબર હતી. એટલે આ વખતે વળી તેને થયું, નક્કી સુલેમાન પંજા અને તેના માણસો જીપમાં જ મારો પીછો... તેણે આડો માર્ગ પકડી પાછી ઝડપ વધારી. અચાનક એક પથ્થર તેના પગમાં અથડાયો. તે ગોથું ખાઈને નીચે પડી ગયો ને એક કાળમીંઢ પથ્થર સાથે તેનું માથું જોરથી અફળાયું. માથામાંથી લોહી વહેવાની સાથે જ તે લગભગ બેશુદ્ધ જેવો થઈ ગયો. થોડી વાર પછી કળ વળતાં તેણે ઊભા થવાનો પ્રયત્ન કરતાં માથું ઊંચું કર્યું. જુએ છે તો તે ચારે તરફથી પોલીસથી ઘેરાઈ ગયો હતો. એ ઘેરામાં તેણે બરાબર નજર કરી તો તેની સામે જ રિવૉલ્વર તાકીને ઊભો હતો - શેરખાન !

અબ્દુલની પાસે આવી, તેના ગાલ ઉપર જોરથી એક તમાચો ફટકારી દેતા શેરખાન તાડૂકી ઊઠ્યો : 'બદમાશ, એમ હું તને છટકવા નહીં દઉં. આજ ગામમાં પેલા સુલેમાન પંજાનું ખૂન થઈ ગયું છે, એમાં તારો જ હાથ...!'ને તેણે અબ્દુલને ગળેથી પકડી જોરથી ઝાટકો મારતા જીપમાં બેસાડી દેવા, મરેલા કૂતરાની જેમ પોતાના તરફ ઢસડ્યો. ને અબ્દુલના લોહીથી રંગાઈ ગયેલું, તેણે ગળામાં પહેરેલું પેલું તાવીજ એક બાજુ ક્યાંય ફેંકાઈ ગયું.... ❑



સાંચીનો મહાસ્તૂપ. સાંચીનાં સ્થાપત્યો એ બૌદ્ધ કાળના પ્રાચીનતમ નમૂનાઓ છે. આ સ્તૂપનો કઠેડો પથ્થરનો છે, પણ તે જ્યારે આવા કામમાં બહુધા કાષ્ઠનો જ ઉપયોગ થતો તે કાળની યાદ આપે છે.

ભારતનું
સ્તૂપ સ્થાપત્ય

ઈશાન - ૫

હેમંત વાળા


સ્થાપત્યમાં સ્તૂપ, ચૈત્ય અને વિહાર એ બૌદ્ધ પરંપરામાં વિશેષ જાણીતાં છે. પ્રાચીન ભારતીય સાહિત્યમાં મૃણ્મયગૃહ શબ્દનો ઉલ્લેખ ઘણીવાર જોવા મળે છે, જેનો અર્થ મૃત દેહ માટેનું માટીનું ઘર, કબર કે સ્તૂપ થાય છે. વૈદિક પરંપરામાં મૃતદેહને બાળવાની અને દાટવાની એમ બંન્ને પ્રકારની પ્રથા હતી. આને પરિણામે જ પ્રાચીન ભારતીય સાહિત્ય તથા સંસ્કૃતિમાં મૃત શરીરને દફનાવવામાં આવતા સ્થાન પર મૃણ્મયગૃહ કે તેવી કોઈ રચના કરવામાં આવતી હશે. માટીના આ ગૃહ અર્થાત્ ઢગલાને જે તે સ્થાને ચોક્કસ રીતે નિર્ધારિત કરવા તેની ફરતે પથ્થરથી વર્તુળાકાર સીમારેખા અંકિત થતી. ઋગ્વેદમાં પણ જીવતાઓથી મૃત આત્માને અલગ પાડવા પરિધિ મૂકવાનો ઉલ્લેખ છે. એક અર્થઘટન પ્રમાણે આ પરિધિ એટલે જ પથ્થર વડે રચાયેલી સીમારેખા. પાછળથી પાષાણસ્તંભની આ સીમારેખા સ્તૂપની વેદિકામાં રૂપાંતરિત થઈ હશે તેમ માનવાને પૂરતાં કારણો છે.

સ્તૂપનો મૂળ અર્થ મૃત શરીરને દફનાવી તેના ઉપર ઊભો કરાતો રાશિ કે ઢગ એમ થાય છે. ઋગ્વેદની ૧-૨૪-૭ સંહિતામાં સ્તૂપના અર્થ વિષે વધારે સ્પષ્ટતા કરતાં 'જેની અંદર કાંઈક મૂકેલું છે એવો અસ્થિગર્ભ' જેવો અર્થ બતાવાયો છે. આમ, સ્તૂપના ખ્યાલ તથા તેની રચના વૈદિક કાળથી ચાલી આવી છે, પરંતુ ઉલ્લેખનીય સ્થાપત્ય તરીકે સ્તૂપનું બાંધકામ શ્રમણ સંપ્રદાયને કારણે જ થયું તેમ કહી શકાય. વૈદિક પરંપરામાં મૃતદેહને માટીમાં દફનાવી ઉપર માટીનો ઢગ કરી તેના તથા તેના ફરતે પથ્થર જડાતા. આનાથી માટીના ટેકરા વધુ ટકાઉ બનતાં વાર-તહેવારે તથા મૃત્યુતિથિએ તે સ્થાને મૃતાત્માને અંજલી આપતાં તથા વિવિધ ભોગો ધરતા.

દક્ષિણ ભારતમાં સ્તૂપના સૌથી પ્રાચીન અવશેષો મળી આવ્યા છે. આ સ્તૂપ ભારતમાં બૌદ્ધધર્મકાળ પહેલાં રચાયા હતા. આમ, આ સ્તૂપને બૌદ્ધધર્મ સાથે કોઈ સંબંધ ન હતો. આ સીધાસાધા હતા, જેની રચનામાં વર્તુળાકારે જમીનમાં જડેલા મોટા પથ્થરોની વચમાં માટીનો માત્ર ઢગ જોવા મળે છે. ઘણીવાર પથ્થરની બે હાર કરાતી, જેનાથી પ્રદક્ષિણા-પથ નિર્ધારિત થતો. ભારતીય સંસ્કૃતિમાં મૃતાત્માને માનપૂર્વક જોવાની તથા તેને દેવતુલ્ય ગણવાની ભાવનાના અનુસંધાનમાં આ પ્રદક્ષિણા-પથ બનાવાયો હશે. વળી, બહારની હરોળમાં જમીનમાં ખોડેલા પથ્થરોમાં ચારે દિશાને સન્મુખ આવતા ચાર પથ્થરો થોડા મોટા રખાતા અને તેમાં પણ પૂર્વ દિશાનો પથ્થર સૌથી મોટો રખાતો. પૂર્વ દિશાને અપાતું આવું વિશિષ્ટ મહત્ત્વ વૈદિક ધર્મની ફિલસૂફી પ્રતિબિંબિત કરે છે. આગળ જતાં બૌદ્ધ-શ્રમણ સ્તૂપની રચના પણ આ વૈદિક પરંપરાના પ્રાચીનતમ સ્તૂપની રચના પર નિર્ધારિત થઈ હોવી જોઈએ. ફેર માત્ર એટલો હતો કે બૌદ્ધ-સ્તૂપમાં ચારે-દિશામાં સન્મુખ રચાતાં તોરણો સમાન રહેતાં. તેમાં પૂર્વ દિશાને વિશિષ્ટ મહત્ત્વ અપાતું નહિ.

બુદ્ધના અનુયાયીઓએ ભગવાન બુદ્ધના અવશેષોની પૂજા કરવા માટે એ અવશેષો ઉપર દશ સ્તૂપ બનાવ્યા હતા. પાછળથી બુદ્ધના અન્ય અવશેષો તથા પ્રસાદીનાં સ્થાનો પર વધુ સ્તૂપો પણ બનાવ્યા. સમય જતાં કેટલાક બૌદ્ધ ધર્મી રાજવી અનુયાયીઓએ બૌદ્ધ ભિખ્ખુના અવશેષો પર પણ અન્ય સ્તૂપો રચ્યા, જ્યારે કેટલાક સ્તૂપ મૃતાત્માના અવશેષના સંભારણા તરીકે નહિ પણ ચોક્કસ પ્રસંગ કે સ્થળની યાદ સ્વરૂપે બનાવાયા. આમ, મૂળ મૃતાત્માઓની સ્મૃતિ મકબરા સ્વરૂપે બનાવાતા સ્તૂપની રચનામાં અન્ય પરિમાણો ઉમેરાતાં ગયાં.

શરૂઆતમાં તો બૌદ્ધ-સ્તૂપો પણ માટી-પથ્થરના ઢગ સમાન હતા. આ ઢગને ક્રમશઃ વૈશ્વિક આકાર આપવા તેને અર્ધગોળાકાર ઘૂમટનો ઘાટ અપાયો. આમેય માટી-પથ્થરના ઢગલામાં બનતી શંકુ આકારની ટોચ પ્રમાણમાં ઓછી ટકાઉ જણાતાં તેમાં ફેરફાર કરવાની જરૂર હતી. આ ઢગનો જમીન પરનો વિસ્તાર - પ્લાન - ગોળાકાર રહેતો; જેના સંદર્ભમાં તેની ઊંચાઈ પણ લગભગ અર્ધગોળાકાર બનતી થઈ. વળી, બૌદ્ધધર્મની ફિલસૂફીમાં




બૌદ્ધ પરંપરા પહેલાંના મૃતઘરના અવશેષો. દખ્ખણમાં આવેલા ન્યૂનતમ આવા અવશેષોમાંનું એક


વર્તુળાકારનું ખાસ મહત્ત્વ છે.

આરંભ કાળમાં બૌદ્ધ-સ્તૂપો સાદા બેઠા ઘાટના બનતા. તેમાં અર્ધગોળાકાર ઘૂમટની ચારે બાજુ પ્રદક્ષિણા-પથ માટે કઠેડા વાળી વેદિકા રચાતી. આ પ્રદક્ષિણા-પથ પર ચાર મુખ્ય દિશાઓમાં શોભનમય તોરણ-દ્વાર પણ બનાવાતાં. આ વેદિકા તથા તોરણો શરૂઆતમાં કાષ્ટ તથા વાંસમાંથી બનાવાતાં. કાળાંતરે એ પથ્થરમાંથી બનાવાતાં થયાં. જો કે પથ્થરમાંથી બનાવાતાં આ તોરણો તથા વેદિકા લાકડાની રચનાની પ્રતિકૃતિ જેવાં જ હતાં. ચીન તથા જાપાનમાં પણ બૌદ્ધધર્મ પ્રસરતાં ત્યાં પણ બૌદ્ધ ધર્મસ્થાનોમાં તોરણ-દ્વાર બનવા માંડ્યાં. જે જાપાનમાં 'તોરી' તથા ચીનમાં 'પાઈ-લો' તરીકે ઓળખાતાં-ભારતમાં સ્તૂપના તોરણ-દ્વારોનું સ્થાન સૂર્યના ઊગવા-આથમવાની દિશા પ્રમાણે નક્કી કરાતું. આ તોરણો પર ભગવાન બુદ્ધના જીવનપ્રસંગો કોતરવામાં આવતા. વેદિકા તથા તોરણની રચનાથી સ્તૂપ એ ધાર્મિક અવશેષો પર બનાવાતા સ્મારકમાત્ર ન રહેતાં તેમાં ધાર્મિક ક્રિયાકાંડનું પરિમાણ ઉમેરાઈને સ્તૂપને ચૈત્યનો દરજ્જો મળતો.

સ્તૂપની રચનામાં વેદિકા તથા તોરણ ઉપયોગિતાની દૃષ્ટિએ વધુ મહત્ત્વનાં હતાં. જ્યારે સ્તૂપની ટોચે બનાવાતા છત્રનું પ્રતીકાત્મક મહત્ત્વ વધારે રહેતું. અશોકના સમયથી જ્યારે બૌદ્ધ ધર્મને રાજધર્મનો દરજ્જો મળ્યો ત્યારથી સ્તૂપ પર છત્ર મૂકવાની શરૂઆત થઈ હોય તેમ મનાય છે. સ્તૂપ ઉપરનું છત્ર તે સ્થાનનું ધાર્મિક મહત્ત્વ રજૂ કરવા ઉપરાંત તેનાથી તે સ્મારક રાજ્ય-રક્ષિત છે તેમ પણ નક્કી થતું. સામાન્ય રીતે સ્તૂપના ઉપરના ભાગમાં પણ એક નાની વેદિકા બનાવાતી, જેનો આકાર વૈદિક સંસ્કૃતિની ફિલસૂફી પ્રમાણે ચોરસ બનાવાતો. આ ચોરસની ચારે બાજુઓ ચાર તોરણને સન્મુખ રખાતી; જેથી ઉપરની વેદિકાથી ચારે દિશાઓ પ્રતિબિંબિત થતી. ઉપરની વેદિકાની વચમાં પથ્થરની હર્મિકા બનાવાતી જેમાં મોટે ભાગે મંજૂષા રખાતી. આ હર્મિકા પર વચમાં પથ્થરમાંથી ઘડી કાઢેલી છત્રી અથવા એક પર બીજી એમ હારબંધ ત્રણ-ચાર છત્રી મુકાતી.

સત્તા અને સામર્થ્યના પ્રતીક તરીકે ઘૂમટ-આકાર છત્રનો પ્રયોગ પ્રાચીન ઈજિપ્તનાં ચિત્રોમાં પણ જોવા મળે છે. ઈસુ પૂર્વેની આઠમી સદીમાં ધર્મગુરુ, રાજવી કે સત્તાધીશ વ્યક્તિ પર ઢાળવામાં આવતા ઘૂમટાકાર છત્રનો ઉપયોગ આસિરીઅન સંસ્કૃતિમાં પણ કરાયો હતો. ગ્રીક પ્રજાએ પણ વ્યક્તિનો દરજ્જો દર્શાવવા વિવિધ પ્રકારના છત્રનો ઉપયોગ કર્યો હતો. ભારતમાં છત્ર એ માત્ર આધિપત્યનું પ્રતીક ન રહેતાં ધાર્મિક પ્રતીક પણ બની રહ્યું છે. ભારતમાં છત્રનો સૌપ્રથમ ધાર્મિક ઉપયોગ વામન અવતારમાં જોવા મળે છે. તે ઉપરાંત આદિ શંકરાચાર્યે પણ સામાન્ય બનાવટના છત્રનો ઉપયોગ કર્યો હતો, અને ત્યારબાદ હિન્દુ આચાર્યોએ છત્રનો ઉપયોગ જાળવી રાખ્યો હતો. પરંતુ બૌદ્ધ ધર્મના ફેલાવાથી છત્ર સાથે સંકળાયેલાં ધાર્મિક મૂલ્યો વધુ દૃઢ બન્યાં. સમય જતાં છત્ર એ બૌદ્ધ ધર્મનું પ્રતીક બની ગયું. બૌદ્ધ ધર્મમાં છત્રનું મહત્ત્વ તેમની મૂળ વૃક્ષ-પૂજા પર આધારિત હતું તેમ માની શકાય. વળી, એ પણ શક્ય છે કે ભગવાન બુદ્ધ રાજવી હતા, જેમની સાથે સ્વાભાવિક રીતે રાજવી છત્ર સંકળાયેલું






માટી-પથ્થરના ઢગને દીર્ઘ કાળ સુધી ટકી રહે તેવો બનાવવા તેને અર્ધગોળાકાર સ્વરૂપ અપાતું જેમાંથી કાળાંતરે સ્તૂપનું સ્થાપત્ય વિકસ્યું. (જમણી બાજુ) બર્મામાં આવેલો સપતનો સ્તૂપ

હતું. તેથી બૌદ્ધ અનુયાયીઓએ તેમના ધાર્મિક આધિપત્ય ઉપરાંત તેમના રાજવી સંબંધને પ્રતિબિંબિત કરવા છત્રનો ઉપયોગ વધાર્યો હશે. તેમના અનુયાયીઓ આમ પણ તેમને આધ્યાત્મિક રાજવી ગણતા.

ભારતમાં છત્ર અથવા છત્રી ક્યારથી અને કેવી રીતે સત્તાનું પ્રતીક બની હશે તે કહેવું મુશ્કેલ છે. એ શક્ય છે કે શરૂઆતમાં તાપ તથા વરસાદ જેવાં પરિબળોથી બચવા છત્રીનો ઉપયોગ થયો હશે અને પાછળથી વ્યક્તિ પોતાનું સામર્થ્ય તથા દરજ્જો દર્શાવવા વિવિધ શ્રેણીમાં સુશોભિત છત્રીઓ વાપરતા થયા હશે. હાલમાં પણ ગુજરાતના સૌરાષ્ટ્રની ભરવાડ પ્રજા પોતાની આર્થિક સધ્ધરતા દર્શાવવા સુશોભિત છત્રીઓનો પ્રતીકાત્મક ઉપયોગ કરે છે.


એક પરદેશી ઇતિહાસકારની માન્યતા પ્રમાણે બૌદ્ધ ધર્મના ધાર્મિક મહત્ત્વ ધરાવતા સ્તૂપની રચનાની પ્રેરણા છત્ર પરથી લેવાઈ હતી. પરંતુ આ માન્યતા પાછળ વાસ્તવિક્તા કરતાં તર્ક વધુ જણાય છે. સ્તૂપનો છત્ર આકારનો ઘાટ તે પ્રકારના ઘાટની મજબૂતાઈને કારણે રખાયો છે. અગાઉ જણાવ્યા પ્રમાણે સ્તૂપ તેના પ્રારંભિક તબક્કામાં પથ્થર-માટીનો ઢગમાત્ર હતો, જેનો સહજ આકાર શંકુ-સમાન થતો. આ શંકુની ટોચ પ્રમાણમાં ઓછી ટકાઉ રહેતી હોવાથી તેને હટાવી શંકુ ઉપરથી ચપટા ઘાટનો બનાવાયો. આ ઘાટ પાછળથી અર્ધગોળાકાર ઘૂમટ સમો બનાવાયો. આમ, આ પથ્થર-માટીનો ઢગલો કાળક્રમે ઓપ પામતો ગયો અને સ્તૂપમાં તેનું રૂપાંતર થયું. વળી, તત્કાલીન હિન્દુ મંદિરના શિખરનો ઘાટ પણ શંકુઆકાર રહેતો, જેનાથી બૌદ્ધ-પૂજાસ્થાનની આગવી ઓળખ વિકસાવવા અર્ધગોળાકાર ઘૂમટની રચના વધુ વાજબી હતી. આ આકાર સાથે છત્રના આકારનું સામ્ય એક અકસ્માત ગણી શકાય.

પ્રાચીન સ્તૂપો નક્કર હતા, જ્યારે અમરાવતી તથા ઘંટશાળા શ્રેણીના સ્તૂપોના અંદરના ભાગમાં ઈંટોની દીવાલ રહેતી અને તેની વચમાં માટીનું પુરાણ કરાતું. આ સ્તૂપોની ઉપર ઈંટોનું જડતર પણ કરાતું. સ્તૂપ તેની મૂળભૂત રચનાના પ્રકારને કારણે મજબૂત રહ્યા અને તેથી જ આજ દિન સુધી ટકી રહ્યા છે. સામાન્યતઃ સંપૂર્ણ પુરાણવાળા આ સ્તૂપનું વજન સહજ રીતે જમીન સુધી પહોંચતું, કારણ કે તે ઠોસ હતા. તે ઉપરાંત, વેદિકા તથા તોરણ પર પણ કોઈ પણ પ્રકારનું બાહ્ય વજન લાગુ પડતું ન હોવાથી કાળક્રમે થનારા સંભવિત નુકસાનની શક્યતા પણ ઓછી હતી. તે છતાં પણ વિવિધ માનવીય કારણોસર સ્તૂપનાં તોરણ તથા છત્રને નુકસાન પહોંચ્યાં છે. પરંતુ સ્તૂપનો મૂળ ભાગ માત્ર પોતાનું જ વજન ઝીલતો હોવાથી આજ સુધી એ જ પરિસ્થિતિમાં ટકી રહેલો જોવા મળે છે.



અમરાવતીના મહાસ્તૂપના અવશેષો

સાંચીનો મહા સ્તૂપ મહાન અશોકના સમયમાં બનાવાયેલો. એકાદ સૈકા પછી તેને ઈંટ તથા પથ્થરથી મઢી દેવામાં આવ્યો, જેને પરિણામે તેનો જમીન પરનો વિસ્તાર ૧૨૦ ફૂટ વ્યાસનો તથા ઊંચાઈ ૫૪ ફૂટ થઈ. આ માપ મૂળ સ્તૂપ કરતાં બમણા જેટલું થવા જાય છે. સ્તૂપ પર પથ્થર-ઈંટના જડતર કામની સાથેસાથે તેના પર વેદિકાવાળી એક અગાસી પણ બની, જ્યાં પહોંચવા માટે દક્ષિણ દિશામાં બે સીડી મૂકવામાં આવી. ઉપરની વેદિકાની વચમાં એક ઉપર બીજું એમ ત્રણ છત્ર પણ તે જ સમયગાળામાં મુકાયાં. અન્ય સ્તૂપની જેમ અહીં પણ સ્તૂપની ફરતી વેદિકા છે, પરંતુ તે ઉપરાંત જમીનની સપાટી પાસે અન્ય પ્રદક્ષિણા-પથ બનાવાયો છે. આ પથ લગભગ ૧૧ ફૂટ ઊંચા પથ્થરના સ્તંભો તથા તેમાં આડા પથ્થરના ત્રણ ચોસલા વડે નિર્ધારિત થાય છે. આ સમગ્ર રચના કાષ્ઠ-સ્થાપત્યશૈલીના પ્રતિબિંબ સમી છે. સાંચીના સ્તૂપની ચારે બાજુ ઈસુ પૂર્વેની પહેલી સદીમાં બનાવાયેલાં ચાર તોરણો ખાસ ધ્યાન ખેંચે છે. આ તોરણો ૩૪ ફૂટ ઊંચાં તથા ૨૦ ફૂટ પહોળાં છે. બધાં



સાંચીના સ્તૂપનું ઉત્તરદિશાનું શિલ્પખચિત તોરણદ્વાર

તોરણો દેખાવમાં સરખાં છે, પણ તેમના પર કરવામાં આવેલી લાકડામાં કરી હોય તેવી કોતરણી અલગ અલગ છે. આ સમગ્ર તોરણની રચના બે ચોરસ સ્તંભને આધારિત છે, જેના પર ત્રણ આડી પથ્થરની પટ્ટીઓ મુકાઈ છે. તોરણ પર કરાયેલી કોતરણીનો મુખ્ય વિષય ભગવાન બુદ્ધના જીવન-ચરિત્રને સાંકળતી જાતકકથાઓ છે. આખી રચનાની ટોચે પ્રતીકાત્મક સ્વરૂપે ધર્મચક્ર મુકાયું છે.

સારનાથમાં આવેલ ધર્મરાજિકાનો મૂળ સ્તૂપ પણ અશોકે બનાવરાવ્યો હતો તેવી માન્યતા છે. તેના ભોંયતળિયા પાસેની અલિન્દ કે અગાસી એ આ સ્તૂપની ખાસિયત છે. સ્તૂપ-રચનાના ઉત્તરાર્ધકાળમાં આવી એકસ્તરીય અથવા બહુસ્તરીય અલિન્દની રચના સામાન્ય બની હતી અને ખાસ કીરને ભારતની બહાર બનાવાયેલ સ્તૂપોમાં તો અલિન્દ એ સ્તૂપનું અવિભાજ્ય અંગ બની ગયું હતું. સારનાથમાં આવેલા વિવિધ સ્તૂપો જુદા જુદા સમયે રચાયા હતા. જેમાંનો ધમેખ સ્તૂપ ઇસુની છઠ્ઠી સદીમાં બન્યો હોવાની ધારણા છે. આ સ્તૂપ ભારતમાંના સ્તૂપ-સ્થાપત્યના છેલ્લા પ્રકરણના સાક્ષી સમાન છે અને તેની બાંધણી પણ પ્રારંભિક સ્તૂપ કરતાં ભિન્ન છે.

ઇસુ પૂર્વના ૧૫૦ વર્ષના સમયગાળામાં મધ્યભારતમાં બનેલા ભારહુત સ્તૂપના અવશેષો આજે પણ જોવા મળે છે. સાંચીના સ્તૂપની જેમ અહીં પણ તોરણ તથા વેદિકા મૂળ સ્તૂપની રચના બાદ ૫૦ વર્ષ પછી બન્યા છે. ૬૭ ફૂટનો વ્યાસ ધરાવતા આ સ્તૂપની ખાસિયત તરીકે તેની નીચેના ભાગમાં આવેલા હારબંધ નાના નાના ગોખ છે, જેમાં કદાચ તે સમયે દિવા મુકાતા હશે. અહીંનાં તોરણ તથા વેદિકામાં યક્ષ-યક્ષિણી, નાગરાજ તથા ભગવાન બુદ્ધના જીવન-પ્રસંગ કંડારતી કોતરણી ધ્યાનાકર્ષક છે. મૂર્તિપૂજામાં ન માનતા આ સંપ્રદાયના ધાર્મિક સ્થાનની કોતરણીમાં ભગવાન બુદ્ધને પ્રતીકાત્મક સ્વરૂપે દર્શાવાયા છે. જો કે સાંચીના સ્તૂપના તોરણની કોતરણી વધુ જટીલ તથા આકર્ષક છે. સાંચી તેમજ ભારહુતના સ્તૂપની જેમ બોધી ગયાના સ્તૂપની વેદિકા પણ અશોક પછીની બીજી સદીના ગાળામાં બનાવાઈ હોવાની શક્યતા છે.

ઇસુની ત્રીજી સદી સુધીના સમયગાળામાં ઘણા સ્તૂપો ભારતના અગ્નિકોણમાં કૃષ્ણા નદીના પ્રદેશમાં અમરાવતી, ગુન્તુર, નાગાર્જુનકોણ્ડા, જગ્ગયપેટ, ભુટ્ટીપ્રોમ તથા ઘંટશાળા નામના સ્થાને જોવા મળે છે. આંમાના ઇસુ પૂર્વેની બીજી સદીના સમયગાળામાં બનેલ અમરાવતીના સ્તૂપના ચારે તોરણને સન્મુખ આર્યક ખંભા નામે ઓળખાતા પોચ થાંભલાની રચના વિશિષ્ટ છે. આ રચના ખરેખર ક્યારે કરાઈ હશે તે નક્કી કરવું મુશ્કેલ છે. કેમ કે આ સ્તૂપની રચનામાં ઇસુની પહેલી, બીજી અને ત્રીજી એમ ત્રણે સદીમાં સુધારાવધારા થતા રહ્યા હતા.

ગુજરાતમાં પણ સાબરકાંઠા જિલ્લામાંથી સંપૂર્ણ ઈંટોમાંથી બનાવાયેલ એક સ્તૂપ મળી આવ્યો છે, જે ઇ.સ. ૨૦૫ના વર્ષમાં બનાવાયેલ હતો એમ મનાય છે. આ સ્તૂપની રચના સ્તૂપની શાસ્ત્રીય ફિલસૂફી મુજબ વેદિકા, તોરણ, અલિન્દ ઇત્યાદિ વાળી છે. આ સ્તૂપના ગર્ભમાંથી પથ્થરનો દાબડો મળી આવ્યો હતો, જેમાં આવેલી તાંબાની દાબડીમાં બુદ્ધના અવશેષો સંચવાયેલા હતા. જૂનાગઢ, ગિરનાર તથા સોપારામાં પણ શ્રમણ સંપ્રદાયના સ્તૂપો મળી આવ્યા છે. પ્રાપ્ય અવશેષો પ્રમાણે વૈશાલી પાસે આવેલ સ્તૂપને સૌથી પ્રાચીન બૌદ્ધ-સ્તૂપ ગણવામાં આવે છે. હિન્દ ઉપખંડમાં મહાપરિનિર્વાણ નિમિત્તે જે દશ સ્તૂપ બનાવાયેલા તેમાંનો આ એક હોય તેમ મનાય છે. હાલના પેશાવર નજીક બનેલા સમ્રાટ કનિષ્કના સમયના સ્તૂપનાં અવશેષો પ્રાપ્ય નથી, પરંતુ તે સ્તૂપના વર્ણન ચીની યાત્રાળુઓના ગ્રંથમાં જોવા મળે છે. તે પ્રમાણે શાહજી કી ઢેરીમાંનો એક સ્તૂપ ૨૬૮ ફૂટ વ્યાસ ધરાવતો હતો અને ૧૦૦ ફૂટ કરતાં પણ વધુ ઊંચાઈનો હતો. અહીં થયેલા ખોદકામમાં ગ્રીક સંસ્કૃતિના તાંબાના કેટલાક નમૂનાઓ મળી આવ્યા છે, જે તત્કાલીન સમાજે વિસ્તારેલ રાજદ્વારી સંબંધોનો વ્યાપ દર્શાવે છે.

અશોકે બૌદ્ધ ધર્મના ફેલાવા માટે રાજકીય નીતિ ઉપરાંત સ્થાપત્યને પણ ખાસ મહત્ત્વ આપેલું. પરંતુ તેના સમયગાળામાં સ્તૂપના બાંધકામમાં થયેલા વિકાસ બાબતે ચોક્કસ તારણ ચાર કારણોસર કાઢી નથી શકાતું. એક, માત્ર તેના સમયમાં બનેલ સ્તૂપના અવશેષો પ્રાપ્ય નથી, બીજું; સ્તૂપની રચનામાં કાળક્રમે ઉમેરા થતા રહ્યા છે, જેનાથી એ નક્કી કરવું મુશ્કેલ બને છે કે કયા સ્તૂપ કયો સમયમાં બનાવાયો હશે, ત્રીજું; અશોકની દૃષ્ટિએ બૌદ્ધ ધર્મના પ્રસાર માટે - તેની વિચારસરણીનો ફેલાવો જરૂરી હતો અને આ માટે શિલાલેખો વધુ યોગ્ય હતા, અને ચોથું; સ્તૂપની રચનામાં જે રીત પથ્થરનો ઉપયોગ થયો છે તે રીતે અશોકના કાળમાં પ્રચલીત હતી, તેમ માનવાને પૂરતાં કારણો નથી.

અશોકના પહેલાના સાહિત્યમાં સારનાથના સ્તૂપનો ઉલ્લેખ કરાયો છે એનો અર્થ એ કે અશોકના સમય પહેલાં ભારતમાં સ્તૂપની રચનામાં સારી એવી પ્રગતિ સધાઈ ચૂકી હતી. પરંતુ વધારે ટકાઉ સામગ્રી વડે વિશાળ પ્રમાણમાપવાળા સ્તૂપોના આકારમાં ભૌમિતિક ચોકસાઈ પણ આવી હોય તેમ જણાય છે. સ્તૂપની રચના નિયમબદ્ધ હતી, જેમાં બાંધછોડની શક્યતા ન રહેતી. આમ પણ વિશ્વના પ્રત્યેક ધર્મના પૂજા-સ્થાનની રચનામાં સ્થાપત્યના નિયમોમાં બાંધછોડ નથી કરાતી, કારણ કે આવી રચના પૂર્ણતાના પ્રતીક સમી હોય છે.

બૌદ્ધ ધર્મના પ્રસાર સાથે સ્તૂપનું બાંધકામ બર્મા, ચીન,

જાપાન તથા સિલોન જેવા પાડોશી દેશોમાં પણ થયું અને સ્તૂપની રચનાને આખરી ઓપ પણ આ દેશોમાં જ અપાયેલો. દુર્ભાગ્યે પાછળના સમયગાળામાં બનેલા આ સ્તૂપના ઉત્કૃષ્ટ નમૂનાઓના અવશેષો હાલમાં ભારતખંડમાં મળતા નથી. પરિણામે સ્તૂપ-રચનાની અંતિમ શ્રેણીના નમૂનાઓના અભ્યાસ માટે પરદેશમાં નજર દોડાવવી પડે છે. આ શ્રેણીના સ્તૂપ સામાન્ય રીતે ત્યાર પછી બનેલા પેગોડાના આકારના હતા. કદાચ તે દેશોમાં પેગોડાનો પ્રારંભિક આકાર સ્તૂપના અંતિમ શ્રેણીના આકાર પરથી જ નિર્ધારિત થયો હશે. અંતિમ શ્રેણીના આ સ્તૂપ ઘૂમટ આકારના ન હોઈ ઉપરથી અણીદાર ઘંટાકાર બનાવાતા. જમીન પર તેમનો વિસ્તાર ઓછો રહેતો જ્યારે તેમની ઊંચાઈ વધુ રખાતી. મૌર્ય સામ્રાજ્ય દરમિયાન અને ત્યાર પછી બે સદીના સમયગાળામાં ભારતમાં બનેલા સ્તૂપની ઊંચાઈ તેના જમીન પરના વિસ્તારના વ્યાસ કરતાં અડધા જેટલી રહેતી, જ્યારે આ અંતિમ શ્રેણીના સ્તૂપમાં આ પ્રમાણમાપ ઉલટાઈ જતું, અર્થાત્ જમીન પરના વિસ્તારનો વ્યાસ સ્તૂપની ઊંચાઈ કરતાં અડધો થતો. વળી, આ સ્તૂપ ઊંચી મંચ-અલિન્દ પર બનાવાતા.

આ શ્રેણીના સ્તૂપનો એક ઉત્કૃષ્ટ નમૂનો બર્માના પગાનમાં આવેલ સપત સ્તૂપ છે. બર્માના બૌદ્ધ સાધુ સપત દ્વારા બનાવાયેલા આ સ્તૂપમાં બર્મા તથા સિલોનના તત્કાલીન સ્થાનિક સ્થાપત્યની છાંટ પણ જોવા મળે છે. અઠયાસી ચોરસ ફૂટના ઈંટોથી બનાવાયેલા વિશાળ મંચ ઉપર બનાવવામાં આવેલ આ સ્તૂપની બન્ને બાજુ પૂર્વ- પશ્ચિમ દિશામાં વિશાળ પગથિયાં કરેલાં છે, જેને છેડે ઈંટ-પથ્થરનાં તોરણદ્વાર છે. રચનાની દૃષ્ટિએ ભારતીય તોરણથી એ ભિન્ન પડે છે. આ સ્તૂપ ચોરસ મંચ પર બનાવાયો હોવા છતાં તેનો પ્લાન તો ગળાકાર જ છે. આ ગોળાકાર સ્તૂપની બેઠક નળાકાર તથા કોતરણીમય છે. આ નળાકાર ઊંચાઈ બાદ તેનો આકાર શંકુ જેવો ઘંટાકાર થાય છે અને તેની ટોચે પિરામીડ આકારની છત્રી જોવા મળે છે. આ આકારની છત્રી સામાન્યતઃ સિલોનના તત્કાલીન સ્થાપત્યમાં જોવા મળતી. એક વાર તો એમ જ લાગે કે સમગ્ર સ્તૂપને કોઈ મોટી લેથ પર ઘડી કઢાયો છે.

સ્તૂપની રચનાના આખરી મૂકામના સાક્ષી તરીકે માંડલેમાં આવેલ સ્તૂપ ગણાય છે. આ સ્તૂપ પણ ભારતની બહાર છે. આ સ્તૂપ ઈંટ તથા પ્લાસ્ટરમાંથી બનાવાયેલ ત્રિસ્તરીય મંચ પર રચાયો છે. અહીં સ્તૂપની રચના મોટા ભાગે સપતના સ્તૂપ જેવી જ છે, પણ મંચની કોતરણી અહીં થોડી વધુ જટીલ છે. હિન્દુ મંદિરો જેમ ઊંચા મંચ - પ્લિન્થ - પર બનાવાતા અને મંચની ઊંચાઈને વિવિધ સ્તરોમાં વિભાજિત કરી પ્રત્યેક સ્તર પર ઝાડપાન, પશુપક્ષી, માનવ, ગાંધર્વ-યક્ષ વગેરે આકારો કંડારાતા તેમ અહીં પણ પ્રયત્ન કરાયો દેખાય છે. આ સ્તૂપની રચનાના સમયગાળા સુધીમાં ભારતમાં વૈદિક ધર્મનું પુનઃરુત્થાન થઈ ચૂક્યું હતું.

સ્તૂપના બાંધકામમાં કાળક્રમે ઓટ આવતી ગઈ. તેનું મુખ્ય કારણ બૌદ્ધ ધર્મમાં પાછળથી દાખલ થયેલી મૂર્તિપૂજા ગણી શકાય. સ્તૂપ એ પ્રાથમિક રીતે પૂજા-સ્થાન હતું. તે બૌદ્ધમંદિરો ગણાતાં. ઈસુની બીજી સદીના સમયગાળામાં બૌદ્ધ અનુયાયીઓએ બુદ્ધ ભગવાનની પ્રતિમાની પૂજા શરૂ કરી ત્યારથી તે લોકોને ઓપચારિક મંદિરોની જરૂરિયાત જણાઈ. પરિણામે બૌદ્ધમંદિરો-ચૈત્યનું બાંધકામ વેગવાન બન્યું અને સ્તૂપનું મહત્ત્વ લુપ્ત થવા લાગ્યું. અંતે ભારતીય સ્થાપત્યના એક ઉલ્લેખનીય પ્રકરણનો અંત આવ્યો. ❑

॥ કથાસરિત્સાગર ॥

[લં. ૩, ત. ૩૩ શ્લોકથી]

વિહિતસેન-તેજોવતીની કથા : (૩૩ થી ૬૩)

કનુભાઈ જાની

અહીં (આ પૃથ્વી પર) તિમિરા નામે એક નગરી હતી. લક્ષ્મીની જ (નગરી) ! એમાં વિહિતસેન નામે રાજા રહેતો હતો. એને તેજોવતી નામે ભાર્યા હતી; ભૂતળની અપ્સરા જ ! રાજા તો એની કોટે ને કોટે વળગેલો જ રહે ! અરે, અંગરખા માટે ય શરીર જુદું પડે તે જાણે ઊતરડાતું હોય એમ લાગે ! એટલું ય સહન ન થતું. એમાં એક વાર રાજાને જીર્ણ જ્વર લાગુ પડ્યો. વૈદોએ દેવીના સંગની મનાઈ ફરમાવી. દેવીસંગહીન થતાં જ એના હૃદયે એક એવો વ્યાધિ જાગ્યો જ્યાં ઔષધોપચાર પહોંચી જ ન શકતાં. એથી એ અસાધ્ય બન્યો. વૈદોએ ખાનગીમાં જણાવ્યું કે કદાચ છે ને કોઈ ભયથી કે (મોટા) શોકના આઘાતથી રાજાનો આ રોગ જાય ! 'અરે ! એક વાર પીઠ પર મોટો કાળોતરો પડ્યો, તો ય જે રાજા જરા ય ગભરાયો નહોતો, અન્તઃપુર સુધી શત્રુઓ પહોંચી ગયા તો ય જેને જરાય ઉચાટ નહોતો થયો એવો જે સત્તાવાન છે, એવા આ રાજાને વળી ભયભીત કરવો કઈ રીતે ? અમારી તો બુદ્ધિ કામ નથી કરતી !' એમ પરસ્પર વિચાર કર્યો. પછી મંત્રીઓએ રાણીને બોલાવીને, એની સાથે મંત્રણા કરી. એને સંતાડી દીધી; ને પછી રાજાને કહ્યું, 'દેવી મૃત્યુ પામ્યાં છે !' એ સમાચારે રાજાને દુઃખના ભારમાં ડુબાડી દીધો, અને એ ભારથી જ વિહ્વળ થયેલા રાજાનો હૃદયવ્યાધિ તૂટી પડ્યો. ! રોગનું દર્દ હટતાં જ રાજા સમક્ષ મંત્રીઓએ મહારાણીને પાછી પ્રકટ કરી. ત્યારે જાણે બીજું નવું જ અનોખું સુખ મળ્યું ! એ પ્રાણદાયિનીને તો પછી રાજાએ અછોઅછોવાનાં કર્યાં. એ મતિમાન રાજાએ, રાણી સંતાઈ ગઈ હતી એ બાબત ક્રોધ ન કર્યો.

પતિના હિતની ચિન્તા એ જ દેવીપણું ખરે !
એકલો પ્રેમ રાખ્યેથી 'દેવી'નામ જ ના ઠરે !
રાજના કાજની ચિન્તા સતત જે તે જ 'મન્ત્રિતા;'
રાજાનું ચિત્ત વર્તીને ચાલે તે માત્ર 'ચાકરી.'

એટલે વિરોધી મગધરાજ[1] સાથે સુમેળ સાધીને, પછી પૃથ્વીવિજય કરવો, એ માટેનો અમારો પ્રયત્ન છે. માટે, અમે આ બધું કર્યું. અને તમારા પ્રત્યેની પ્રેમભક્તિથી પ્રેરાયેલી દેવીએ જે અસહ્ય વિયોગવેદના વેઠી તે પણ કોઈ અપરાધ નથી કર્યો, પણ મોટો ઉપકાર જ કર્યો છે.''

મુખ્યમંત્રીનાં આવાં વચન સાંભળીને વત્સરાજે પોતે અપરાધીપણું અનુભવ્યું, ને એને પૂરો સંતોષ થયો. રાજા કહે, ''તમારી પ્રેરેલી દેવીએ જાણે મૂર્તિમતી રાજનીતિનું રૂપ લઈને મારી સમક્ષ તો આ સારી મેદિની ધરી દીધી ! હું જે કાંઈ અનુચિત બોલ્યો તે તો પ્રેમના અતિરેકનું જ પરિણામ !

પ્રેમાન્ધમનવાળો શેં વિચારી જ શકે વળી ?''[2] એવું એવું કહીને વત્સરાજે એ દિવસ અને મહારાણીની લજ્જા બન્નેને સમેટી લીધાં.

બીજે જ દિવસે સાચી પરિસ્થિતિની જાણ થતાં મગધેશે એમના એક દૂતને વત્સેશ પાસે મોકલ્યો. એમનો સંદેશો દૂતે રજૂ કર્યો : 'આપના મંત્રીઓએ અમને છેતર્યા છે; તો હવે, (ભલા થઈને), એવું કાંઈ ના કરતા જેથી અમારું જીવવું શોકમય બની જાય.'

દૂતને સાંભળીને, પૂરા સન્માન સાથે સત્કારી, યોગ્ય ઉત્તર વાળવાના ખ્યાલ સાથે એને વત્સેશે પદ્માવતી પાસે મોકલ્યો. પદ્માવતીએ વળી, વાસવદત્તા પ્રત્યેના આદરને કારણે એની હાજરીમાં જ દૂતને દર્શન આપ્યાં.

વિનયે છે સતીવ્રત !

'છેતરીને તને તારો પતિ લઈ ગયો, પુત્રી ! તારો પતિ પાછો બીજીમાં આસક્ત છે ! આમ, મને તો દીકરીના બાપ તરીકેના ફળમાં મળ્યો છે કેવળ શોક !' આવો પિતૃસંદેશ દૂતે પાઠવ્યો. ત્યારે પદ્માવતીએ જવાબ વાળ્યો : 'ભદ્ર ! મારા પિતાને ને માતાને તું મારાં આ વેણ જણાવજે : શોક શા માટે કરો છો ? આર્યપુત્ર તો મારા પ્રત્યે પરમ પ્રેમભર્યા છે, ને દેવી વાસવદત્તા તો મારી સ્નેહભરી ભગિની જ છે. માટે, જો તમારી સચ્ચાઈને મારું જીવિત બન્ને અક્ષત રાખવા માગતા હો તો આપે મારા આર્યપુત્ર પ્રતિ કોઈ જ પ્રકારનું વૈમનસ્ય ન જ રાખવું.' આવો જવાબ પદ્માવતીએ પોતાના પિતાને મોકલ્યો, એટલે વાસદવત્તાએ દૂતને સાદર વળાવ્યો.

દૂતને પિતૃગૃહે જતો જોતાં જ પદ્માવતીનું ચિત્ત પિયરનાં સ્મરણોથી છલકાઈ ઊઠ્યું. એ અનમની બની ગઈ. એટલે વાસવદત્તાએ એના વિનોદાર્થે તરત ત્યાં વસન્તકને બોલાવ્યો એણે ત્યાં આવતાં જ આ કથા માંડી : (૬૩)

સોમપ્રભા અને ગુહસેનની કથા : (૬૪ થી ૧૩૬)

પાટલિપુત્ર[3] નામે એક નગરી છે. પૃથ્વીની શોભા. એમાં ધર્મગુપ્ત નામે એક વણિક રહે. એને ચન્દ્રપ્રભા નામે એક ભાર્યા. એ એક વાર આપન્નસત્વા (બેજીવસોતી) થઈ, અને એને અવતરી એક કન્યા. સર્વાંગસુન્દરી ! જન્મતાં વેંત જ ઓરડાને ઝળાંહળાં કરી દીધો. તરત જ સ્પષ્ટપણે બોલવા લાગી ![4] ઊભી થઈ અને બેઠી ! ત્યાં અચંબો પામીને બેબાકળી બની ગયેલી સ્ત્રીઓને જોઈને, ભયભીત બનીને ધર્મગુપ્ત ત્યાં આવી ચડ્યો. તરત જ

કન્યાને પગે લાગીને ખાનગીમાં પૂછ્યું : 'હે દેવી ! આપ કોણ મારે ઘેર અવતર્યાં છો ?' એ કહે, 'મને કોઈને (ક્યારેય) (લગ્નમાં) આપવી નહિ. હું જ્યાં સુધી તમારા ઘરમાં છું ત્યાં સુધી શુભદા જ છું. પિતા, વધુ કાંઈ પૂછ્વાની શી જરૂર છે ?' આમ એણે કહ્યું. એટલે ધર્મગુપ્ત તો ગભરાયો. એણે તો એને પોતાના ઘરમાં જ છુપાવી રાખી અને બહાર જાહેર કર્યું કે એ મૃત્યુ પામી છે.

પછી તો સમય જતો ગયો તેમ તેમ એ કન્યા મનુષ્ય-શરીરમાં ને દિવ્ય રૂપકાન્તિમાં વધુ ને વધુ વધવા લાગી. એક વાર એ કન્યા ઘરની અગાશી પરથી વસન્તોત્સવ નિરખી રહી હતી ત્યારે ગુહચન્દ્ર નામે એક વણિકપુત્રે એને જોઈ. કામદેવનું જાણે બાણ હૃદયે ખૂંપી ગયું હોય એમ એ મૂર્ચ્છિત થતો થતો મુશ્કેલીથી ઘેર પહોંચ્યો. માતાપિતા વારંવાર આ અસ્વસ્થતાનું કારણ પૂછવા લાગ્યાં. ત્યારે પોતે પ્રેમથી વીંધાયેલો હોવાનું એક મિત્ર દ્વારા એણે એમને જણાવ્યું. પિતાનું નામ હતું ગુહસેન. એ ગુહસેન તો પુત્રસ્નેહને કારણે (તરત જ) ધર્મગુપ્તને ઘેર ગયો અને કન્યા માટેની માગું મૂક્યું. પોતાની પુત્રવધૂ તરીકે ગુહસેને ધર્મગુપ્તની કન્યા માગી. ત્યારે ધર્મગુપ્ત કહે, 'ગાંડા થયા ?! મારે વળી કન્યા કેવી ?' કહીને ધર્મગુપ્તે એને નિરાશ કર્યો. એણે કન્યા બાબતનો નનૈયો ભણ્યો એમ માનીને ગુહસેન પાછો ઘેર આવ્યો; ત્યાં પુત્રને પ્રેમજ્વરથી પીડાતો જોઈને પાછો ચિન્તામાં પડી ગયો. 'હું રાજાને કાને વાત નાખું. આમેય મેં ભૂતકાળમાં રાજાની સેવા તો કરી છે જ. એ મારા પુત્રને આ કન્યા અપાવશે. બિચારો મરવા પડ્યો છે!'

આમ નક્કી કરીને એ તો ઊપડ્યો. જઈને રાજાને એક ઉત્તમ રત્ન ભેટ ધર્યું. પછી પોતાના મનની વાત રાજા સમક્ષ ધરી દીધી. રાજાને પણ એના પર ભાવ હતો. એટલે એની સહાયમાં નગરાધિપને મોકલ્યો. એને લઈને એ તો ગયો ધર્મગુપ્તને ઘેર. ધર્મગુપ્તના ઘરને સૈનિકોથી ઘેરી લીધું ને સર્વનાશની શંકાથી એના કંઠે પ્રાણ આવી ગયા. ત્યારે પેલી સોમપ્રભા ધર્મગુપ્તને કહે, 'પિતાજી ! ભલે, તમે મને આપી દો ! મારે કારણે તમારે આ ઉપાધિ આવી પડી છે. તમે (આપણા ભાવિ) વેવાઈ સાથે એવી મૌખિક શરત કરજો કે મને મારા પતિની શય્યાભાગિની ક્યારેય ન કરે.' એણે આમ કહ્યું એટલે ધર્મગુપ્ત પોતાની પુત્રી એના (ગુહસેનના) પુત્રને આપવા તૈયાર થયો. અને એને એના પતિની શય્યા વર્જ્ય ગણવાની ચોખ્ખી શરત મૂકી. ગુહસેને મનોમન હસીને એ વાત સ્વીકારી. 'એકવાર મારા પુત્રના, આમ, વિવાહ તો થાય ! (પછી જોયું જશે !),' એમ વિચાર્યું.

પછી તો ગુહસેનનો પુત્ર ગુહચન્દ્ર લગ્ન કરીને એ સોમપ્રભા વધૂને લઈને પોતાને ઘેર આવ્યો. ત્યારે સાંજે એને એના પિતા કહે, 'દીકરા ! તું તારે તારી આ પત્નીને તારે ઢોલિયે જ પોઢાડજે. પોતાની પત્નીને તે વળી કોણ એમ ઢોલિયે નથી પોઢાડતું ?' સસરાને આમ બોલતા સાંભળ્યા કે તરત જ સોમપ્રભાએ સસરા સામે ક્રોધભરી નજર નાંખીને જાણે યમને આજ્ઞા કરતી હોય એમ ધમકીભરી તર્જની ઊંચી કરી ! પુત્રવધૂની આંગળી સામે જોતાં જ તત્ક્ષણ એ વણિકના પ્રાણ નીકળી ગયા. ને અન્ય સૌ પણ, ભયના માર્યા, બેબાકળા બની ગયા. પિતાને પંચત્વ પામેલા જોતાં તરત જ ગુહચન્દ્રને પણ ખાતરી થઈ ગઈ કે મારા ઘરમાં વધૂ રૂપે કોઈ મહામારી પેસી ગઈ છે ! અને ત્યાર પછી તો ઘરમાં જ રહેતી પત્નીનો સંગ ત્યાગીને ગુહચન્દ્રે તો જાણે અસિધારાવ્રત માંડ્યું. સાંસારિક સુખોથી વિરક્ત થયો, અંદરના ને અંદરના દુઃખે બળતો રહ્યો. રોજ બ્રાહ્મણોને ભોજન આપતો ને વ્રત પાળતો રહ્યો. એની દિવ્યરૂપધારી પત્ની પણ, મૌનવ્રત રાખી, ભોજન પામેલા બ્રાહ્મણને નિત્ય દક્ષિણા આપતી હતી.

એક વાર એક વૃદ્ધ બ્રાહ્મણ ભોજન માટે આવ્યો. જગત-આખાને પોતાના રૂપથી આશ્ચર્યમાં નાખતી આ રૂપની રાશિને એણે જોઈ. ત્યારે જિજ્ઞાસાથી પ્રેરાઈને બ્રાહ્મણે ગુહચન્દ્રને ખાનગીમાં પૂછ્યું, 'આ બાલા તે આપની કોણ છે તે કહેશો ?' વારંવાર પૂછવાથી ગુહચન્દ્રે દુઃખભર્યે હૈયે એને લગતો બધો જ વૃત્તાન્ત માંડીને કહી સંભળાવ્યો. એ જાણીને એ દ્વિજોત્તમને એના પતિ પ્રત્યે અનુકમ્પા થઈ અને એની મનોવાંછના ફળે એવો એક અગ્નિઆરાધનામન્ત્ર એને આપ્યો. એકાન્તમાં એ મન્ત્રનો જપ કરતાં જ અગ્નિમધ્યેથી ગુહચન્દ્ર સમક્ષ એક પુરુષ પ્રકટ થયો. એને પગે પડેલા ગુહચન્દ્રને એ અગ્નિથી પ્રકટ થયેલો દ્વિજ કહે, 'આજ હું તારે ત્યાં ભોજન લઈશ. અને રાત્રે પણ તારે ત્યાં જ રહીશ. જે હકીકત છે તે તને બતાવીશ, અને તારા મનની ઇચ્છા પૂરી કરીશ.'

એટલું ગુહચન્દ્રને કહીને એ બ્રાહ્મણે તો ઘરમાં પ્રવેશ કર્યો. ત્યાં અન્ય બ્રાહ્મણોની માફક જ ભોજન લઈને, પછી રાત્રે ગુહચન્દ્રની પાસે જ એક પ્રહર સુધી પૂરો સાવધાન રહીને સૂતો રહ્યો. રાત્રે ઘરનાં સૌ લોકો બરાબર નિદ્રાધીન થયાં હતાં ત્યારે ગુહચન્દ્રની ભાર્યા સોમપ્રભા ઊઠીને ઘરની બહાર ચાલી. તરત જ પેલા બ્રાહ્મણે ગુહચન્દ્રને જગાડ્યો. કહે, 'આવ. તારી ભાર્યાનો વૃત્તાન્ત (નજરોનજર) જો !' પોતાને ને ગુહચન્દ્રને યોગથી ભમરાનું રૂપ આપીને ઘરબહાર નીકળેલી પેલીને બરાબર ચાંપી સુન્દરી તો નગરની બહાર દૂર દૂર સુધી ગઈ અને ગુહચન્દ્ર ને પેલો બ્રાહ્મણ પણ (ભમરાના રૂપમાં) એની પાછળ પાછળ ગયા.

ત્યાં તો ગુહચન્દ્રે એક વિશાળ, ઘાટી છાયાવાળું, ઘણી શાખાપ્રશાખાઓવાળું, સુંદર વટવૃક્ષ જોયું. એની નીચેથી વીણા ને વેણુના મીઠા નાદવાળા મધુર સંગીતના ધ્વનિ સંભળાઈ રહ્યા હતા. ત્યાં ઊંચે, એની પત્નીના જેવી જ આકૃતિવાળી કોઈ દિવ્ય કન્યા, એક મહાસન પર વિરાજેલી નજરે પડી. પોતાના રૂપથી ચાંદનીને ય જીતતી, બે બાજુ ચમરીઓ ઢોળાતી હતી એવી,

ચન્દ્રના સર્વ લાવણ્યકોશની જાણે અધિદેવતા હોય એવી ! ગુહચન્દ્રે જોયું કે એની પત્ની પણ એ જ વૃક્ષે આરોહણ કરી, પેલીનીના અર્ધા આસને જઈને (સાથોસાથ) ત્યારે બેઠી ! ત્યાં તે વખતે સરખી કાન્તિવાળી બે દિવ્ય કન્યકાઓ એકસાથ બેઠેલી હોવાથી, એ રાત એને (ગુહચન્દ્રને) જાણે ત્રણ ચન્દ્રિકાઓવાળી લાગી.

ત્યારે કૌતુકવશ થઈને એક ક્ષણ માટે એ વિચારવા લાગ્યો કે આ તે સ્વપ્ન છે કે ભ્રમ? કે પછી, અરે, આ તો બેય? કે પછી મારા સન્માર્ગતરુની આ વિદ્વત્સંગતિમંજરી? - જેમાં મને ઉચિત ફલપ્રાપ્તિ સુધી લઈ જનાર આ પુષ્પો પ્રકટ્યાં ? એ જ્યારે આમ વિચાર કરતો હતો ત્યારે એ બન્ને દિવ્ય કન્યાઓએ પોતાને ઉચિત ભોજન પૂરું કરી લીધું હતું, અને ત્યાર બાદ દિવ્ય આસવ પણ પી લીધો હતો. 'આજે તો અમારે ઘરે કોઈક મહાતેજસ્વી બ્રાહ્મણ પધાર્યા છે. એટલે, બહેન, હું જરા ચિન્તામાં પડી છું. એટલે, હું (હવે) જાઉં !' એમ કહીને, બીજી કન્યકાની રજા લઈને ગુહચન્દ્રની ગૃહિણી તરુવરથી ઊતરી પડી. એને જોઈને, ગુહચન્દ્ર અને બ્રાહ્મણ બન્ને, ભમરાના રૂપમાં, એની પહેલાં જ ઘરે પહોંચી જઈને, એ રાત્રે, પહેલાંની માફક જ સૂઈ ગયા.

પછી તો, એ દિવ્ય કન્યા, ગુહચન્દ્રની એ ગૃહિણી પણ, કોઈ ન જુએ એમ આવીને, પોતાના ઘરમાં પેસી ગઈ. ત્યારે એ બ્રાહ્મણે જાતે જ ગુહચન્દ્રને કહ્યું, 'તેં જોયું ને કે તારી આ ભાર્યા દેવી છે, માનુષી નથી. એની બીજી બહેનને પણ તેં આજે જોઈ જે દેવજાતિનું હોય એ માનવીનો સંગ શા માટે ઇચ્છે ? એટલે હું તને આની સિદ્ધિ માટે તો એના દ્વાર પર લખવાનો એક મન્ત્ર આપું છું અને એને બળવત્તર બનાવવાનો એક બાહ્યોપચાર પણ બતાવું છું.

એકલોયે બળે અગ્નિ, વાયુભળ્યે કહેવું શું ?[૧]
એકલોયે ફળે મન્ત્ર; તો, યુક્તિસંગ થાય શું ?'

એમ કહીને એ દ્વિજોત્તમ ગુહચન્દ્રને મંત્ર આપીને, વધારામાં યુક્તિ અંગે પણ સમજાવીને, સવારે જ અન્તર્ધાન થઈ ગયો !

ગુહચન્દ્રે ભાર્યાના ગૃહદ્વાર પર મન્ત્ર લખ્યો અને સાંજે, બ્રાહ્મણે બતાવેલો ઉપાય પણ અજમાવ્યો. ભપકાબંધ કપડાં ઠઠાડીને, પત્ની દેખે એમ એક વાર વનિતા પાસે જઈને એણે તો વાતો કરવા માંડી. એ જોતાં જ, ઈર્ષ્યાની મારી, એને બોલાવીને એ દિવ્ય કન્યાએ, મન્ત્રથી પ્રદીપ્ત થયેલી વાણીથી, એને 'એ કોણ છે ?' એમ પૂછ્યું. એણે પણ એને બનાવટી જવાબ વાળ્યો, 'એ તો છે એક વારાંગના. મારા પ્રત્યે ભાવવાળી. હું પણ આજે એને ત્યાં જઉં છું.' ત્યારે ભમ્મરો ચઢાવેલે મોંએ, ત્રાંસી આંખો કરી, ડાબે હાથે એને રોકતાં એ તાડૂકી : 'હં ! તેમાં જ આ વેશ તમે ચડાવ્યો છે ને ! ના, ત્યાં નથી જવાનું ! એની સાથે તમારે શું ? અહીં મારી પાસે આવો ! હું જ તો છું તમારી ગૃહિણી !' એણે પુલકિત થઈને, વ્યાકુળતાથી, ઉત્કંપિત થઈને, જાણે મન્ત્રના દૂતે કોઈ દુષ્ટ ગ્રહથી એને મુક્ત કરી દીધી ન હોય એમ, કહ્યું. કે તરત જ ગુહચન્દ્રે પરમ આનંદથી એના ખંડમાં પ્રવેશ કર્યો અને, પોતે મર્ત્ય છતાં મનથી કલ્પવો પણ દુર્લભ એવો દિવ્ય સમાગમાનંદ એને પ્રાપ્ત થયો. આમ, મન્ત્રની સિદ્ધિ વડે, પ્રેમથી સભર એવી અને દિવ્યસ્થિતિ જેણે ત્યજી દીધી છે એવી એને (પોતાની પત્ની તરીકે) પ્રાપ્ત કરીને ગુહચન્દ્ર પછી સુખમાં રહેવા લાગ્યો.

'આમ, શાપાદિને કારણે મર્ત્યલોકમાં આવી પડેલી દિવ્યાંગનાઓ પણ, યજ્ઞયાગ, દાન વગેરે શુભ કાર્યો કરનારને ત્યાં ગૃહિણીપદે પણ રહે છે. દેવો ને દ્વિજની પ્રજા તો સજ્જનોની કામધેનુ ગણાય. એનાથી શું નથી મળતું ? શાન્તિ વગેરે તો મળે જ. બીજું તો જે કાંઈ મળે તે વધારામાં. જેમ વંટોળિયો ઊંચે ઊગેલાં પુષ્પોના અધઃપાતનું કારણ બને તેમ અતિ ઉચ્ચપદે જન્મેલા તમારા જેવા દિવ્ય જીવો માટે દુષ્કૃત એ અધઃપાતનું કારણ બને છે.' રાજકુમારીને વસન્તકે આમ કહ્યું, ને વળી ઉમેર્યું : 'અહલ્યાની બાબતમાં પણ આવું જ વૃત્તાન્ત છે ને ? (ન સાંભળ્યું હોય) તો, એ ય સાંભળો : - (૧૩૬) **(ક્રમશઃ)**

પાદટીપ

૧. **મગધ :** આજના બિહારનો મોટો ભાગ. બુદ્ધ-મહાવીરની જન્મભૂમિ. પુરાણોમાં મગધ ને એના રાજાઓની વાત બહુ આવે છે. પૂર્વે દશરથના સસરા, સુમિત્રાના પિતા શૂરસેનનું અહીં રાજ્ય હતું. અને પાંડવોના એ સમયમાં જરાસંદને તેની પછી તેનો પુત્ર સહદેવ અહીં રાજા હતો. એ જરાસંધ કંસનો સસરો ! એના જેવાના વારંવારના હુમલાના ત્રાસથી કાઈ જઈને યાદવો (ને કૃષ્ણ પણ) મથુરા છોડીને અહીં ગુજરાતમાં દ્વારકા આવ્યા ? તો જરાસંધના આપણે એટલા ઋણી ગણાઈએ કે એને ભૂલ્યે ન પાલવે ! બીજી એક વાત સાંભળી હશે : ભીમે એના બે ફાડિયા કરીને ડાબો ભાગ જમણી કોર ને જમણો ડાબી કોર ફગવ્યા એટલે એ મર્યો, નહિ તો બેય ભાગ સંધાઈ જતા ! (ભેગાભેગી આ ય આડવાત કહીને મુક્તચિત્ત થાઉં : જોડિયાં બાળકની તો નવાઈ નથી, પણ કયાંઈ એક બાળકની જોડિયા મા સાંભળી છે ? નહિ ને ? તો આ જરાસંઘને બે મા ! બેયને એક એક અડધિયું જન્મ્યું ને પછી સંધાઈને એક બાળક બન્યું, જરા નામની રાક્ષસીએ આ બે અડધિયાં સાંધેલાં તેથી નામ પડ્યું 'જરાસંધ' ! આ કલ્પન દુહરાયું નથી, માટે એને 'મોટિફ' નહિ કહી શકાય ! દુહરાયું હોય તો હું જાણતો નથી.)

૨. મૂળમાં છે : 'અનુરાગાન્ધમનસાં વિચારસહતા કુતઃ' થોડાક અર્થફેરે કાલિદાસ યાદ આવ્યા ને ? 'પ્રેમાર્ત્તા હિ પ્રકૃતિકૃપણઃ ચેતનાચેતનેષુ'

૩. **પાટલિપુત્ર :** પ્રાચીન ભારતનાં અતિ પ્રસિદ્ધ નગરોમાંનું એક. એ નગરની ઉત્પત્તિકથા ક.સ.સા.માં આવી ગઈ છે. મગધની રાજધાની. પ્રાચીન કાળે એ વિદ્યાકેન્દ્ર તરીકે પ્રસિદ્ધ હતું. 'કાવ્યમીમાંસા'-અનુસાર ત્યાં પાણિનિ, પતંજલિ, જેવાની પરીક્ષા થતી. 'શ્રૂયતે ચ પાટલિપુત્રે શાસ્ત્રકારપરીક્ષા.' પાટલિપુત્રના સિંહાક્ષરાજાના દરબારમાં છેક કાશ્મીરથી આવીને એક વિદ્વાને શાસ્ત્રાર્થ માટેનો પડકાર ફેંકેલો. આમ, ક.સ.સા.ની કથાઓમાં તો કાશ્મીરથી પાટલિપુત્ર સુધી શાસ્ત્રાર્થ માટે વિદ્વાનોની અવરજવર થતી એની વાતો છે. છેક મધ્યકાળ સુધી શાસ્ત્રાર્થ એ વિદ્વાનોના રસનો વિષય પણ. 'કાવ્યમીમાંસા' કહે છે : 'મહાનગરેષુ ચ કાવ્યશાસ્ત્રપરીક્ષાર્થં બ્રહ્મસભા કારયેત્.' એમાં શાસ્ત્રચર્ચા ય થાય અને કાવ્યશાસ્ત્ર પણ ચર્ચાય. એવી સભા 'બ્રહ્મસભા' કહેવાતી. અહીં 'બ્રહ્મ' શબ્દ વિદ્વત્તાવાચક છે, જ્ઞાતિવાચક નથી. કારણ કે આવી સભાઓમાં બૌદ્ધ-જૈનાદિ શાસ્ત્રો, વૈદક, વ્યાકરણ, તર્ક વગેરે કૈંક-કૈંક ચર્ચાતું. જૂનું પાટલિપુત્ર તે હાલનું પટણા. ઈ.સ. પૂ. ૪૮૨માં સ્થપાયું. ભારતના પહેલા સમ્રાટ અશોકની એ રાજધાની. ગ્રીક ઍમ્બૅસડર મેગેસ્થેનિસે એને કહ્યું છે 'પાલિબોથ્ર' (કે 'પાલિબ્રોથ'). બૌદ્ધ તીર્થ. મંદિરો અને કલાથી અશોકે એને કમનીય કર્યું.

સૌથી વિચિત્ર વાત તો આ નગર વિષેની એ છે કે ૭મી થી ૧૮મી સદી વચ્ચે, બારસોક વરસ સુધી તો એ ક્યાં હતું એ જ કોઈ જાણતું નહોતું! એ અંધારામાં હોવાથી, એને વિષેની ભાતભાતની દંતકથાઓ પણ ઊપજી ! એમાંની એક સોમદેવે આપી છે (I_{18}). ૧૮૭૮માં અંગ્રેજ સરકારના પુરાતત્ત્વ ખાતાએ પાટલિપુત્ર હાલના પટણા પાસે ક્યાંક હોવાનું અને મૂળ નગર નદીના પૂરમાં તણાઈ ગયાનું અનુમાન કર્યું; પણ ૧૮૯૩માં વાડેલ અને સ્પૂનરે (Waddell and Spooner) આ વાત બેબૂનિયાદ ઠરાવી. પછી તો જૂના નગરનાં અવશેષો પર આજનું રચાયા કર્યું છે એમ ઠર્યું. 'પાટલિપુત્ર'નો અર્થ થાય ફૂલોની નગરી. એટલે જ એનાં અન્ય નામોમાં ફૂલવાચક નામો ઘણાં છે : કુસુમપુર, શ્રીનગર, પાડલિપુત્ત કે પાટલિપુત્ર, પોલિબોધ, પાલિમબોધ, ૫-લિયેન ફૂ. વાડેલ વળી 'પાટલિનો પુત્ર' એવો અર્થ લે છે, અને સિન્ધુ નદીના મુખ પરનું એ એક બંદર હોવાનું જણાવે છે ! તો સિન્ધુને છેક પૂર્વ સુધી ખેંચી જવી પડે ! વળી ગંગા તો ત્યાં હતી ને છે જ ! બૌદ્ધ કથાઓ અનુસાર ('સમન્ત-પાસાદિકા,' 'દીપવંસ,' 'મહાવંસ' વગેરે) સંઘમિત્રા બોધિવૃક્ષની એક શાખા લઈને પાટલિપુત્રથી નાવમાં બેસીને, ગંગાને માર્ગે થઈને, તામ્રલિપ્તિ પહોંચીને, ત્યાંથી પછી સમુદ્રમાર્ગે સિંહલ પહોંચેલી. એટલે ગંગાનો જલમાર્ગ સિંધુને જોડાઈને છેક સાગરે નીકળતો હશે.

૪. પૅન્ઝર કહે છે કે કેટલાંક ગ્રીક લોકગીતોમાં જન્મતાં જ બોલવા લાગતાં બાળકોની વાત આવે છે. ત્યાં ને અહીં પણ એ અપશુકનિયાળ ગણાય.

૫. મૂળમાં શબ્દ છે 'સંબંધિ'.

૬. મૂળ શ્લોક આમ છે :

'વિશુદ્ધોડપિ જ્વલત્યગ્નિર્વાત્યાયોગે તુ કા કથા ।
એવં મન્ત્રોડર્થદોડપ્યેકઃ કિં પુનર્યુક્તિસંયુતઃ ॥' (૧૨૨)

❑

પત્રકારત્વ અને ગઝલના ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન માટે જાહેર થયેલ શેખાદમ આબુવાલા એવોર્ડ

શેખાદમ આબુવાલા સ્મારક ટ્રસ્ટ પ્રતિવર્ષ પત્રકારત્વ ક્ષેત્રે તેમ જ ગઝલગાયકીના ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર વ્યક્તિઓને પુરસ્કાર એનાયત કરે છે. આ વર્ષે ગુજરાતી ગઝલ માટે પણ પુરસ્કાર આપવાનો આરંભ કર્યો છે. સમિતિનો નિર્ણય આ પ્રમાણે છે.

૧. ગુજરાતમાં અંગ્રેજી પત્રકારત્વ ક્ષેત્રે સને ૧૯૯૩-૯૪ દરમિયાન વિશિષ્ટ પ્રદાન માટે 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા'ના નિવાસી તંત્રી શ્રી તુષાર ભટ્ટને રૂ. ૫૦૦૧ (પાંચ હજાર એક) અને સ્મૃતિચિહ્ન.

૨. ગુજરાતી પત્રકારત્વ ક્ષેત્રે સને ૧૯૯૩-૯૪ દરમિયાન 'ગુજરાત મિત્ર' સાથે સંકળાયેલા શ્રી ભગવતીકુમાર શર્માને રૂ. ૫૦૦૧ (પાંચ હજાર એક) અને સ્મૃતિચિહ્ન.

૩. ગુજરાતી ગઝલના ક્ષેત્રે સને ૧૯૯૨ અને ૧૯૯૩ દરમિયાન વિશિષ્ટ પ્રદાન માટે શ્રી અમૃત ઘાયલના ગઝલસંગ્રહ 'આશ્ચર્ય વચ્ચે' અને શ્રી રશીદ મીરના ગઝલસંગ્રહ 'સાત સૂકાં પાંદડાં' માટે સંયુક્ત રીતે રૂ. ૫૦૦૧ (પાંચ હજાર એક) અને સ્મૃતિચિહ્ન.

તા. ૩ જી ડિસેમ્બરે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રાંગણમાં યોજાનારા 'યાદે આદમ' કાર્યક્રમાં સંગીતકાર શ્રી પંકજ ઉધાસની હાજરીમાં આ ઍવોર્ડ એનાયત થશે.

નિર્ણાયક સમિતિના સભ્યો તરીકે શ્રી શિરાઝ રંગવાલા, શ્રી વિનોદ ભટ્ટ અને શ્રી રઘુવીર ચૌધરીએ સેવાઓ આપી હતી.

પૂર્વ આફ્રિકાની પ્રજા-૬

સ્વાહિલી

ડૉ. જયકુમાર ર. શુકલ

કેનિયાના સમુદ્રકાંઠે સ્વાહિલી લોકો વસે છે. તેમના વિષે અહીં જે સામાન્ય બાબતો જણાવવામાં આવી છે, તે તેમનાં બધાં જૂથોને લાગુ પડતી નથી. તેમ છતાં તે મોટાભાગના સ્વાહિલીઓને લાગુ પડતી હોવાથી અત્રે રજૂ કરી છે. વિદેશોમાંથી સ્થળાંતર કરીને આવેલા લોકો સદીઓથી પૂર્વ આફ્રિકાના ટાપુઓ પર વસ્યા હતા. સ્થાનિક આફ્રિકન બાન્ટુ લોકો સાથેનાં તેમનાં આંતર-લગ્નો દ્વારા ઉદ્‌ભવેલ પ્રજા, આંતરિક વિસ્તારોમાં વસતા બાન્ટુ લોકોથી અલગ હતી. તેમની સ્વાહિલી ભાષા સમગ્ર પૂર્વ આફ્રિકાના લોકોની કડીરૂપ 'લિંગ્વા ફ્રાન્કા' બની છે, અને તે ત્યાંની મોટા ભાગની શાળાઓમાં ભણાવાય છે.

આશરે એક હજાર વર્ષ પહેલાંથી આરબ ઇતિહાસવિદો પૂર્વ આફ્રિકાના કિનારાના પ્રદેશો વિષે લખતા હતા. ઇબ્ન બતુતા નામના પ્રસિદ્ધ પ્રવાસીએ ઇ.સ. ૧૩૩૧માં તેણે જોયેલા ત્યાંના કસ્બા તથા લોકોના જીવનનું વર્ણન કર્યું છે. સમુદ્રોની સફરે જતા લોકો, સૈકાઓથી કેનિયાના કિનારાની મુલાકાત લેતા હતા. આ હકીકતને સ્વાહિલી લોકોના ઉદ્‌ભવ સાથે ઘણો સંબંધ છે. કિકુયુ, મિજિકેન્ડા કે માસઈની જેમ સ્વાહિલી ભાષા બોલતા જૂથને ઓળખવું સહેલું નથી. કિનારાના પ્રદેશોમાં વસતા આરબો, ઈરાનીઓ, બલુચી, સોમાલી અને બાન્ટુ લોકો પરસ્પર વેપાર તથા લગ્નો કરતાં અને તેમાંથી સ્વાહિલી ભાષા બોલતાં લોકોનો ઉદ્ભવ થયો. તેઓ ઈસ્લામી ધર્મ પાળતા અને સમાન સંસ્કૃતિ ધરાવાના હતા.

કેનિયાના કિનારા પ્રદેશમાં ઉત્તરે સોમાલિયાથી દક્ષિણે ટાન્ઝાનિયા સુધી તથા નજીકમાં આવેલા લામુ, માન્ડા, પેઈટ, મોમ્બાસા અને વાસિની ટાપુઓમાં સ્વાહિલી લોકો વસે છે. આ ઉપરાંત, કેનિયાની બહાર પેમ્બા, ઝાંઝિબાર, માફિયા અને કિલ્વા ટાપુઓ તથા ટાન્ઝાનિયાના કિનારે પણ સ્વાહિલી લોકો વસે છે.

ઇસ્લામની સ્થાપના અગાઉ વેપારીઓ હિંદ મહાસાગર ઓળંગીને નવેમ્બરથી એપ્રિલ વચ્ચેના સમયમાં 'ધાઉ' તરીકે ઓળખાતાં વહાણોમાં ધાતુનાં ઓજારો અને શસ્ત્રો લઈને આવતા તથા તેના બદલામાં હાથીદાંત, ગેંડાનાં શિંગડાં, ગુંદર વગેરે વસ્તુઓ લઈ જતા. આફ્રિકાનો ઘણો માલ અરબસ્તાન થઈને ગ્રીસ, ઈરાન, પેલેસ્ટાઈન, મેસોપોટેમિયા વગેરે દેશોમાં આરબ વેપારીઓ મોકલતા.

સાતમી સદીમાં ઇસ્લામ ધર્મની સ્થાપના થયા બાદ, આરબો આફ્રિકાના પૂર્વ કિનારે મુસ્લિમો તરીકે વસ્યા. તેમણે સ્થાનિક આફ્રિકન લોકો સાથે લગ્નો કર્યાં અને દાયકાઓ બાદ ત્યાં મુસ્લિમોની વસતી વધી. તેઓ મુખ્યત્વે નગરોમાં રહેતા. આ દરમિયાન પેઈટ અને કેનિયાના દક્ષિણ કિનારે વુમ્બા કુમાં મુસ્લિમ સુલતાનોની સત્તા સ્થપાઈ. વુમ્બા કુમાં વસતા મુસ્લિમો



શિરાઝથી આવેલા હોવાથી તેઓ શિરાઝી કહેવાયા. આ ઉપરાંત શાંગા, માન્ડા, મલિન્દી અને મોમ્બાસામાં પણ મુસ્લિમો વસ્યા હતા. વેપારને લીધે આ વસાહતો સમૃદ્ધ બની હતી.

આરબો અને આફ્રિકનોનાં આંતર-લગ્નો તથા ઇસ્લામના ઉદય બાદ ઉપર્યુક્ત નગરો ક્રમશઃ મુસ્લિમોનાં બની ગયાં. પરંતુ કિનારાના બધા કસ્બાના લોકોની ભાષા સ્વાહિલી રહી. ઘણા ઓછા લોકો અરબી ભાષા બોલતા. છતાં પવિત્ર કુરાનની ભાષા તરીકે અરબીનું મહત્ત્વ ચાલુ રહ્યું. સ્વાહિલી ભાષાને પોતાની લિપિ નથી. તેથી અંગ્રેજોના આગમન અગાઉ તે અરબી લિપિમાં લખાતી અને ત્યાર બાદ તે રોમન લિપિમાં લખાય છે. આરબો સાથેના ઘનિષ્ઠ સંબંધોના કારણે સ્વાહિલી ભાષામાં અરબી ભાષાના શબ્દો મોટી સંખ્યામાં આવ્યા છે.

મોમ્બાસા, મલિન્દી વગેરે કિનારાનાં નગરોમાં વેપાર, ધર્મ અને સંસ્કૃતિની સમાનતા હોવા છતાં, તે સ્વતંત્ર રાજ્યો હતાં અને ક્યારેક તેમની વચ્ચે સંઘર્ષો પણ થતા. પ્રત્યેક નગરમાં આવશ્યક્તા અનુસાર અનાજ, ફળ વગેરે ઉગાડવામાં આવતું. તેઓ હાથીદાંત, સોનું, અમ્બર, ગેંડાનાં શિંગડાં વગેરેના વેપારમાંથી સંપત્તિ કમાતા. આમાંની ઘણી વસ્તુઓ નિકાસ થતી. તેના

બદલામાં તે લોકો વાસણો, મોજશોખની વસ્તુઓ, રેશમ, પોર્સલિન વગેરેની આયાત કરતાં. કેટલાંક નગરોમાં ઉદ્યોગો પણ વિકસ્યા. પેઈટમાં સુંદર રંગીન કાપડ વણવામાં આવતું. ૧૫મી સદીમાં પોર્ટુગીઝો પૂર્વ કિનારે ઊતર્યા ત્યારે સ્વાહિલી સભ્યતા તથા સંસ્કૃતિનું ઊંચું ધોરણ જોઈને નવાઈ પામ્યા હતા.

પોર્ટુગીઝો પાસે ચઢિયાતાં શસ્ત્રો, સંપત્તિનો લોભ તથા તેમનામાં ધર્માંધતા હોવાથી કિનારાના લોકો પર પોતાની ઇચ્છાઓ લાદી. તેમની બસો વર્ષની હાજરી દરમિયાન મોમ્બાસા સહિત અન્ય શહેરોની સમૃદ્ધિ નાશ પામી. તેમણે કિનારાના પ્રદેશોમાં મકાઈ, કસાવા, કાજુનાં ઝાડ, જામફળ, તમાકુ વગેરેનો ઉપયોગ શરૂ કર્યો. આખરે ૧૮મી સદીના આરંભમાં ઓમાની આરબોની સહાય વડે પોર્ટુગીઝોને હાંકી કાઢવામાં આવ્યા. ઓમાની આરબોના આગમનથી આરબોના વસવાટ અને ઓમાની સત્તાના નવા મહત્ત્વના તબક્કાનો આરંભ થયો. પરંતુ તેમને વેપારમાં વધુ રસ હોવાથી તેમણે સ્વાહિલીઓની દૈનિક બાબતો સ્થાનિક રાજકર્તાઓને સોંપી દીધી.

આગળ જોઈ ગયા તેમ વિદેશીઓ તથા આફ્રિકનો વચ્ચે થયેલાં આંતરજાતીય લગ્નોથી પેદા થયેલ સ્વાહિલી એક મિશ્ર જાતિ છે. અરબી શબ્દ 'સ્વાહિલ'નો અર્થ કિનારો થાય છે. તેથી આરબ લેખકોએ પૂર્વ આફ્રિકાના કિનારાના લોકો માટે 'સ્વાહિલી' શબ્દ પ્રયોજ્યો. તે લોકો સ્વાહિલી ભાષા બોલે છે. તેમનું વસવાટના વિસ્તારો અનુસાર વર્ગીકરણ થઈ શકે. બાન્ટુ, સોમાલી તથા આરબોના મિશ્રણથી 'બાજુની' લોકોની ઉત્પત્તિ થઈ. તેઓ હિનીઝ કે યમનથી આવેલા આરબો હોવાનું જણાવે છે. 'બાજુની' કસાયેલા લોકો છે. જૂના સમયથી સમુદ્ર કિનારે રહેતા હોવાથી તેઓ નાવિક, માછીમાર, વહાણો બાંધવાં તથા સમુદ્રને લગતો વેપાર - જેવા વ્યવસાયો કરે છે. કેટલાક ખેતી પણ કરે છે.

લામુ બંદરમાં વસતા આમુ લોકો મૂળ આરબ કે 'બાજુની' હોવાનો દાવો કરે છે. હિંદ મહાસાગર, અરબસ્તાન તથા અખાતી દેશો સાથેના વેપારને કારણે લામુ એક મહત્ત્વના બંદર તરીકે વિકાસ પામ્યું. તેઓ ખેડૂત, નાવિક, વેપારી, વહાણના માલિક, સોની વગેરેના વ્યવસાયો કરે છે. ત્યાંના સોની શ્રીમંત સ્વાહિલી સ્ત્રીઓ માટે નેકલેસ, બ્રેસલેટ, એરિંગ અને બીજા ચાંદીના સુંદર દાગીના બનાવતા. ત્યાંના ગરીબ લોકો મેન્ગ્રોવ વૃક્ષો કાપીને તેનું લાકડું વેચતા. તે લાકડું વહાણો તથા હોડીઓ બાંધવામાં વપરાતું.

પેઈટ ટાપુનાં બે જુદાં ગામોમાં સિયુ અને પેઈટ જૂથના લોકો વસે છે. સિયુ અને પેઈટ ગામોનાં નામ છે. ત્યાંના લોકો ખેતી તથા ટોપીઓ, સાદડીઓ અને સેન્ડલ બનાવવાનો ગૃહઉદ્યોગ કરે છે. જૂના સમયમાં આ ઉદ્યોગો મહત્ત્વના હતા. ત્યાંના બનાવેલા સેન્ડલ અને ટોપીઓ પ્રસિદ્ધ હતાં. આ ઉપરાંત શેલા, ઓઝી, મોમ્બાસા-સ્વાહિલી, વુમ્બા વગેરે જૂથના લોકો પણ ત્યાં વસે છે. સમગ્ર કિનારાના પ્રદેશમાં વાસ્તવિક સત્તા પ્રત્યેક જૂથના શેખ કે મુખીના હાથમાં હતી. ઝાંઝિબારના સુલતાનની સત્તા બધા વિસ્તારોમાં માન્ય રાખવામાં આવી હતી. ત્યારે પણ તેના એજન્ટે શેખો કે મુખીઓનો સહકાર લેવો પડતો.

વહીવટ કરવા અને તકરારો નિવારવા 'બાજુની'ને પોતાના શેખો હતા. સૌથી પ્રસિદ્ધ બાજુન રાજા મઝે સ્તામ્બુલી ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં થઈ ગયો. બ્રિટિશોએ સત્તા પ્રાપ્ત કર્યા બાદ, સ્તામ્બુલીની સત્તા અને પ્રભાવ સહન ન થવાથી તેને ઝાંઝિબારમાં દેશવટો દેવામાં આવ્યો. પેઈટમાં મુખી નહીં પણ સુલતાન હતો અને તે ઓમાનથી આવેલા નાભાની ઘરાનાનો હતો. નાભાની કુટુંબ ઘણી સદીઓથી પેઈટમાં વસ્યું હતું. તેની સલ્તનત ૧૯મી સદી સુધી ચાલી. ૧૭મી સદીમાં કિનારાના પ્રદેશમાં પેઈટ સૌથી મહત્ત્વના અને સમૃદ્ધ કસ્બામાંનું એક હતું. ત્યાંના મહેલો અને હવેલીઓમાં સંપત્તિશાળી લોકો રેશમ અને ભરતકામવાળાં વસ્ત્રો પહેરીને વિલાસી જીવન જીવતા. પોતાના મહેલો શણગારવા તેઓ ચાઈનીઝ પોર્સલિનનાં વાસણો આયાત કરતા. પેઈટના અવશેષો હજી પણ તેની પ્રાચીન ભવ્યતાની સાક્ષી પૂરે છે.

મોમ્બાસાની બાર જાતિમાંની દરેકને પોતાનો શેખ 'તાઈફા' હતો. એક સમિતિ બધી જાતિની તકરારોનો નિકાલ કરતી. વુમ્બાનો રાજકર્તા દીવાન કહેવાતો. તેનો રાજ્યાભિષેક કરવામાં આવતો અને હોદ્દો વારસાગત હતો. છેલ્લો દીવાન ૧૮૯૭માં મૃત્યુ પામ્યા બાદ, બ્રિટિશ સત્તા સર્વોપરી બની. પ્રત્યેક નગર કે કસ્બાનો અલગ રાજકર્તા હતો અને તે સુલતાન, શેખ, તમિમ અથવા દીવાન કહેવાતો. શેખને સલાહ આપવા જાતિઓના આગેવાનોની સમિતિ હતી. રાજકર્તાઓ માટે તેમના હોદ્દાનાં રાજચિહ્નો રાખવામાં આવતાં. પેઈટના સુલતાન પાસે સિંહાસન અને આશરે બે મીટર લાંબું, હાથીદાંતનું કોતરણીવાળું રણશિંગુ હતું. પ્રત્યેક નવા સુલતાનના રાજ્યાભિષેકની વિધિ વખતે તે રણશિંગુ ફૂંકવામાં આવતું અને પછી તેને કાળજીપૂર્વક સાચવવામાં આવતું. લામુના લોકો પાસે, પેઈટના હાથીદાંતના જેવું, પિત્તળનું રણશિંગુ હતું. તે બન્ને ૧૭મી સદીના અંતમાં બનાવેલાં હતાં. સ્વાહિલી રાજકર્તાનું અનિવાર્ય રાજચિહ્ન રણશિંગુ હતું. તે ધરાવનાર વ્યક્તિ કાયદેસરના શાસનના અધિકારો પ્રાપ્ત કરતી. વાસ્કો દ ગામાએ ૧૪૯૮માં મલિન્દીના રાજા પાસે તેનાં રાજચિહ્નો જોયાં હતાં. વુમ્બાના દીવાન પાસે તેની સત્તાના પ્રતીક તરીકે હાથીદાંતનું રણશિંગુ, સિંહાસન, ચાંદીની સાંકળ, છત્ર, ઢોલ અને લાકડાનાં રણશિંગાં હતાં.

પેઈટ અને વુમ્બામાં રાજાશાહી સરકારો હતી. લામુમાં આગેવાન પરિવારોના પ્રતિનિધિઓની બનેલી સમિતિ કસ્બાનો

વહીવટ કરતી. તેથી ત્યાં પ્રજાસત્તાક સરકાર હતી. ત્યાંનાં કુટુંબો બે જૂથોમાં વહેંચાયેલાં હોવાથી બે જૂથોના વડા દર ચાર વર્ષે વારાફરતી સરકારનાં સૂત્રો સંભાળતા.

બધાં સ્વાહિલી જૂથો ઇસ્લામ ધર્મ પાળતાં હોવાથી રાજ્યના વહીવટમાં ઇસ્લામના કાનૂનનું પાલન કરવામાં આવતું. પ્રત્યેક સ્વાહિલી કોમમાં કાઝી મહત્ત્વનું સ્થાન ધરાવતો. તે દીવાની અને ફોજદારી તકરારોના ચુકાદા ઇસ્લામના કાનૂન મુજબ આપતો. તે ગુનેગારને સજા કરવાની સત્તા ધરાવતો. પરંતુ હવે તેની સત્તા નિયંત્રિત થવાથી હવે લગ્ન, છૂટાછેડા અને વારસા જેવા કેસોના ચુકાદા કાઝી આપે છે.

સ્વાહિલી સદીઓથી કસ્બાઓમાં રહેતા હોવાથી નગરોના વાતાવરણની તેમના પારિવારિક જીવન ઉપર અસર પડી છે. તેઓ વિભક્ત કુટુંબમાં રહે છે અને એક કરતાં વધારે પત્ની હોય તો, પ્રત્યેક પત્નીનું અલગ ઘર હોય છે. ગામ કે કસ્બામાં વસતી માતાનું સ્થાન તેના ઘરમાં છે. સ્ત્રી કોઈ સગાની મુલાકાતે અથવા નોકર ન હોય તો નજીકની દુકાને ખરીદી કરવા સિવાય, ભાગ્યે જ ઘરની બહાર જાય છે. સ્ત્રીઓ ઘરનું કામ પતાવીને, સાંજના સમયે પડોશી કે મિત્રોને ઘેર જાય છે. પુરુષો તે સમયે ભેગા થઈને ગામગપાટા મારે છે કે પત્તાં રમે છે.

પુરુષો ખેડૂત, માછીમાર, લાકડાં કાપનાર, વેપારી, નાવિક, જમીનદાર, કુરાનનો શિક્ષક વગેરેના વ્યવસાયો કરતા. સાંજના સમયે તેઓ ઘરના વરંડામાં, સમુદ્રકિનારે મસ્જિદની બહાર અથવા કૉફીગૃહમાં ભેગા મળીને ચર્ચાઓ કરતા. લોકો દિવસમાં ત્રણેક વાર મસ્જિદમાં જઈને નમાઝ પઢતા.

બાળકો છ-સાત વર્ષનાં થાય ત્યારે તેમને કુરાનની શાળામાં મોકલાતાં. ત્યાં તેઓ કુરાન વાંચતાં, ધાર્મિક અને નૈતિક શિક્ષણ મેળવતાં તથા વડીલો સાથે કેવી રીતે વર્તવું તે શીખતાં. વડીલોનો આદર-સત્કાર તથા સેવા યુવાનો માટે આવશ્યક ફરજો ગણાતી. માતા પોતાની પુત્રીને ગૃહિણી માટેનાં આવશ્યક કાર્યો શીખવતી. સ્ત્રીઓ બહાર જાય ત્યારે કાળો બુરખો બુઈબુઈ (Bui bui) પહેરતી.

ખાનગી માલિકીની જમીન ઉપર ખેતી કરવામાં આવતી. જમીન વેચવા કે ખરીદવાનો રિવાજ ન હતો. પરંતુ માલિકની ઇચ્છાનુસાર જમીન વારસામાં મળતી. ગામડામાં ઘણા લોકો ઘેટાં, બકરાં, અને મરઘાં પાળતા. લોકો નાળિયેરનાં વૃક્ષો ઉછેરતાં. તેમાંથી ખોરાક, પીણું, દોરડાં અને સાદડી બનાવવાનો કાચો માલ પ્રાપ્ત થતો. કિનારાના પ્રદેશમાં કેળાં, કેરી, પપૈયાં વગેરે ઉગાડતાં તથા વટાણા, મકાઈ વગેરેની ખેતી કરવામાં આવતી.

માછીમારો રાત્રિના સમયે તેમની હોડીમાં જાળ લઈને માછલાં પકડવા જતા. નાની માછલી બજારમાં વેચતા અગાઉ કિનારે સૂકવવામાં આવતી. મોટી માછલી તાજી વેચી દેવામાં આવતી. હાલમાં અનેક માછીમારો પ્રવાસીઓની વૈભવશાળી હોટલોમાં તાજી માછલી અને શેલફિશ પૂરી પાડે છે. બજારોમાં કેળાં, કેરી, વિવિધ પ્રકારનું અનાજ, માછલી, નાળિયેર વગેરે વસ્તુઓ વેચાતી. વિદેશીઓ સાથે સ્વાહિલી સૈકાઓથી વેપાર કરતાં. તેથી તેઓ સિક્કાનું ચલણ કે વિનિમય દ્વારા વેપાર કરવા ટેવાયેલા હતા. કિલ્વા(હાલમાં ટાન્ઝાનિયામાં)ના સુલતાનો પાસે ૧૩મી સદીથી તાંબાના સિક્કા હતા. ઝાંઝિબારના સુલતાનોએ ૧૯મી સદીમાં ભારતનું ચલણ શરૂ કર્યું અને ત્યાર બાદ બ્રિટિશરો પણ ભારતના રૂપિયા ચલાવતા. તે પછી પૂર્વ-આફ્રિકામાં શિલિંગનું ચલણ શરૂ થયું. હાલમાં ત્યાં કેનિયાના શિલિંગનું ચલણ હોવા છતાં કોઈ ગામોમાં વિનિમય પદ્ધતિ ચાલે છે.

હોડી બનાવનારે હોડીમાં વપરાતા લાકડાના બધા પ્રકારો ઓળખતાં શીખવું આવશ્યક હતું. હોડીમાં વપરાતું લાકડું વોટરપ્રૂફ, ખારા સમુદ્રમાં બહુ ફૂલે નહીં એવું છતાં તરતું રહે એવું હલકું હોવું જોઈએ. તેઓ કિનારા ઉપર હોડીઓ બનાવ્યા બાદ, તેને સમુદ્રમાં પ્રથમવાર તરતી મૂકવા, હાલમાં પણ ખાસ વિધિ કરે છે. તે માટે પ્રથમ કુરાનમાંથી એક ફકરો વાંચ્યા બાદ, બકરો વધેરીને, ઊછળતાં મોજામાં હોડી તરતી મૂકે છે. તે પછી મિત્રો અને સગાંઓ ભેગાં મળીને ઉજાણી કરે છે.

ભૂતકાળમાં બારણાં, બારીના લિન્ટલ, ગોખલા, ખુરશીઓ, ખાટલા, પેટીઓ વગેરે બનાવવા માટે લાકડાનો પુષ્કળ ઉપયોગ થતો. સુથારો લાકડાનું સુંદર અને આકર્ષક ફર્નિચર બનાવતા. સોનું અને ચાંદીમાંથી સોની કંગન, નેકલેસ, સાંકળાં, બ્રેસલેટ, એરિંગ, નાકની ચૂની વગેરે દાગીના બનાવતા. લુહારો લોખંડનાં વિવિધ ઓજારો બનાવતા. આ ઉપરાંત વિવિધ કારીગરો દોરડાં, ચામડાંની વસ્તુઓ, હાથીદાંત પર નકશીકામ, લાકડાંનો કોલસો, બાસ્કેટ, માછલાં પકડવાની જાળ વગેરે બનાવતા. કેટલાક લોકો હાથીદાંત તથા ગુલામો ખરીદનારના મજૂરો તરીકે આંતરિક પ્રદેશોમાં જતા. તેમનું માર્ગો તથા આફ્રિકાની વિવિધ જાતિઓ વિષેનું વિશિષ્ટ જ્ઞાન યુરોપીય પ્રવાસીઓને ઉપયોગી થતું.

આ વિસ્તારમાં વસતા આરબો અને સ્વાહિલી લોકો ગુલામો રાખતા અને તેમની પાસે પોતાનાં ઘરમાં, વહાણોમાં તથા ખેતરોમાં કામ કરાવતા. ગુલામો સાથે માલિકો સારી રીતે વર્તતા અને તેમને જવાબદારીનાં કાર્યો સોંપતા હતા. પરન્તુ ગુલામોના વેપારી - આરબો, સ્વાહિલી અને આફ્રિકન પણ ગુલામો મેળવીને વેચવાના લોભમાં ક્રૂર આચરણ કરતા. મોટા ભાગના ગુલામોને વેચી દઈ, વહાણોમાં વિદેશ મોકલવામાં આવતા. ઈ.સ. ૧૯૦૭માં કેનિયામાંના સર્વે ગુલામોને મુક્ત કરી દેવામાં આવ્યા.

કિનારાના પ્રદેશના હાલના જુદા જુદા લોકો અને તેમના રિવાજોને લીધે સ્વાહિલી સંસ્કૃતિ વિવિધ પ્રકારના વિધિઓ તથા

ઉત્સવોથી સમૃદ્ધ છે. મુસ્લિમોની માફક સ્વાહિલીઓમાં પણ બાળકના આગમનનો પ્રસંગ ઘણી આવકારદાયક ઘટના ગણાય છે. ગર્ભવતી સ્ત્રીને આશરે આઠ મહિના થાય ત્યારે સગાં-સંબંધીઓ ભેગાં થઈ, ચોખા બાજરી મકાઈ વાલ વટાણા સીંગ વગેરે ઘડામાં ભેગું રાંધીને, મસ્જિદમાં જઈ ઉજાણી કરે છે. બાળકનો જન્મ સહેલાઈથી થાય તે માટે તેઓ અલ્લાહની પ્રાર્થના કરે છે. બાળકના જન્મ બાદ તેના મોંમાં મધ અને કુંવારપાઠું મૂકવામાં આવે છે. મીઠું મધ અને કડવું કુંવાર પાઠું સૂચવે છે કે જીવનમાં સુખ-દુઃખ બન્ને આવે છે. બાળકના પિતા કે કોઈ વડીલ તેના કાનમાં પ્રાર્થનાની પક્તિઓ બોલીને ઇસ્લામની દીક્ષા આપે છે. સાત દિવસ બાદ બાળકને સૂર્યનાં દર્શન કરાવવા ઘરની બહાર લઈ જઈ, શ્રીફળ વધેરીને તેનું મીઠું જળ બાળક ઉપર છાંટીને એવી ભાવના સેવવામાં આવે છે કે ઈશ્વરના આશીર્વાદ દ્વારા તેના ઉપર સમૃદ્ધિ વરસે. આ વિધિના અંતે માતાપિતા આસપાસનાં બાળકોને મીઠાઈ અને નાણાં વહેંચે છે. બાળપણમાં અનિષ્ટ તત્ત્વો બાળકને નુકસાન ન કરે તે માટે તેને ગળામાં માદળિયું કે કાંડા પર તાવીજ બાંધવામાં આવે છે. બાળક સાત દિવસનું થાય તે પહેલાં તેનું નામ પાડવામાં આવે છે. સ્વાહિલી સમાજમાં સુન્નતની વિધિ માટે ચોક્કસ વયમર્યાદા રાખવામાં આવી નથી.

સ્વાહિલી મુસલમાનો હોવાથી માણસના જીવનમાં લગ્નને મહત્ત્વનું માંને છે લગ્ન બે કુટુંબો વચ્ચેના કાયમી સંબંધ જોડવાનો પ્રસંગ હોવાથી, તેમાં અનેક સ્વજનો ભાગ લે છે. યૌવનમાં પ્રવેશતાં યુવક-યુવતીનાં લગ્ન, પિતરાઈઓમાં કુટુંબો દ્વારા કરવામાં આવે છે. તે પહેલાં સગાઈ કરી, દહેજની રકમ ઠરાવી, લગ્નની તિથિ નક્કી કરી લગ્ન ધામધૂમથી ઉજવવા આવે છે. પાંચ-સાત મહિલાઓ નવાં કપડાં પહેરીને નોતરાં દેવા નીકળે છે. લગ્નના અઠવાડિયા અગાઉથી આરંભાતા નૃત્ય તથા સંગીતના જલસામાં પડોશીઓ હોંશથી જોડાય છે. લગ્નનો ધાર્મિક વિધિ સાયંકાળે મસ્જિદમાં કરતી વેળાએ કાઝી ઉભય પક્ષની કબૂલાતની ખાતરી કરે છે.

સ્વાહિલીઓ ઇદ્દ ઉલ ફિઝ અને ઇદ્દ ઉલ હજના તહેવારો ઉત્સાહથી ઊજવે છે. પવિત્ર રમજાન માસના ઉપવાસના અંતે ઇદ્દ ઉલ ફિત્રના તહેવાર દરમિયાન લોકો નવાં કપડાં પહેરી, એકબીજાને ઘેર જઈ, શુભેચ્છાઓ પાઠવીને ભેટ આપે છે. ઇદ્દ ઉલ હજની ઉજવણીમાં પણ મિત્રો અને સગાઓ નવાં કપડાં પહેરી, પરસ્પર મળી સારું ભોજન જમે છે. હજરત મોહંમદની વર્ષગાંઠનો તહેવાર 'મૌલિદી' તરીકે ઓળખાય છે. પૂર્વ આફ્રિકામાં મુસ્લિમ શિક્ષણના કેન્દ્ર તરીકે પ્રસિદ્ધ લામુ નગરમાં તેની ભવ્ય ઉજવણી થાય છે ત્યારે, પૂર્વ આફ્રિકાના કેનિયા ઉપરાંત માલાવી, સોમાલિયા દેશો તથા કોમોરો ટાપુઓના મુસ્લિમો લામુમાં ભેગા થાય છે.

સમુદ્રકાંઠાનાં ગામોમાં વસતા ખેડૂતો અને માછીમારો લંબચોરસ અથવા ચોરસ આકારની ઝૂંપડી બાંધીને રહેતા. તેનાં ઢળતાં છાપરાં ઉપર નાળિયેરીનાં વિશાળ સૂકાં પાન પાથરી દેતા. ઝૂંપડીની દીવાલોમાં માટી સાથે પાતળી સોટીઓ, સળીઓ, નાના પથ્થર વગેરે ભરી દેવામાં આવતું. છાપરાવાળા વરન્ડામાં લાકડાની પાટલીઓ ઉપર દિવસે કે સાંજના સમયે બેસીને, પુરુષો વાતો કરતા. ઘરમાં સ્થાનિક બનાવટનું રાચરચીલું – ખુરશી, પાટી કે દોરીવાળા ખાટલા, સ્ટુલ વગેરેનો ઉપયોગ કરવામાં આવતો હતો. સ્ત્રીઓ ત્રણ પથ્થર ત્રિકોણાકારે મૂકીને રસોડામાં ચૂલો બનાવતી. દીવાલોની ખીંટીઓ ઉપર થાળી, ઘડા, ખાંડણી, છીણી કપ વગેરે વાસણો ગોઠવવામાં આવતાં.

આધુનિક સમયમાં સ્વાહિલી મોટાં, સગવડોવાળાં પથ્થર અને સિમેન્ટનાં મકાનો બાંધે છે. બહારની દીવાલોને પ્લાસ્ટર કરે છે તથા બારીઓમાં ધાતુના સળિયા નાખે છે. છાપરાં ઉપર કોરુગેટેડ લોખંડનાં પતરાં જડે છે તથા મકાનોની અંદર અને બહાર ચૂના વડે ધોળાવે છે. આશરે છેલ્લાં બસો વર્ષથી શ્રીમંત મુસલમાનો લામુ અને મોમ્બાસાના જૂના શહેર વિસ્તારના જેવાં પથ્થરનાં મકાનો બંધાવતાં. તેનાં છાપરાં સપાટ તથા મકાન બે માળનાં બાંધતાં. ભોંયતળિયે આંગણું, મોટું દીવાનખાનું, સ્ટોરરૂમ, કાર્યાલય, નોકરોની ઓરડીઓ; ઉપરના માળે બારીઓ, વેન્ટીલેશન તથા દીવાલોમાં ગોખલા સહિતના શયનખંડો રાખવામાં આવતા. કોતરણીવાળા લાકડાના વજનદાર બારણાંની સામે પોર્ચ-દ્વારમંડપ રાખતા. ખુરશીઓ તથા પલંગને હાથીદાંત તથા ચાંદી જડીને તથા સિમેન્ટના ભોંયતળિયા ઉપર ઇરાની જાજમ પાથરીને તેઓ સુશોભિત બનાવતા. પિત્તળની પટ્ટીઓ જડેલ લાકડાની પેટીઓમાં તેઓ કપડાં સાચવીને રાખતા.

સ્વાહિલીઓનાં વસ્ત્રો તેમના પ્રદેશની ગરમ આબોહવાને અનુકૂળ ખૂલતાં રાખતા, જેથી હવા આવી શકે. મોટા ભાગના પુરુષો કમર નીચે લુંગી વીંટાળતા. તેના ઉપર ઘૂંટણ સુધીનો લાંબો સફેદ કાપડનો ઝભ્ભો પહેરતા. હાલમાં તેઓ ખમીસ પહેરે છે. ઝભ્ભો સ્વાહિલીના ટ્રેડમાર્ક સમાન હતો. તેનાથી તે તરત ઓળખાઈ જતો. પાછળથી તે લેબાસ પશ્ચિમ કેનિયા અને યુગાન્ડાના લોકોએ અપનાવ્યો હતો. સ્વાહિલી પુરુષ માથા ઉપર સફેદ ટોપી પહેરે છે. તેના ઉપર તે સફેદ કે રંગીન ફેંટો બાંધે છે. પગમાં તે ચામડાના સેન્ડલ પહેરે છે. તેઓ સ્વચ્છતાના આગ્રહી છે. ગઈ સદીના કિનારાના પ્રવાસીઓનાં વર્ણન અનુસાર સ્ત્રીઓ ખૂલતા પાયજામા તથા શરીરે ખૂલતાં કપડાં પહેરતી. કેટલીક સ્ત્રીઓ ૨૦ સે.મી. વ્યાસના ગોળ દાગીના કાનમાં ખોસે છે. પોતાની આર્થિક સ્થિતિ મુજબ હાથે અને કાંડે મણકાની ચેઈન તથા સોના-ચાંદીના ઘરેણાં પહેરે છે.

(અનુસંધાન પૃષ્ઠ ૬૭૪ ઉપર)

કૈરુઆન

પ્રીતિ સેનગુપ્તા

સાતમી સદીના અંત ભાગમાં સીદી ઓકબા ઈબ્ન નફી નામના એક ઇસ્લામિક સંત-યોદ્ધાએ ઉત્તર આફ્રિકાના, માઘ્રેબ કહેવાતા એ પ્રદેશમાં, સૌથી પહેલું ઇસ્લામિક શહેર સ્થાપ્યું. એ હતું કૈરુઆન, જે તરત જ પવિત્ર સ્થાન ગણાવા માંડ્યું હતું. વીસેક વર્ષ પછી તળ-લોકોના વિખવાદમાં એ સંત તો મૃત્યુ પામ્યા, પણ કૈરુઆન ફક્ત યાત્રા-સ્થાન નહીં રહેતાં એક નગર-કેન્દ્ર રૂપે વિકસતું ગયું. સવાસો વર્ષ પછી તો અરબી શાસકોએ એને પાટનગર પણ બનાવેલું. અત્યારે પણ ધાર્મિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ કૈરુઆન ટ્યુનિશિયાનું સૌથી વધુ અગત્યનું શહેર ગણાય છે.

જે પથ્થરોથી શહેરની પ્રાચીન ઇમારતો બંધાઈ છે તે સૈકાઓના ઇતિહાસની ગાથા કહી શકે તેમ છે. ઈબ્ન નફીએ મુખ્ય મસ્જિદ ૬૭૦ના વર્ષમાં બંધાવેલી. તે તો આખી જ નાશ પામી. આજે જે સ્થાપત્ય જોવા મળે છે તે નવમી સદીમાં અસલની ઇમારતના પાયા ઉપર, પણ નવેસરથી, ઊભું કરવામાં આવેલું છે. કૈરુઆનની મદીના - કે પુરાણા ભાગ-ની આસપાસની ઊંચી દીવાલ ૧૧મી સદીમાં બંધાયેલી. તે પછી પણ સમારકામ, ને રંગરોગાન તો થતાં રહ્યાં જ હોય, પણ સમારકામ,ને રંગરોગાન તો થતાં રહ્યાં જ હોય, પણ મૂળ નકશો આ પછી ખાસ બદલાયો નથી. ફક્ત, સ્વાભાવિક રીતે જ, શહેર મદીનાની બહાર વધતું, પ્રસરતું રહ્યું છે.

પ્રાચીન-કાળથી અત્યંત પૂજનીય ગણાતું આવેલું ઇસ્લામનું આ પરમ ધાર્મિક કેન્દ્ર બિન-મુસ્લિમ વ્યક્તિઓ માટે નિષિદ્ધ નથી, તે પ્રવાસીઓનું સદ્ભાગ્ય જ કહેવાય. દુનિયામાંનાં પવિત્રમાં પવિત્ર ત્રણ ઇસ્લામિક સ્થાનો - મક્કા, મદીના અને જેરૂસલેમ. એ પછી ચોથું આવે છે કૈરુઆન. તદુપરાંત, એમ કહેવાય છે કે સાત વાર કૈરુઆનની મુલાકાત થાય તો તે પવિત્રતા અને પુણ્યની દૃષ્ટિએ મક્કાની હજ કર્યા બરાબર થાય છે. તેથી જ, ત્યાંની મુલાકાત પ્રવાસીને ઘણો આનંદ પમાડે છે.

કૈરુઆનની 'જુમ્મા મસ્જિદ'ની રચના આખા ઇસ્લામિક વિશ્વમાંની મસ્જિદોનાં સ્વરૂપ ને આકારનો આધાર બની. દાખલ થતાંની સાથે અંદરનો મોટો ચૉક આવે, એને ફરતે થાંભલાવાળો વરંડા, ઊંચો મિનાર, વિશાળ પ્રાર્થના-કક્ષ, અને અર્ધગોળાકાર મિહરાબ. આ બધું કોઈ પણ મસ્જિદમાં જોવા મળે. આકારની સાદગી પહેલેથી જ એવી હતી કે એની અસરકારકતા ક્યારેય ઘટી જ નથી.

કૈરુઆનની મદીનાની દીવાલ તો ખરી જ, પરંતુ એની પણ અંદર પછી મુખ્ય મસ્જિદની પોતાની દીવાલ પણ હતી. દૂરથી જ એનો મિનાર દેખાવા માંડે. આઠમી સદીમાં બંધાયેલા એના સૌથી નીચલા ભાગને કારણે એ દુનિયાનો જૂનામાં જૂનો મિનાર ગણાય છે! મસ્જિદના વિશાળ આંગણમાંથી એનો ઘુમ્મટ દૃષ્ટિગોચર થાય. શું સપ્રમાણતા! શું શોભા! શું એનું વિસ્મયકારક સૌન્દર્ય! પ્રાર્થનાગૃહનો ચૉક તરફ પડતો ભાગ આખા ને આખા ખૂલી જાય તેવા ભારે કાષ્ઠ-દ્વારનો બનેલો હતો. એમાંના મિહરાબની બરાબર સામે પડતાં મુખ્ય દ્વાર ખૂબ જ સુંદર અને સૂક્ષ્મ કોતરણીથી સોહતાં હતાં. અંદરનો, નમાજ માટેનો, વિશાળ કક્ષ સળંગ પાથરેલી જાજમથી સજ્જ હતો. નમાજનો એ સમય નહોતો, તેથી મસ્જિદ સાવ ખાલી હતી. એક જ પુરુષ એક બારણાને ટેકે બેઠેલો હતો, કદાચ રખોપું કરતો હશે.

પ્રાર્થનાગૃહની અંદર તો અમે જઈ શકીએ તેમ હતાં જ નહીં. મુસ્લિમ નહતાં ને! બારણાં પાસે ઊભાં રહીને જ અંદર ડોકિયાં કરવા પડ્યાં. ત્રણે બાજુ ફરતા. થાંભલાવાળા, ઉપરથી ઢંકાયેલા વરંડા, પૂજા ને પ્રાર્થનાસ્થાને હોય તેવા જ, શીતળ હતા. મસ્જિદનું લાક્ષણિક સ્થાપત્ય ને વિરચન મારે માટે નવું નહતું, છતાં શોખથી બધું જોયું, ને ફોટો પણ ઘણા લીધા. ભાગ્યવશાત્ જ એક મહા-પવિત્ર સ્થાનની યાત્રા થઈ.

પ્રાચીન ઇસ્લામનાં બીજા પણ કેટલાંક ભવ્ય સ્મારક કૈરુઆનમાં છે. અરબ શાસકો અને ઓલિયાઓના પૂજા-આદર માટે બંધાયેલા કેટલાક હજીરાઓમાંનો સૌથી અગત્યનો અમે જોવાં ગયાં. એ સીદી સાહબનો હજીરો કહેવાતો હતો. પયગંબર મોહમ્મદના ખાસ સાથી અને અનુયાયી અબૂ ઝામા માટે એ બંધાયેલો. એ પોતે પયગંબરની દાઢીના ત્રણ વાળ હંમેશાં પોતાની પાસે જ રાખીને ફરતા હોવાની વાયકા હતી, અને તેથી એ મકબરો 'નાઈની મસ્જિદ'ના નામે પણ ઓળખાતો હતો.

બહારની દીવાલો સાદી, સફેદ ધોળેલી હતી. અંદરના ચૉકમાં છોકરાઓ રમતા હતા, બે-ચાર વૃદ્ધો વાતો કરતા બેઠા હતા. કમાનવાળા એક દ્વારમાં થઈને પ્રવેશ કરતાં એકમાંથી બીજામાં જતા ત્રણ-ચાર ઓરડાઓ આવ્યા. પહેલો તો જાણે થોડીવાર આરામ કરવા બેસવા માટે હતો. બીજાની દીવાલો પર નાબલમાં જોઈ હતી તેવી ચિત્રાકૃતિઓવાળા અત્યંત સુંદર ટાઈલ્સ, અને ઝીણી કોતરણી જેવી લાગતી 'પ્લાસ્ટર ઑફ પૅરિસ'ની શોભા હતી. એ પછી, એક બારણામાંથી કુરાન શીખવાડવા માટેની પાઠશાળા દેખાઈ. છેવટે એક નાનકડો ચૉક આવ્યો, જેની એક તરફના નાના કક્ષમાં ઓલિયાની કબર હતી. અંધારા ખંડમાં મખમલી કાપડથી ઢંકાયેલી સમાધિ પર નજર કરીએ - ના કરીએ ત્યાં, બીજા એક બારણા પરનો પડદો ખસેડી એક જાડા માણસ

બહાર આવ્યા. કદાચ એ એકાદ મુલ્લા હશે. એ અમને કહેવા માંડ્યા કે ખરેખરી કબર તો જમીનની અંદર ઘણે ઊંડે હતી. પછી જાસ્મીન ફૂલોનું સુગંધી જળ એમણે અમારાં પર છાંટ્યું, અને અલબત્ત, તરત પૈસા માગ્યા. ધાર્મિક સ્થાનો જ્યારે પ્રવાસીઓ માટેનાં રસ-સ્થાન બને છે ત્યારે ધર્મ કદાચ વ્યવસાય પણ બનતો હશે ! બાકી, મોટામોટા ઓલિયાઓના રોજાની જાત્રા કરવાનો રિવાજ આખા ઈસ્લામિક વિશ્વમાં પ્રચલિત છે, કારણ કે એમ મનાય છે કે ત્યાંથી 'બરાકા' નામની પવિત્ર શક્તિ પ્રસરતી હોય છે, જે અનિષ્ટ તત્ત્વોને દૂર રાખે છે. જોકે તે પછી પણ, ભૈતિકવાદી આધુનિક જમાનાની વાત અલગ છે.

કૈરુઆનની મદીનામાં જૂની એક જગ્યા, અને એના નવા ઉપયોગનો સરસ સમન્વય જોયો. મદીનામાં બહુ દુકાનો ન હતી. થોડી ચામડાંની ચીજોની, ને થોડી સોના-ચાંદીના ઘરેણાંની, પણ એમાં ફરવું ગમતું હતું. કારણ કે નાગરિકો પ્રવાસીઓને લીધે પોતાની જીવનચર્યામાં દખલ પડવા દેતા નહોતા. એક ગલીમાં મેં બોગદા જેવી એક જગ્યા જોઈ, જેમાં હવે કાફે બનાવવામાં આવ્યું હતું. કંઈક જુદું જ હશે, એમ લાગતું હતું. જંઉકે ન જઉં, વિચારતા પછી હું અંદર ગઈ નહીં. થોડી વારે આગળ-પાછળ ફરતાં, લ્યુના પર જતો એક યુવક અટક્યો. હું તો પેલી ચાર સ્પેનિશ છોકરીઓ સાથે હતી. પણ એ મારી સાથે વાત કરવા માંડ્યો. કહે કે એ ઍક્ટર હતો, કાર્થાજના નાટ્યોત્સવમાં અને યુરોપમાં એણે ભાગ લીધો હતો. એની વાતમાં મને રસ પડ્યો. એ પહેલાં જ એણે કૉફી માટે આમંત્રણ આપ્યું હતું. તે હવે મેં સ્વીકાર્યું. પછી જોયું તો એ જ વિલક્ષણ કાફેમાં અમે ગયાં હતાં, પણ બોગદાની બીજી તરફના બારણેથી.

એકદમ અસાધારણ હતું બધું જ એ કાફેનું : રચના, માહોલ, સુશોભન. બેસવા માટે નીચી બેઠકો હતી, ને એમની વચ્ચે મોટા થાળ મૂક્યા હતા. ગોળાકર છત પર કૈરુઆનમાં બનેલી દરી-જાજમોના ચંદરવા હતા. દીવાલો પર પિત્તળની કારીગરીવાળી તાસકો લટકાવાઈ હતી. ને તે ઉપરાંત, બધા વેઈટર અરબી-ઈસ્લામિક લાગતા નાટકીય પોષાકમાં હતા.

થોડાં વર્ષો પહેલાં એ જગ્યાએ કુરાન માટેની પાઠશાળા બેસતી હતી, એમ એ યુવકે કહ્યું. એ ચાલતો હતો ત્યારે લંગડાતો હતો. એનો એક પગ બીજા કરતાં પાતળો હતો. પોતાનું નામ એણે 'અમૂર' કહેલું. મેં એની ખોડ વિષે કશું ના પૂછ્યું, પણ કઈ જાતના પાઠ એને મળતા હતા એ વિષે પૂછવા મેં પ્રયત્ન કર્યો. પણ એ સમજ્યો નહીં. કદાચ એ ખરેખર ઍક્ટર હતો જ નહીં, પણ એવું કહે તો સંસ્કૃતિ શોધવા-જાણવા પરદેશ ફરવા આવેલા પ્રવાસીને જરા વધારે રસ પડે ! ત્યાંનાં નાટકો ને પ્રયોગો સિવાયની કોઈ વાત એની સાથે મારે કરવી નહોતી, તેથી અવનવી જગ્યાનો અનુભવ થોડી વાર માણ્યો.

એ બોગદામાં છૂટી છૂટી બેઠકો ગોઠવેલી હતી. કોઈ બેસે એટલે જાસ્મીનનું સુગંધી પાણી આપવામાં આવે. એનાથી મોઢું, હાથ, વાળ વગેરે ઠંડું કરવાનું. વાહ, બહારની કાળઝાળ ગરમીમાંથી અંદર આવતાં જ કેવો કાળજીભર્યો, શીતળ એ આવકાર ! પછી પીળા અને લીલા રંગોના આલેખનવાળો એક વાડકો ટેબલ પર મૂકવામાં આવે. પાણીથી એ ભરેલો હોય, અને એમાં થોડું જાસ્મીન-જળ છાંટી આપવામાં આવે. એ પણ ગરમી સામેના મારણ-રૂપે અપાયું હોય. ઠંડું સુગંધી એ પાણી પીતાં તો એવી ટાઢક વળે ! અમૂરનું આમંત્રણ નકાર્યું નહીં તે કેવું સારું થયું. અને કૉફી પણ બહુ સરસ હતી. કાફેના માલિક અને સેવકો સ્મિત-વદન હતા. જગ્યા પણ એટલી શાંત, અને શીતાનુકૂળ હતી. નાનકડો, કૉફી પીવાનો એક અનુભવ, પણ અભૂતપૂર્વ, અને અવિસ્મરણીય.

સારાં મિત્રો કે વાત કરી શકાય તેવાં કોઈની સાથે હોઈએ, તો ત્યાં લાંબો સમય બેસી રહેવાય. પછી ભલેને સૂરજ બહાર આગ વરસાવે. પણ કૉફી પીને હું ઊઠી. મારે તો પ્રવાસનું સમય-પત્રક પણ સાચવવાનું હતું. બાજુ પર પડદા પાડીને બનાવેલા એક ઓરડામાં ટેલિવિઝન ચાલતું હતું. એ દિવસોમાં રમાયેલી, ખૂબ ચકચાર પામેલી, ઇટાલીમાંથી બતાવાઈ રહેલી ફૂટબોલની રમત વીસ-પચીસ પુરુષો બહુ રસથી જોઈ રહ્યા હતા. એમને પણ ત્યારે બહારના સૂરજ જ નહીં, બહારના જીવન સાથે પણ નિસ્બત નહોતી. મેં ચૂપકીદીથી સહેજ ડોકિયું કર્યું ત્યારે ચાર-પાંચ જણાનું જ ધ્યાન તૂટ્યું. ને એમણે મોઢું ફેરવ્યું. કૈરુઆનના નાગરિકોના જીવનમાં મેં પણ ક્યાંયે દખલ કરી નહોતી, પણ કોઈપણ વ્યક્તિ પ્રત્યેનાં - માણસ તરીકેનાં - રસ વિશ્વાસ, મોકળાશને લીધે મને અસામાન્ય કશું જોવા ને જાણવા મળ્યું હતું.

જંગલ

મૂળ લેખક કૃષ્ણ આલનહલ્લી અનુ. પ્રફુલ્લ રાવલ

સ્કૂલથી પાછા ફરતાં શિવગંગા તેની તરફ એવી રીતે જોતો હતો, જાણે કે એને ગળી ન જવાનો હોય! કિટ્ટીને બહુ બીક લાગતી હતી. હજુ સુધી કિટ્ટીને યાદ હતું કે શિવગંગા મામાની સાથે હોસૂર સેટ્ટીની દુકાનમાં પત્તા રમતો, ભુજંગપ્પાની હોટેલમાં કૉફી પીતો, અનેક વાર બસક્કાના ચબૂતરે બેસીને ગપ્પાં હાંકતો, પોતાના ઘર-ગામે પણ આવતો-જતો, કાઢી મૂકવા છતાં પણ ચીટકીને રહેતો હતો. પરન્તુ હવે એ જ અચાનક આ રીતે દૂર કેમ થઈ ગયો છે? કિટ્ટી વિચારવા લાગ્યો. ચન્દ્રેગૌડાએ હોસૂરની સીમાની અંદરના ખેતરને ઇડિગકૌંડય્યા પાસેથી ખરીદી લીધું હતું. શિવગંગા સાથેના વૈમનસ્યનું આ જ કારણ હતું. પોતાના ખેતરની બાજુનું ખેતર શિવગંગા પોતે જ ખરીદવા ઇચ્છતો હતો. પરન્તુ એટલામાં ખેતર વેચાઈ ગયું. કૌંડય્યા સારી દાનતનો માણસ હતો, તેથી સુવિધાથી રજિસ્ટ્રી કરાવવાનો વિચાર હતો. આથી એ ચૂપ હતા. શિવગંગા ત્યારથી લોકોની કાનભંભેરણી કરતો હતો. આ મિલકત પોતાના ગામની છે. આ જમીન પહેલાં ભાગીદારીની હતી. કૌંડય્યાને દરખાસ્ત પર જમીન દેવામાં આવી હતી. તેણે આ જમીન હવે ન વેચવી જોઈએ? આ પ્રકારની વાતો કહીને એ લોકોને ભડકાવી રહ્યો હતો. તે કૌંડય્યાને પણ ચન્દ્રેગૌડાની રકમ પરત કરી દેવા કહી રહ્યો હતો. કાગળ વગેરે પાછા લેવા માટે તેને ભડકાવી રહ્યો હતો. ચન્દ્રેગૌડા જેવી વ્યક્તિની સાથે દગો કરવા કરતાં ઝેર પીને મરી જવું ઉચિત માનીને તે એ જ દિવસે ગૌડાને ત્યાં આવીને બેસી ગયો. 'ગૌડા, કાલે જ શહેર જવું પડશે. રજિસ્ટ્રી થઈ જવી જોઈએ. માણસનું મન હંમેશા એકસરખું નથી રહેતું.' કૌંડય્યા જિદ કરવા લાગ્યો. શિવગંગાની ઘરફોડ બુદ્ધિથી પરિચિત હોવાને લીધે ચન્દ્રેગૌડાએ કહ્યું : 'ઠીક છે ! અહીર અને શાનભાગજીને કાલે કોર્ટ જવાની સૂચના આપી દો.'

'સવારે મામા કોર્ટે જશે' એવું જાણીને કિટ્ટી નિરાશ થઈ ગયો હતો. ન જાણે કેમ, બપોરની બસમાં જવાનો નિર્ણય કરી લીધા પછી પણ તે ઘરે જ રોકાઈ ગયા. તેથી કિટ્ટીની યોજના નિષ્ફળ બની. તેણે વિચાર્યું હતું કે સ્કૂલેથી રજા લઈને સિલની સાથે દોડ્ડનસેના જંગલ અને કાળા પહાડોમાં ફરી આવશે. બીજો કોઈ માર્ગ ન દેખાયો તો એ સ્કૂલે જઈને પાછો આવ્યો. સાંજે કિટ્ટી ઘરનો માલિક બની ગયો. જિદ કરીને લૅમ્પની ચિમની તેણે ખુદે જ સાફ કરી અને તેને સળગાવી. મામીએ ના પાડી તો પણ ન માન્યો ! મામાની જેમ પોતે પણ નોકર-ચાકરને હુકમ દેતો હતો : 'બળદોનું શરીર સાફ કરો. ગોડનો દરવાજો બરાબર બંધ કરી દીધો છે ? ખુલ્લો તો નથીને, જોઈ લો.' એ દિવસે એ મોટો બનીને નોકરો પાસેથી કામ લઈ રહ્યો હતો.

કિટ્ટી ખૂબ ત્વરાથી પ્રતીક્ષા કરતો હતો કે મામા ક્યારે જમીને જશે. પરન્તુ આજે તેની સામે કોઈ અડચણ નહોતી. પોતે પણ માંડ બે-ચાર કૌર ખાધા અને સિલને પણ બરાબર ન ખાવા દીધું. તે એને નાટ્યગૃહ તરફ જવા માટે સતાવવા લાગ્યો. લોંપી ખેતરની રખેવાળી કરવા ગયો હતો. કિટ્ટી અને સિલ બંને જવા માટે તૈયાર થઈ ગયા હતા. હવે મોન્ન પણ એની સાથે જશે. એ ભયથી મામીએ દરવાજો બંધ કરી દીધો. મોન્ન બારણાના નાના કાણામાં મોં ફસાવીને તેને જોવા લાગ્યો. બહાર નીકળવાનો કોઈ રસ્તો ન જોઈને આંગણામાં જ પગ પસારીને બેસી ગયો. દોડ્ડગૌડની જૂની ઓસરીમાં જતાં જતાં હારમોનિયમનો અવાજ સાંભળીને કિટ્ટીને કહ્યું – 'જોયું, શરૂ થઈ ગયું છે.' ખેતરની રખેવાળી કરવા જનાર લોકો, રોકાઈને નાટ્યગૃહના દરવાજામાંથી નાટકનું રિહર્સલ જોઈ રહ્યા હતા. તેમની વચ્ચે થઈને તે અંદર આવી ગયો. રુદ્રણ્ણાનો રાવણનો પાઠ પૂરો થઈ ગયો હતો. ખેતરની રખેવાળી પર જવું હતું, તેથી રુદ્રણ્ણા પહેલેથી જ પોતાનું ગાન અને પોતાના સંવાદ સંભળાવી ચૂક્યો હતો. કિટ્ટી અંદર આવીને રાજુની પાસે બેસી ગયો. રુદ્રણ્ણાના જવાથી કિટ્ટીનું મન ખિન્ન થઈ ગયું હતું. મહિનાઓ સુધી જેના નસીબમાં નથી હોતું તેમનાં માથાં તેલથી ચમકી રહ્યાં હતાં. ખૂબ તેલ નાખીને આવેલા હતાં. કેટલાંક લોકોનાં માથાંમાંથી ગાલ પર તેલ ટપકી રહ્યું હતું. કિટ્ટી ત્યાં બેસીને બધું જોઈ રહ્યો. ઊંઘ આવવા લાગી તો દોડ્ડગૌડનો માણસ સિલની સાથે કિટ્ટીને લઈને તેના ઘરે મૂકી આવ્યો. રસ્તામાં કિટ્ટીને નાટકના પાત્રોની આછી યાદ આવી રહી હતી. ઘરે પહોંચતાં બારણે ટકોરા દેતા જ મોન્ન આખા ગામને જગાડવા માટે ભસવા લાગ્યો. બારણું ખોલતાં જ મામીએ કહ્યું : 'વહેલાં આવી જવું જોઈતું હતું. મોડું કેમ કર્યું ?' ધાબળામાં પેસી ગયો પછી કિટ્ટીને યાદ આવ્યું કે એ ઠંડીથી થથરી રહ્યો હતો.

અચાનક મોન્ન ઘેરી ઊંઘમાં એટલા જોરથી ભસવા લાગ્યો કે જાણે ઘરનું છાપરું જ ઊડી ગયું હોય! બધાં લોકો જાગી ગયાં. મોન્ન મોં ઊંચું કરીને ભસી રહ્યો હતો. ઓસરીમાં સળગતા

લેમ્પની આછી રોશની આંગણામાં ફેલાયેલી હતી. મામીની સાથે કિટ્ટી પણ ઊઠી ગયો. સિલે બહારના બારણા સુધી આવીને જોરથી બૂમ પાડી, 'કોણ ?' કોઈ દેખાયું નહીં. કિટ્ટીને બીક લાગી કે ક્યાંક કોઈ ચોર-બોર તો નથી આવ્યો ને? સિલે કશાય ભય વગર બારણું ખોલી નાખ્યું. પગથિયું પાર કરતાં જ 'આગ.... આગ....!' બૂમ પાડતો અંદર દોડ્યો. પડતાં-આખડતાં બહાર નીકળતાં જ સામે ચકિત કરી નાખે તેવી આગ હતી. ઘરની સામેના ખળામાં રાગીનો પાક ભડ... ભ...ડ સળગી રહ્યો હતો. શ્વાસ થંભી ગયો હોય એવું લાગ્યું. ભાગતાં પગથિયાં ઊતરવા લાગ્યા. બાંધના કિનારા સુધી પહોંચી ગયા. ખેતરમાં બધી બાજુ આગ ફેલાઈ રહી હતી. કોઈને કશું જ સમજમાં ન આવ્યું કે શું કરવું જોઈએ. સિલ ઓસરીવાળા ઘર તરફ દોડ્યો. કિટ્ટીએ મામી તરફ જોયું. તે ચૂપચાપ પથ્થરની જેમ ઊભી હતી. આગ બરાબર ફેલાતી જતી હતી. મોન્ન ભસી રહ્યો હતો. ગામનાં કૂતરાંઓ પણ ભસી રહ્યાં હતાં. કિટ્ટી હાંફળો-ફાંફળો હતો. મામી રડતી નહોતી, કશું બોલતી નહોતી. હાલ્યા-ચાલ્યા વગર ચૂપચાપ ઊભી હતી. કિટ્ટીના મોંમાંથી પણ કોઈ બોલ ન નીકળ્યો. ઉપર જતાં ધુમાડાનાં ભયંકર વાદળ. દૂર હોવા છતાં ય ઝાળ લાગતી હતી. કિટ્ટીને સમજાયું નહીં કે આખું ખળું કેમ સળગી રહ્યું હતું ? અચાનક એને મુનીશ્વરની યાદ આવી ગઈ. તેની આંખો બંધ થઈ ગઈ. કિટ્ટી એટલો ભયભીત હતો કે તેને મન થયું કે તે પણ સિલની જેમ મામીની સાથે ઓસરીવાળા ઘર તરફ દોડી જાય. તેણે જોયું કે આગ ફેલાઈ રહી છે. ફેલાતાં ફેલાતાં જાણે બિલકુલ નજીક આવી ગઈ હોય અને તે સ્વયં, મામી, ઘર બધું એના લપેટામાં આવી ગયું હોય ! આંખો બંધ કરીને તેણે ચીસ પાડી અને મામીના પાલવમાં સંતાઈ ગયો.

થોડીવારમાં ઓસરીવાળા ઘરની બાજુએથી સાત-આઠ માણસો ભાગતા આવ્યા. તેની સાથે સિલ પણ હતો. કિટ્ટીને જરા ધીરજ બંધાઈ. દોડીને આવેલા લોકો આગ ઓલવવાને બદલે મામીની જેમ ચૂપચાપ ઊભા રહ્યા અને કહેવા લાગ્યા, 'ખતમ થઈ ગયું' ! આગ અનાજના ઢગલાને ગળી રહી હતી. શેક લેનારની જેમ બધા મજાથી ઊભા હતા. આ જોઈને કિટ્ટીને ખૂબ ગુસ્સો આવી રહ્યો હતો. આ માણસો પાણી લાવીને આગ કેમ ઓલવતા નથી ? આમ કેમ ઊભા છે ? ગયા વર્ષે હોલગેરીમાં જ્યારે આગ લાગી હતી ત્યારે આખું ગામ ગાડીઓમાં પાણીનાં પીપ ભરી-ભરીને આગ ઓલવવા માટે ગયું હતું. પરન્તુ આજે આ ચૂપકીદી કેમ છે? વધુ દસ-વીસ માણસો આવ્યા. બધું અનાજ ભસ્મીભૂત થઈ ગયું હતું. માણસો ગાળો દેતા હતા.

સવાર થવા આવ્યું. આવેલા લોકો એક પછી એક ચાલ્યા ગયા. ઊભો ઊભો કિટ્ટી થાકી ગયો તો મામી સાથે ચબૂતરા પર આવીને બેસી ગયો. આગ ઓલવાઈ ગઈ હતી. રાખનો મોટો ઢગલો દેખાતો હતો. ખેતરની રખેવાળી કરવા ગયેલા લોકો પાછા આવી રહ્યા હતા.

રુદ્રના શરીરમાં જાણે આગ લાગી ન હોય ! એની આંખમાંથી આગ ઝરતી હતી. તે મામી પાસે આવીને બોલ્યો : 'હોસૂરના શિવગંગા અને ચન્નોરુનાં જ કરતૂત છે આ. છિનાળની ઓલાદ ! એના ખળામાં પણ ખુલ્લેઆમ આગ ચાંપી આવીશ. કોઈ ઓલવવા પાસે આવશે તો એમના એવા હાલ કરીશ કે જાણે જન્મ્યા જ ન હોય ! હું મારા બાપનો બેટો નહીં, જો આમ ન કરું તો !' ગુસ્સામાં રાતાચોળ રુદ્રની તરફ કમલમ્માએ પાછું વાળીને જોયું. હજુ સુધી એ ચૂપ હતી. એ બોલી : 'જા, રુદ્રણ્ણા, એવું ન કહીશ. બિચારાં મૂંગાં પશુઓનો ચારો. એમાં આગ લગાડીશ તો ભગવાન જોશે. એ આપણાં મોંમાં આગ ચાંપશે.' રુદ્ર અચાનક ઠંડો થઈ ગયો. પરન્તુ એ ઊભોઊભો દાંત કચકચાવતો હતો.

હજુ એક મહિના પહેલાં જ સંક્રાન્તિએ જ બાંધ તૈયાર કર્યો હતો. ખેતીનું આટલું મોટું કામ ત્રણ વર્ષમાં નહોતું કર્યું. વધુ નહીં તો એકસો પચાસ 'પલ્લા' રાગી ઉપજાવવાની ઇચ્છા હતી. ઉત્પન્ન પણ કર્યું. પરન્તુ બધું જ આગને હવાલે ! ગૌડાને પોતાની કોઈ ચિન્તા નહોતી. દોઆબના ખેતરમાં ડાંગરનો ખૂબ પાક હતો. પરન્તુ એની સાથે વધુ દસ-વીસ પરિવાર બંધાયેલા હતા. આ વર્ષે એમના નસીબમાં અડધું જ ખાવાનું આવશે.

દોડ્ડગૌડા ચબૂતરેથી ઊતરતાં બોલ્યો : 'તું કશું વિચાર નહીં, કમલી. બધો ઈશ્વરનો ખેલ છે. જે થવાનું હોય તે થાય જ છે'. કમલમ્મા ઊઠીને દીવાલને અડકીને ઊભી થઈ ગઈ. દોડ્ડગૌડા પાછું વળીને બોલ્યા : 'ચન્દુ આવે તો મારા ઘરે મોકલજે.'

મામીએ ચૂલો ન સળગાવ્યો. દોડ્ડગૌડાના ઘરની ગૌરક્કાએ જ ચૂલો સળગાવીને રસોઈ બનાવી. મામીનો હાથ ચોખ્ખો ન હોય ત્યારે ગોરક્કા જ આવીને રાંધતી હતી. કિટ્ટીને ખૂબ ભૂખ લાગી હતી. રાત્રે ઊંઘ પૂરી ન થવાને કારણે એની આંખો બળતી હતી. મામી ગાંડાની જેમ વરંડામાં બેસીને ખૂણાવાળા થાંભલે પીઠ ટેકવી નાગીની નાની સાથે વાતો કરતી હતી : 'કાલે ઘરમાં આગ ચાંપતા પણ આ લોકો નહીં ખચકાય ! ગામના ઝઘડામાં એમણે એકલાએ શું કામ માથું મારવું જોઈએ, કલ્યાણી ? વળી, રાતવેળા એ એકલા ફરે છે. ક્યારે કોણ શું કરે, કોને ખબર ?' આટલું બોલતાં એની આંખોમાં આંસુ આવી ગયાં. તરત કલ્યાણીએ કહ્યું – 'સારું વિચાર, કમલમ્મા. ખરાબ જ કેમ વિચારવું?' પછી એની બાજુ ફરીને, બોલી, : 'શું નિશાળે નથી જવું, કિટ્ટી !' કિટ્ટીને ખોટું લાગ્યું. 'દરિદ્ર... ક્યાંનો... તેમને કશો કામધંધો જ નહીં હોય.' એણે વિચાર્યું પછી એણે કહ્યું – 'મામી, ભૂખ લાગી છે.'

આંગણાનો તડકો વરંડા સુધી ફેલાઈ ગયો હતો. ઊભી થઈને કિટ્ટીને ખાવા આપીને તે બહાર આવી ગઈ. આજે નાગી

નહોતી આવી. કિટ્ટીએ વિચાર્યું – ક્યાં જવું જોઈએ ? મામીએ સ્કૂલ જવા માટે જબરદસ્તી ન કરી. બહાર આવીને પછી ખળા તરફ જોયું. હજુ સુધી લોકો આવી રહ્યાં હતાં અને જોઈને બબડતા બબડતા ચાલ્યા જતાં હતાં. રાખનો ઢગલો આંખોને ખૂંચી રહ્યો હતો. ખળાના બાંધ પર ફેલાયેલી દૂધીની વેલ, ચંદ્રચમેલીનાં વૃક્ષ – બધું જ આગની ગરમીમાં કાળું પડીને સંકોચાઈ ગયું હતું. કિટ્ટી સીધો ગોઠ તરફ ગયો. સિલ ભોગી માટે કચરો સાફ કરી રહ્યો હતો. તેને લાગ્યું કે છાણ ભરેલો ટોપલો માથે મૂકેલ ભોગીની આંખો ભીની હતી. તેણે તો કોઈને કંઈ ન કહ્યું.

બપોરની બસમાં કોર્ટેથી મામા આવી ગયા. એ મામીની જેમ ન રડ્યા. માથે હાથ મૂકીને પણ ન બેઠા અને એમણે ખાધું પણ ખરું ! ખાવાનું પીરસતા મામી બોલી : 'દોડ્ડગૌડાએ બોલાવ્યા છે. મામાએ પૂછ્યું, 'તું કેમ સ્કૂલ ન ગયો ?' કિટ્ટીએ કશું ન કહ્યું. તે જમીને બહાર આવ્યા. ખળા તરફ પાછું વાળીને પણ ન જોયું અને દોડ્ડગૌડાના ઘર તરફ ચાલવા માંડ્યા. કિટ્ટી પણ એમની પાછળ પાછળ ગયો. ચોતરાની પાસે સાત-આઠ માણસો રુદ્રની સાથે આવીને મામાને વીંટળાઈને ઊભા રહ્યા. કિટ્ટીની ઉત્સુકતા જાગી ગઈ. પાસે આવીને મામાએ કહ્યું : 'જવા દે, રુદ્ર. આપણે બરબાદ નહીં થઈએ. આપણે જેવું-તેવું હલકું કામ નહીં કરીએ, બસ.'

રુદ્રે કહ્યું : 'આમ જ છોડી દઈશું તો બેટા કશું પણ કરવા તૈયાર થઈ જશે. હું તો વિચારું છું કે બદલો જરૂર લેવો જોઈએ. તમે પણ એક.... જુદા જ છો.' મામાએ કહ્યું : 'ના, રુદ્ર. દોડ્ડગૌડા જેમ કહેશે તેમ કરીશું, એમ જ કરીશું. ચારેબાજુના ગામોમાં જે નામ છે, તેના પર શું એમ જ પાણી ફેરવીશું ?' મામા આટલું કહીને દોડ્ડગૌડાના ઘર તરફ જવા લાગ્યા તો કિટ્ટીને આશ્ચર્ય થયું - 'મામા કેમ કોઈને પણ ગાળ ન દેતાં, આખું ખળું સળગી જવા છતાં ચૂપ છે ! રડ્યા પણ નહીં ?' બધા લોકો કહેતા હતા કે 'શિવગંગાએ જ આગ લગાવી છે.' આ સાંભળીને કિટ્ટીને લાગ્યું કે મામા આવવાથી શિવગંગાની વાર્તા આજે પૂરી થઈ સમજો. મુત્તુની સાથે કિટ્ટી રખેવાળી માટે જવા ઇચ્છતો હતો. ચોતરેથી એ નાગીના ઘર બાજુ ચાલી નીકળ્યો. નાગી પણ સ્કૂલે નહોતી ગઈ. બન્ને દોડ્ડગૌડાના ઘર બાજુ ચાલ્યા. ચબૂતરે મામા, કેરેમને, સીતારામપ્પા અને થોડાંક લોકો બેઠા હતા. જોઈને કિટ્ટી પાછળના બારણેથી અંદર પહોંચ્યો. ગોરક્કાએ તેને જોતાં જ પૂછ્યું : 'કિટ્ટી, તારી મામીએ ખાઈ લીધું ?' ત્યારે કિટ્ટીને ખ્યાલ આવ્યો કે મામીએ હજુ સુધી ખાધું નથી. ત્યાંથી એ સીધો ઘરે આવ્યો અને મામીને જમાડવા માટે જિદ કરવા લાગ્યો. થાકીને ચાર કોર ખાઈને મામી ચૂપ બેસી ગઈ. તેને આખી રાત ઊંઘ નહોતી આવી. મામીના ખોળામાં માથું મૂકીને તેણે આંખ બંધ કરી દીધી તો તરત તેને ઊંઘ આવી ગઈ. (ક્રમશઃ)

લઘુકથા

અપસેટ...

—— હર્ષદ મનસુખલાલ દવે ——

ટન્ ટન્ન્ ટિંગ ટન્ન્...

આલેશાન બંગલાની સંગીતમય ડોરબેલ રણકી ઊઠી. અપૂર્વના ચહેરા પર અણગમો ધસી આવ્યો : કોણ હશે આવા ભરબપોરે ? પારૂલ દિપુ અને શૈલને લઈ બે દિવસ પહેલાં જ વૅકેશન ગાળવા રાજકોટ ગઈ હતી. પારૂલના પ્રશ્નોના ઉત્તર તો પોતે જેમતેમ કરી ટાળી દેતો. પણ ગઈકાલે શુક્રવારતી જે 'ઇન્કવાયરી' શરૂ થઈ હતી, તેથી તે બહુ જ અપસેટ થઈ ગયો હતો. સજ્જડ પુરાવા સાથેની જડબેસલાક પ્રશ્નોત્તરીએ તે સ્તબ્ધ થઈ ગયો હતો. મકાન, એરકંડિશન્ડ રૂમ, કિંમતી સોફા, ફ્રિજ... ઝપાટાબંધ પ્રગતિ ! ગમે તેનાં ગમે તેટલી રકમનાં ટેન્ડર 'પાસ' કરવામાં હવે તેને ફાવટ આવી ગઈ હતી. બધું જ બહુ વ્યવસ્થિત ચાલતું હતું. પણ રમણીક એન્ટી કરપ્શન ખાતાનો માણસ હશે તેની ખબર જ ન રહી અને પોતે રંગે હાથ... ઝડપથી ઑફિસ બહાર નીકળી, તે ગાડી સ્ટાર્ટ કરી બંગલે પહોંચી હવે શું કરવું તે વિશે શાંતિથી વિચારવા ઇચ્છતો હતો ત્યાં જ ડોરબેલ રણકી ઊઠી હતી.

તે વર્તમાનમાં પટકાયો. ઝનૂનથી તેણે દરવાજો ખોલ્યો. સામે જ શૈલ જેવડી એક છોકરી ઊભી હતી. તડકાથી અપૂર્વની આંખો અંજાઈ રહી હતી. ધૂળધોયા રુક્ષ વાળ કદી ન ઓળ્યા હોય તેમ ચહેરા પર ફરફરતી લટો, વાળની લટો પાછળ બે મોટી આશ્ચર્યચકિત આંખો જાણે તેને ડારી રહી હોય તેમ લાગ્યું. અકાળે કરમાયેલા ચહેરા પર શૂન્યતા છલકતી હતી. ફાટેલાં કપડાં અને ઉઘાડા પગ.

'શું છે, ચાલ ભાગ અહીંથી.' અને ધડામ અવાજ સાથે તેણે દરવાજો બંધ કરી દીધો. 'ક્યાંથી ચાલ્યા આવે છે આવા મફતિયાં ? ગમે ત્યારે ટપકી પડે છે.'

ટન્ ટન્ન્ ટિંગ ટન્ન્...

એ જ સંગીતમય ડોરબેલનો સુમધુર રણકાર સાંભળી અપૂર્વ ભાન ભૂલ્યો. ધૂંઆપૂંઆ થતો તે પાછો ફર્યો. ફાટફાટ થતાં લમણે તેણે નિશ્ચય કર્યો કે આજે તો એની ખો ભૂલાવી દઉં. લાગતું હતું કે ઇન્કવાઇરિ ઑફિસર પરનો સઘળો ગુસ્સો અહીં ઠલવાઈ જશે. પરંતુ દરવાજો ખોલી વીજળી જેવી ઝડપે ઉગામેલો હાથ નીચે આવે તે પહેલાં તેની નજર એ છોકરીના હાથમાંની ચીજ પર પડી અને કાનમાં પડ્યા છોકરીના શબ્દો, 'સાહેબ, ચોકમાં પાનની દુકાને તમારા ખિસ્સામાંથી આ પાકીટ પડી ગયું હતું તે આપવા આવી છું, બીજું કાંઈ કામ નથી.' ❑

શેલી

ડૉ. મધુસૂદન પારેખ

પર્સી શેલી (Percy Bysshe Shelley - ૧૭૯૨થી ૧૮૨૨)ના છઠ્ઠીના લેખ વિધાતાએ વાંકા અક્ષરમાં લખ્યા હોવા જોઈએ. લગભગ આખી જિંદગી એ જીવ દુ:ખિયારો રહ્યો. ધનવાન પણ સંકુચિત પ્રકૃતિનાં માબાપને ત્યાં સસેક્સમાં જન્મેલો શેલી (૪થી ઑગસ્ટ, ૧૭૯૨) રૂપકડો, ભૂરી ભૂરી આંખોવાળો, વાંકડિયા વાળથી શોભતો, જોતાં વાર મનમાં વસી જાય તેવો હતો.

પણ એના ગણેશ જ અવળા બેઠા. દસેક વર્ષની વયે બ્રેન્ટફર્ડમાં (Brentford) ભણવા ગયો ત્યાં એનો જીવ કૉળ્યો નહિ. ત્યાંથી એને એટન(Eton)ની હાઈ સ્કૂલમાં જવું પડ્યું. ત્યા પણ એને કડવા અનુભવો જ મળ્યા. શિક્ષકો તરફથી ન તો એને સદ્‌ભાવ સાંપડ્યો કે ના કોઈ સમભાવી મિત્રો મળ્યા. એની કિશોરાવસ્થા અકાળે કરમાઈ ગઈ. શિક્ષકો એને સિતમગર લાગ્યા; શિક્ષણપદ્ધતિ કઠોર લાગી. એનું ચિત્ત જડ-કઠોર શિક્ષકોના અધ્યાપન પ્રત્યે વિમુખ બની રહ્યું. એણે નક્કી કર્યું કે અહીં કંઈ ભલીવાર વળે તેમ નથી. જ્ઞાનની શોધ માટે તો બહારના ભંડારો જ ફેંદીશ.

And from that hour did I with earnest thought
Heap knowledge from forbidden mines of lore,
Yet nothing that my tyrants know or taught
I cared to learn.

ગ્રીક સાહિત્યના અભ્યાસમાં તેને બહુ રસ પડ્યો, અને લૅટિનમાં એણે લસરકા ય તાણવા માંડ્યા. ઉચ્ચ અભ્યાસ માટે એ ઑક્સફર્ડ ગયો ત્યારે તો એના દિમાગમાં ક્રાંતિના તરંગો ઊછળતા હતા. યૌવનનો ઉત્સાહ સમાતો નહોતો. ઑક્સફર્ડમાં પણ એ જીરવાયો નહિ. એણે ઈશ્વરના ઇન્કારને લગતું, નાસ્તિકવાદના વિચારો રજૂ કરતું એક ચોપાનિયું કૉલેજમાં વહેંચ્યું. એનું શીર્ષક 'ધ નેસેસિટી ઑફ એથેઇઝમ' (The Necessity of Atheism). હ્યુમ (Hume) અને એવા બીજા લેખકોના વિચારનો રંગ એમાં હતો. પરંપરાવાદી પ્રાધ્યાપકોને આ યુવાન ખતરનાક લાગ્યો. એ ત્યાંથી ભાગ્યો. ઘેર પાછા ફરવાની એના બાપે મના કરી દીધી. એનો ખીસાખર્ચ પણ બંધ કર્યો. યુવાન છંછેડાયો. અંતરમાં - રૂઢિચુસ્ત સત્તાધીશો, પછી તે રાજકારણના હોય કે ધર્મસ્થાનોના હોય કે શિક્ષણસંસ્થાઓના હોય-એમની સામે આક્રોશ ભરીને એ નીકળી પડ્યો. શેલી અતિશય ભાવનાવાદી હતો. આખી દુનિયાને નવી દૃષ્ટિ આપવાના તેના મનોરથ હતા. માનવમાત્રની સ્વતંત્રતા માટે તેનું હૃદય તડપતું હતું.

પણ એની જીવનનાવ શાંત જળમાં યાત્રા કરી શકતી જ નહોતી. એક પછી એક વિષમ પરિસ્થિતિ એની જિંદગીને ભરડો લેવા ટાંપીને જ બેઠી હતી.

ઓગણીસ વર્ષની વયે તે હૅરિઅટ વેસ્ટબ્રુક (Harriet West- brook) નામની યુવતીના પરિચયમાં આવ્યો. એ પણ એના કુટુંબમાં વડીલોના સિતમોથી વાજ આવી ગઈ હતી. શેલીનો સમભાવ સહસા ઊછળી આવ્યો. બંને એડિનબર્ગ ભાગી છૂટ્યાં. આરંભમાં ચાર દિવસની ચાંદની તો તેમણે બરાબર માણી. શેલીએ નોંધ્યું છે કે મારી પત્ની મારા વિચારોમાં અને મારી લાગણીઓમાં સહભાગી છે (My wife is the partner of my thoughts and feelings). પણ આ લગ્ન એના દુ:ખનું અને એની બદનામીનું મોટું નિમિત્ત બની રહ્યું. એક તો, એના નાસ્તિકવાદી વિચારોએ મધપુડા પર પથરો ફેંક્યો હતો અને તેમાં આ લગ્ન નિષ્ફળ નીવડ્યું. હૅરિઅટની બાળકો પ્રત્યેની ઉદાસીનતા શેલી માટે આઘાતજનક નીવડી. શેલીનો અપત્યપ્રેમ અગાધ હતો. સંઘર્ષ માટે આ પ્રબળ કારણ બની ગયું. શેલીનો હૅરિઅટ પ્રત્યેનો પ્રેમ ઠંડોગાર બની ગયો. હૅરિઅટે તલ્લાક લઈ લીધા અને થોડા વખતમાં તેણે આત્મહત્યા કરી. હૅરિઅટના જીવનની આ કરુણ ઘટનાએ પણ શેલી સામે વિરોધ વંટોળનો ઊભો કર્યો. આ ઘટનામાં દોષિત કોણ એ પ્રશ્ન તો વિવાદાસ્પદ જ રહ્યો. પણ શેલીને બદનામી વેઠવાની તો આવી જ. શેલીને 'પોલિટિકલ જસ્ટિસ' (Political Justice)ના કર્તા ગૉડવિનનો (Godwin) સારો એવો પરિચય હતો. એના ક્રાંતિકારી માનસ ઉપર ગૉડવિનના વિચારોનો પ્રભાવ પડ્યો હતો. એ ગૉડવિનની સોળ વર્ષની પુત્રી મેરીના સહવાસમાં આવ્યો અને ઈ. ૧૮૧૬માં, હૅરિઅટની આત્મહત્યા પછી મેરી સાથે તેણે લગ્ન કરી લીધાં. હૅરિઅટના અવસાનથી મા વિનાનાં નિરાધાર બાળકોનો કબજો મેળવવા શેલીએ ઘણા પ્રયત્નો કર્યા પણ કાયદાએ તેને પિતૃત્વ માટેની જવાબદારી સારું અપાત્ર(unfitted for parental responsibility) ઠરાવ્યો.

આક્રોશ અને ચિંતાથી યુક્ત, સમાજથી બહિષ્કૃત શેલી માટે ભાવિ ભેંકાર હતું. એણે હોઠ પીસીને લખ્યું કે હું તો ગુનાખોરી અને પ્રદૂષણ પ્રસારનારો ગણાઉં છું. મને જોવામાત્રથી લોકોને ચેપ લાગી જાય એમ માનવામાં આવે છે. (I am regarded as a rare prodigy of crime and pollution, whose look even might infect)

બાયરનની જેમ શેલીએ પણ લંડન છોડ્યું અને દેશનિકાલ

થયેલાના સ્વર્ગ સમા ઇટાલીમાં તેણે મુખ્યત્વે છેલ્લાં ચાર વર્ષ વિતાવ્યાં અને આ ચાર વર્ષ જ શેલીની કવિકારકિર્દીના સોનેરી વર્ષ છે. શેલીના ટૂંકા જીવનકાળમાં ભાગ્યે જ થોડાં વર્ષ સુખ-શાંતિનાં આવ્યાં હશે. એક તો એનો આદર્શવાદી સ્વભાવ, જગતને સુધારી નાખવાની ઊંડી ધગશ, એમાંથી પ્રકટેલા અગ્નિની આંચમાં દાઝેલો અચલાયતની સમાજ, એનાં લગ્નજીવનની કરુણતા - આ બધામાં એની શાંતિ હણાઈ ગઈ. એની નૌકા તોફાની જળમાં ઝોલાં ખાતી રહી અને અંત પણ એવો જ આવ્યો. નૌકાવિહાર કરવા એણે તોફાની જળમાં ઝંપલાવ્યું અને કેટલાય દિવસ પછી એનો મૃતદેહ જ બહાર આવ્યો.

સ્વપ્નદૃષ્ટા કવિ શેલી

શેલીને મોટા ગજાના કવિ તરીકે ભલે સન્માન્યો ન હોય, પણ એ એક સાચો ઊર્મિકવિ તો હતો જ. ફૂલમાંથી સુગંધ પ્રકટે એમ એનામાંથી કવિતા પ્રકટતી. અલબત્ત, ફૂલફૂલની સુવાસમાં જેમ ભેદ છે તેમ તેની વિવિધ પ્રકારની કવિતામાં પણ કલાની માત્રાનો ભેદ છે. લય તો શેલીને મન શ્વાસની જેમ અનાયાસ - સ્વાભાવિક હતો. એના કેટલાક સમકાલીન કવિઓને કાવ્યરચના માટે જે આયાસ કરવો પડ્યો, જે તાલીમ લેવી પડી તેવું શેલીની બાબતમાં બન્યું નથી. દૃષ્ટાંત તરીકે જેને અમુક કારણસર શેલીની સાથે જ સંભારવામાં આવે છે તે કવિ કીટ્સ (Keats) એની ઉત્તમ કૃતિ 'ઓડ ટુ ઑટમ' (Ade to Autumn) આપી શક્યો તે અગાઉ તેને ઘણો માનસિક વ્યાયામ કરવો પડ્યો હતો.

કવિ તરીકે પ્રકાશિત થયો એ પહેલાં શેલી આર્ષદૃષ્ટા (Prophet) હતો; અને કવિતા એના એ કાર્યમાં માધ્યમ બની રહી. જગતનાં લોકો જે રીતે જીવન જીવતાં હતાં એ રીતનું જીવન જીવવાનો તેણે ધરાર ઇન્કાર કર્યો. એની દૃષ્ટિ ભૂતકાળમાં નહોતી, વર્તમાનનો તે સાક્ષી હતો પણ એની નજર તો ભવિષ્યમાં મંડાયેલી રહેતી.

પૃથ્વી પરથી ગુલામીની, સિતમની જડ કાઢીને તેને નવો આકાર આપવાનો, ધરતીને સ્વર્ગ સમી બનાવવાનો તેનો અભિલાષ હતો. એ રીતે શેલી એકસાથે સ્વપ્નદૃષ્ટા, સમાજસુધારક અને કવિ હતો. એની દૃઢ માન્યતા હતી કે જો માણસનું માણસ દ્વારા થતું શોષણ અટકી જાય, સત્તાભૂખ ટળી જાય અને મનુષ્ય અનુશાસનપૂર્વક જીવતાં શીખે, પ્રેમને જ માર્ગદર્શક જ્યોત માનીને વર્તે તો જીવન અતિસુંદર, સાર્થક બની જાય.

માનવમુક્તિ માટેનો, માનવતાનો સંદેશ આરંભનાં વર્ષોમાં તેને વિલિયમ ગૉડવિનના 'પોલિટિકલ જસ્ટિસ'માંથી મળ્યો હતો. જો કે એના પોતાના વાચનથી પણ એની માનવતા વિશેની ભાવના ઘડાઈ હતી. એ પછી પ્લૅટોનો આદર્શવાદ તેના હૃદયને રંગી ગયો. ઈસુનાં વચનો, ગ્રીક સાહિત્યનું અધ્યયન, એ સર્વ શેલીએ આત્મસાત કરી લીધાં હતાં.

કવિ તરીકેની એની ઉત્તમ સિદ્ધિ એણે કાવ્યોમાં જે માનવમુક્તિનો સંદેશ ગૂંથી આપ્યો તેમાં છે. ભલે એને કવિ તરીકે 'ક્વીન મેલ' (Queen mabe)માં કે 'ધ રિવૉલ્ટ ઑફ ઇસ્લામ' (Revolt of Islam)માં સફળતા ના મળી, પણ અંતે તો 'પ્રોમિથીઅસ અનબાઉન્ડ' (Prometheus Unbound)માં એની ભાવના કાવ્યમાં ઝળહળી ઊઠી.

શેલીની સમગ્ર કવિતામાં બે બાબત ખાસ નોંધપાત્ર છે : એક તો સ્વતંત્ર માનવ માટેની પ્રતિબદ્ધતા અને બીજું માનવપ્રગતિમાં પ્રેમતત્ત્વ જ એકમાત્ર શક્તિ છે એવી હાર્દિક શ્રદ્ધા. એને ક્રાંતિ કરવી હતી, પણ ક્રાંતિમાં માત્ર રાજકીય ઊથલપાથલ તેને અભિપ્રેત નહોતી. એની દૃષ્ટિએ તો આધ્યાત્મિક નવજાગ્રતિ એ જ ક્રાંતિ હતી. બધાં અનિષ્ટોનાં મૂળમાં તેણે ગુલામી જોઈ હતી. જીવનનો કુદરતી સ્વાભાવિક વિકાસ એ જ એને મન સાચો વિકાસ હતો. એનો કવિ-પેગંબર વાણીમાં સંદેશ એ હતો કે આત્મનિર્ભર બનો, એટલે બાહ્ય સ્વાતંત્ર્ય તમારી તમામ ઉત્તમ શક્તિઓની તમને પ્રતીતિ કરાવશે.

શેલીની દૃષ્ટિએ સ્વાતંત્ર્ય એટલે બાહ્ય નિયંત્રણોમાંથી મુક્તિ અને એ મુક્તિ પ્રેમના પ્રકાશમાં જ સાર્થક બની શકે. પ્રેમ એ જ ઊર્ધ્વગામી પરિબળ છે. ❑

વિજ્ઞપ્તિ

- ગ્રાહકોએ પોતાનું સરનામું સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરે લખવું તથા પોતાના ગામનો પિન કોડ અવશ્ય જણાવવો.
- નવું લવાજમ કયા માસથી ગણવાનું છે તે અવશ્ય જણાવવું, અન્યથા જે માસમાં લવાજમ મળશે અને જો અંક સિલકમાં હશે તો તે માસથી નહિતર પછીના માસથી ગ્રાહક તરીકે નોંધાશે.
- સરનામાનો ફેરફાર કરવાની સૂચના મળશે તે માસ પછીથી તે અમલમાં આવી શકશે.
- કોઈ પણ પ્રકારની માહિતી માટે જરૂરી જવાબી ટિકિટો બીડી હશે તો જ ઉત્તર અપાશે.
- ટપાલમાં ગુમ થએલો અંક ભરપાઈ કરી આપવાની જવબાદારી અમારી રહેતી નથી, છતાંય જો અંક સિલકમાં હશે તો તે મોકલાશે. પરંતુ આ માટે ગ્રાહકે રવાનગી ખર્ચના રૂ. બેની ટિકિટ અચૂક મોકલવી.

સાહિત્યસંપર્ક

ચન્દ્ર પરમારની વિદાય



ચૉરાણુના સપ્ટેમ્બરની સોળમી તારીખે ચુમ્મેતેરની વયે કવિ-પત્રકાર ચન્દ્ર પરમાર ગયા.

'હો તમાં ઘરે આવશાં પરા !
મરુત ઓલી પાંગીઆરીની
હેલ આંસ્યે અજવાળશા પરા,
ડોક નમાઈને મોઈડા પૂછીં
ઉત્યોરમાં કાંઈ ડોલશાં પરા,
મૉરી મૉરી ઉડશાં હાંડી
વાંહેવાંહે ઊડશાં પરા !...

જેવાં વઢિયારી બોલીનાં, પ્રીતિકાવ્યો, 'મધરો મધરો પાયો કલાલણ' જેવાં (આપણા મૂર્ધન્ય વિવેચક વિષ્ણુભાઈ જેવાને ડોલાવી-બોલાવી ગયેલ) અધ્યાત્મરંગી કાવ્યો, મિત્ર પ્રિયકાન્તની આછી અસર તળેનાં રાધા-કૃષ્ણનાં ગેય કાવ્યો, વતનપ્રેમનાં કાવ્યો, યુદ્ધ- કાવ્યો - એમ વિષયે વિવિધ કાવ્યો, મોટે ભાગે ગીતોથી કવિતારસિકોનું સારી પેઠે ધ્યાન ખેંચનાર, મિજાજે કવિ એવા શ્રી પરમાર પ્રકાશનની પરવા કર્યા વિના ચાલ્યા ગયા ! નહિ નહિ તોય ચારેક દાયકાથી કાવ્યો કરતા. આરંભ ગઝલથી કરેલો;

'મિલનની એ પ્રથમ રાતે કહ્યું'તું તેં મને હસતાં :
હવે આ બંધનો ભવનાં જો છૂટી જાય તો સારું.

એ કાળે જ એમને અમે - હું, નલિન (રાવળ) અને પ્રિયકાન્ત મળ્યા. એટલે એ ગીત તરફ વળ્યા. 'સંસ્કૃતિ', 'કવિલોક', 'કવિતા', 'ઊર્મિ' વગેરે સામયિકોમાં કાવ્યો પ્રસિદ્ધ થતાં. કાવ્યસત્રો, બુધસભા, સ્વ. બિપિન 'ચાચુ'ને ત્યાંનું અઠવાડિક 'સૂરજ મિલન' વગેરેમાં એ સક્રિય રહેતા. 'કવિલોક'નું પારિતોષિક પણ મેળવેલું. કેટલાક કાવ્યસંચયોમાં પણ તેમનાં કાવ્યો છે. છતાં આ બાબતમાં પણ સાવ અલગારી.

અભ્યાસપ્રિય વૃત્તિ ખરી, પણ તેમાંય સારું એવું વૈવિધ્ય. એમની ગોમતીપુરની એ મેડીએ ચડો તો તમને કોઈ જૂના જમાનાના પુસ્તકપ્રેમી અધ્યાપકને ત્યાં ચડી આવ્યાનો અનુભવ થાય - એટલાં ને એવાં પુસ્તકો. તમે જૂના પુસ્તકનું નામ આપો, ને એ મેળવી આપે ! આ વેપાર-પ્રેમી અમદાવાદમાં જે આંગળીને વેઢે ગણાય એટલા પુસ્તકસંગ્રાહક ને સાચા પુસ્તકપ્રેમીઓ - એમાંના એ એક. એટલે જયંતિ દલાલ, અશોક હર્ષ, નીરુભાઈ, કનુભાઈ જાની, બચુભાઈ રાવત, ધીરુ પરીખ, વિનોદ અધ્વર્યુ, નલિન રાવળ - જેવા જ્ઞાનોદ્યોગીઓ પણ ખેંચાઈ આવતા. અમદાવાદના એક મુસ્લિમ સંત હઝરત વજીહુદ્દીન શાહ ગુજરાતના જીવન પરના એમના અભ્યાસનું પુસ્તક (બુર્હાની પબ્લિકેશન, અમદાવાદ - ૧૯૬૮) એમની બહુવિધ જાણકારી ને ઊંડા સંસ્કૃતિ-ઇતિહાસપ્રેમની પ્રતીતિ કરાવે છે. એ મુસ્લિમ ધર્મના મહાપંડિતે (અલામાએ) જે ધર્મપુસ્તકો વાંચ્યાં તેના હાંસિયામાં એવી નોંધો કરી કે એ નોંધો, પછી, ઇસ્લામને સમજવા ઇચ્છનારાઓ માટે અનિવાર્ય થઈ પડી, ને એના ગ્રંથો છપાયા ! આપણે એને વિષે કેટલુંક જાણ્યું ? એ પુસ્તક અરબી-ફારસીની 'ચંદ્ર'ની જાણકારીનું દ્યોતક પણ છે. એ પુસ્તક ઉમાશંકર જોશીને અર્પણ થયેલું છે.

મને યાદ આવે છે અડસઠની સાલ. બનતા સુધી એકત્રીસમી માર્ચ. ગોમતીપુરમાં ચન્દ્રે મૂળ ગોમતીપુરના આપણા કવિ નરભેરામનો દ્વિશતાબ્દી મહોત્સવ ઊજવ્યો. પાંચ હજારની મેદની. વક્તાઓમાં ઉમાશંકર, કે. કા., અનંતરાય, વિનોદ અધ્વર્યુ, કનુભાઈ જાની, નલિન, વ્રજલાલ વગેરે. એ સૌની ઉપસ્થિતિમાં ચન્દ્રને બોલવાનું આવ્યું ત્યારે અમદાવાદના સ્થાપકની કવિતાથી માંડીને અર્વાચીન કાળ સુધીના અરબી - ફારસી - ઉર્દૂ કવિઓની કવિતાપ્રવાહનો ખ્યાલ એમણે આપ્યો ! ઇતિહાસના અભ્યાસી. 'જનસત્તા' - 'સંદેશ'માં એ વિષયની કૉલમ્સ પણ ચલાવેલી. પણ એમાંનું ગ્રંથસ્થ કરવાની, પોટલાં બાંધી લેવાની વૃત્તિ જ નહિ ! વાંચવું - લખવું - ગાવું મોજ માટે.

જન્મ વીસની સાલમાં હશે. ઉત્તર ગુજરાતના રાધનપુર પાસેનું સમિ એ એમનું વતન. પ્રાથમિક શિક્ષણ વતનમાં, માધ્યમિક અમદાવાદની 'ન્યૂ એજ્યુકેશન હાઈ સ્કૂલ'માં. નડિયાદથી 'આયુર્વેદ' થયા. બંગાળમાં વૈદ્ય 'કવિરાજ' કહેવાય છે જ! આપણે ત્યાં પણ લાભશંકર, પ્રજારામ જેવા છે જ. આ પણ એમ હતા. એમને મળવું હોય તો બાલાહનુમાન સામે 'વિશ્વમંગલ ફાર્મસી' પર જવું પડતું. ત્યાં મળે, કે શ્રી સુમતિભાઈ કાપડિયાને ખબર હોય કે ક્યાં હશે. જ્યોતિષ પણ જાણતા. પિતા પથુભાઈ. એમને ધીરધારનો ધંધો. રામચન્દ્ર એમનું એક જ સંતાન. એટલે પિતાની સમૃદ્ધિનો લાભ પણ મળેલો. આયુર્વેદની ઉપાધિ મેળવીને ધંધે લાગી જવાને બદલે, નર્મદાકિનારે ચાલ્યા ગયેલા ! ત્યાં એકાન્ત સ્થળે સાધના કરેલી ! એનો પટ એમના ચિત્તને કાયમનો લાગી ગયેલો. એટલે

શબ્દોનોય વળગાડ ન રાખ્યો! બધું ખંખેરીને, આખો કહે છે તેમ

તારું છે, ને તું લે નાથ !
એમ કહીને આખે ઝાટક્યા હાથ !

એવું કહીને ગયા ! એ તો નિઃસ્પૃહ રહ્યા, પણ શબ્દપ્રેમીઓ કે સાહિત્યસંસ્થાને એમનાં સારાં કાવ્યોના સંગ્રહની સ્પૃહા થશે તો એ યોગ્ય અંજલિ ગણાશે. દેખાવે રુક્ષ. કાળો વાન, મોટા હોઠ, ધોળા - જીંથરકા વાળ, સફેદ દાઢી પણ આંખોમાં આખુંય માનવ્ય ડોકાય. સદાય ભીની આંખો - પ્રેમછલકતી. ભર્યાભર્યા માણસની ખોટ તો કવિથીયે મોટી છે ! એક સા...આ...ચ્યો જણ ગયો!

- ઈન્દુકુમાર ત્રિવેદી

અવલોકન

ઍરિસ્ટૉક્રેટિક નવલકથા : 'ઘટસ્ફોટ'

['ઘટસ્ફોટ' લે. મહેશ દવે, ઈમેજ પબ્લિકેશન્સ, ૧૩૩, હસ્સા મહલ, દલામલ પાર્ક, કફ પરેડ, મુંબઈ ૪૦૦ ૦૦૫. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૩, મૂલ્ય : રૂ. ૧૫૦-૦૦]

ઘણી બધી નવલકથાઓમાં વંશવૃક્ષ આપવા પાછળનો આશય એવો હોય છે કે, અસંખ્ય પાત્રોના આંતરિક સંબંધોની આંટીઘૂંટીનો ખ્યાલ બરાબર બંધબેસતો અને સ્પષ્ટ થાય. આ ઉપરાંત નવલકથામાં આવતી જાતિની પ્રાદેશિક ઓળખ મળી રહે. ગેબ્રિઅલ ગાર્શિઆ માર્ક્વેસની 'વન હન્ડ્રેડ ઈઅર્સ ઑફ સોલિટ્યુડ'માં આવતું વંશવૃક્ષ સ્પેનનો પ્રદેશ અને કોઈ જાતિનો પરિચય કરાવે છે. અહીં 'ઘટસ્ફોટ'માં વંશવૃક્ષ જરૂરી છે? કેટલું? 'ઘટસ્ફોટ' એ મુંબઈ મહાનગરનો ભૂતકાળ અને અમદાવાદ નગરીના વર્તમાનથી બંધાતો સેતુ છે.

જયશંકર અને મહાશંકર બે માલપુર ગામના મિત્રો. મહાશંકરનો પુત્ર સુમન્તરાય અને જયશંકરની પુત્રી લક્ષ્મીબહેન. બંનેનાં કૌટુંબિક ગોઠવણથી લગ્ન કરાવવામાં આવે છે. સુમન્તરાય અને લક્ષ્મીનો સંસાર શરૂ થાય છે. તેઓનું ફરજંદ અમલ. અંબારામ ભટ્ટના મહાશંકરની જિંદગી મુંબઈમાં ઘડાય છે. પરિસ્થિતિવશ સુમન્તરાય અને લક્ષ્મીબહેન અમદાવાદમાં સ્થાયી થાય છે. અમલ અમદાવાદમાં ઉછરે છે. યુવાન થતાં કોલેજમાં તેનો અભ્યાસ શરૂ થાય છે. વાણીજ્યનો વિદ્યાર્થી હોવા છતાં કલાકીય તેમજ ફિલોસોફિક બુદ્ધિ-આંક ઊંચો. તેની સાથે અભ્યાસ કરતી સંનિધિ નામની છોકરી સાથે પ્રણયથી જોડાય છે. લેખકે આ બંનેની પ્રણયલીલા દ્વારા આધુનિક જીવનનું ફેન્સીપણું આલેખ્યું છે. એમાં તત્ત્વચિંતન, સાહિત્ય, વેપાર, મનોવિજ્ઞાન વગેરે વિષયોને લગતી માહિતી વણાઈ જાય છે. ક્યાંક કાવ્યકંડિકાઓનાં થીંગડાં બેહૂદાં લાગે છે. ઘણીવાર લેખક માહિતી પીરસવાનો આયાસ કરતા હોય એવું પણ લાગે છે. નવલના કથાવસ્તુને લંબાવવા એ બધા જ્ઞાનનો માધ્યમ તરીકે ઉપયોગ થતો જણાય છે. કથાઘટકમાં લેખક મહેશ દવેની માન્યતાઓ આવા જ્ઞાન દ્વારા પ્રગટતી લાગે છે. કહેવાય છે કે કોઈપણ વ્યક્તિ બે નવલકથા લખી શકે તેટલો વિચારજથ્થો અને જીવનવ્યાપ ધરાવતી હોય છે. એટલે કોઈપણ લેખકની સાચી કસોટી ત્રીજી નવલકથામાં થાય છે.

અમલનો જિગરી મિત્ર નિમેષ' સુમન્તરાયના ખોળે ઉછરે છે, ઘડાય છે. અમલ, સંનિધિ, નિમેષ, મેહુલા, સુરેખા અને પૌલા દ્વારા સંપૂર્ણ આધુનિક સંસ્પર્શ આ નવલકથાને મળે છે. અમલ અને સંનિધિની માતા વનશ્રીબહેનનું હૃદયહુમલાથી મૃત્યુ થાય છે. આવા કોઈન્સિડેન્ટથી વાચક અચંબો અનુભવે છે. બીજો આવો જોરદાર આંચકો લક્ષ્મીબહેન અને વેવાઈ રંજનલાલ હરદ્વાર ખાતે જળસમાધિથી ખતમ થઈ ગયાં, તે કારણે અનુભવાય છે.

અહીં લેખક મહેશ દવેના Inner Life અને outer life બંને દૃષ્ટિકોણ પ્રગટ થાય છે. સ્કોપન હાઉરે આ જ અર્થમાં કહ્યું છે : "A novel will be all the higher and nobler in kind in direct proportion to how much it presents inner life and how little outer life." આ વાત stream of consciousnessની ટેક્નિક પર નિર્ભર છે. 'ઘટસ્ફોટ'નો અર્થ જોતાં નવલકથાને સક્ષમ પ્રતીકની કોટિએ લઈ જવાનો લેખકનો પરિશ્રમ અને પ્રયાસ છે. નાયક અમલ Inner અને outer જીવનવ્યાપનો પુરાવો છે.

મહાશંકર અને જયશંકરના જીવનના ફલૅશ બૅકથી કથાનો આરંભ થયેલો. એ પહેલાં ત્રણ અનઆઈડેન્ટિફાઈડ બૅગનું રહસ્ય ગોપિત રહી એક સમસ્યા બની જાય છે. આ સમસ્યા અંતે લેખક હલ કરે છે. જયશંકરનાં ત્રણ સંતાન : લક્ષ્મીબહેન, જવાહર (જે. જે.), ચંદ્રશંકર (સી. જે.) અને મહાશંકરને એક સંતાન સુમન્તરાય હતાં. સુમન્તરાય સાથે લક્ષ્મીબહેનને પરણાવવાથી બંને કુળો ઓતપ્રોત બની ગયેલાં.

મુખ્ય નાયક અમલ inner અને outer lifeનો પુરાવો છે. એની સભાનતા આખી નવલકથાનો પાયો છે. નિમેષ સુમન્તરાયના ખોળે ઉછરેલો છે, જેથી સગા પુત્ર અમલ કરતાં સુમન્તરાય પર તેને વિશેષ સ્નેહ છે. અમલ અને નિમેષ બંને નાયક હોવાનાં લક્ષણો ધરાવે છે. પરંતુ અમલ વિશેષ કરીને નાયક તરીકે ઊપસી આવે છે. એનામાં નાયકની સાહસિકતાનાં તમામ લક્ષણો છે. તે ધીરોદાત્ત હોવા છતાં પિતા સુમન્તરાયથી અલગ પડી જતો લાગે છે.

એ જનરેશન ગૅપને પરિણામે સુમન્તરાય ગળે ફાંસો ખાઈને આપઘાત કરે

છે. અમલ જાતીય વાસનાના અસંતોષને લીધે કૉલગર્લ પૌલોમી ઝાલા (પૌલા-પિઝા) સાથે ભ્રાંતિયુક્ત પ્રેમમાં પડે છે. એને પરિણામે અમલ અને પૌલા દ્વારા સાંનિધ્યનું ખૂન થાય છે. તેની લાશના ત્રણ ટુકડા અલગ અલગ બૅગમાં અમદાવાદ એરપોર્ટ પર આવે છે. આ બૅગો અનઆઈડેન્ટિફાઈડ લગેજ તરીકે પડી રહી હોય છે.

આ રહસ્ય સ્ફુટ થયા પછી અમલ અંગે પૌલાને ગેરસમજ થાય છે. સંનિધિની જેમ પૌલા અમલનું પણ કાસળ કાઢી નાખે છે. અમલની લાશના ચાર ટુકડા ચાર બૅગોમાંથી પટના એરપોર્ટ પરથી ઢાળી આવે છે. એ પણ અનઆઈડેન્ટિફાઈડ લગેજ હોય છે. નિમેષ પગેરું શોધતો પૌલા પાસે જાય છે ત્યારે એની હાજરીમાં જ પૌલા આપઘાત કરે છે. આમ, નિમેષના આલંબનનો અને તેના પ્રેમની હૂંફનો અંત આવ્યો. જીવનના અવશેષે તે એકલો જ રહી ગયો. તેને લાગવા માંડ્યું કે, 'જ્ઞાન, બુદ્ધિ, લૉજિકનો મહિમા ખોટો હતો. તે બધાં દુઃખી થવાનાં લક્ષણો છે. તમે કહેતા: Dissatisfied Socrates is better than a satisfied pig ! બધું ખોટું. મારે નથી જાણવું.... નથી વિચારવું... મારે થાવું છે સંતુષ્ટ ભૂંડ... હા... સંતુષ્ટ ભૂંડ...!'

આ નવલકથાના અંત સુધી આવતાં ખરેખર અમલનો ઘટસ્ફોટ કરતાં ઘટવિસ્ફોટ જ છે. આ વિસ્ફોટ જીવનનો અસંતોષ અને મનોવિકૃતિ પ્રગટ કરે છે. 'ઘટશ્રાદ્ધ' નામની તમિળ કે મલયાલમ ફિલ્મનું આધુનિક પ્રતિફળ રૂપ 'ઘટસ્ફોટ' લાગે છે. અહીં સંનિધિ, અમલ અને પૌલાનાં મૃત્યુ યુક્તિપૂર્વકનાં છે, જેથી અમુક અંશે ફિલ્મી ટ્રીક ફૉર્મ્યુલાની અસર પણ વર્તાય છે. પાછળથી લેખકે ઘટનાઓની ઝડપ વધારીને ખૂબ આંચકા આપી દીધા છે. એકંદરે 'ઘટસ્ફોટ' ગુજરાતીઓની ઍરિસ્ટૉક્રેટ નવલકથા ગણી શકાય.

- ડૉ. નલિન પંડ્યા

અનુસંધાન] **સ્વાહિલી** [પૃ. ૬૨૫થી

રિવાજ, પરંપરા અને ધર્મ પણ સ્વાહિલી સ્ત્રીને પોતાનું ગૌરવ સાચવવામાં તથા પતિના સંતોષ ખાતર આકર્ષક લેબાસ પહેરવા પ્રોત્સાહિત કરે છે. સાહિત્યમાં પણ તે ભાવનાનું પ્રતિબિંબ પડ્યું છે. લામુની પ્રખ્યાત કવયિત્રી કુપોના સ્વાહિલી ભાષાની લોકપ્રિય કવિતામાં પોતાની પુત્રીને- પતિને ખુશ રાખવા, ગુણિયલ બનવા, પતિની સંભાળ રાખવા તથા ઘરનું વાતાવરણ સારું રાખવાની શિખામણ આપે છે.

સ્વાહિલીની સંસ્કૃતિની માફક તેમના ભોજનમાં પણ વૈવિધ્ય રહેલું છે. મિશ્ર પ્રજા હોવાથી તેમણે જુદા જુદા લોકોની ખોરાકની ટેવો અપનાવી લીધી છે. સમગ્ર કિનારાનો પ્રદેશ ખેતીનો વિસ્તાર હોવાથી ત્યાં ચોખા, મકાઈ, બાજરી, કસાવા, શકરિયાં, બટાટા, વટાણા, વિવિધ કઠોળ તથા કેરી, કેળાં, પપૈયાં, નારંગી, પાઈનેપલ, જામફળ વગેરે ફળ પાકે છે. નાળિયેરીનાં વૃક્ષ મોટા પ્રમાણમાં ઊગે છે. લોકો માછલી તથા ઘેટાં, બકરાં, મરઘાં અને ગાયનું માંસ પણ ખાય છે. ઉપર્યુક્ત અનાજ, કઠોળ અને શાકમાંથી તેઓ વિવિધ વાનગીઓ બનાવે છે. સ્વાહિલી ગૃહિણી તેમાં કુશળ હોય છે.

અનેક સ્વાહિલીઓ સદીઓથી શિક્ષિત હતા. તેઓ કુરાન અને બીજા ધાર્મિક ગ્રંથોનું અધ્યયન કરતા. સૌથી જૂની સ્વાહિલી કવિતા ૧૭૨૮ની સાલની પ્રાપ્ત થઈ છે. તે અગાઉ પણ કાવ્યો લખાયાં હશે. શરૂમાં અલ્લાહની પ્રશંસા અને તેના પેગંબરોની પ્રાર્થના, સંતોનું જીવન, ધર્મયુદ્ધ, ધર્મના ફાયદા વગેરે વિષે કાવ્યોની રચના થતી હતી. ત્યાર બાદ કેટલાક કવિઓએ પ્રણયગીતો, રાજકીય બાબતોને લગતાં કાવ્યો વગેરે લખ્યાં.

સ્વાહિલીઓના ઇતિહાસમાં ફયુમો લિયોન્ગો મહાન વીર તરીકેનું સ્થાન ધરાવે છે. તેના વિષે સાહિત્યમાં ઘણું લખાયું છે. તે દેખાવડો અને બહાદુર યુવાન, ઉંગવાણાના સુલતાનનો પ્રતિસ્પર્ધી હોવાથી તેને મારી નાંખવાના પ્રયાસો સુલતાને કર્યાં. પરંતુ તે નિષ્ફળતામાં પરિમણ્યા. આખરે તેના જ પુત્રે યુક્તિ બતાવવાથી લિયોન્ગો માર્યો ગયો.

૧૯મી સદીના પૂર્વાર્ધમાં મ્વાના કુપોના નામની પ્રસિદ્ધ સ્વાહિલી કવયિત્રી લામુમાં રહેતી હતી. તે સિયુના રાજકર્તાની પત્ની હતી. તેણે પોતાની પુત્રી હશિમાને સાસરે વળાવતી વખતે શિખામણ આપતી કવિતા લખી છે. તે કવિતા દરેક સ્વાહિલી કુટુંબમાં ગવાય છે.

૧૯મી સદીના પૂર્વાર્ધમાં મુયાકા બિન હાજી અલ્ ઘસાની નામે મોમ્બાસામાં પ્રખ્યાત કવિ થઈ ગયો. તે સમયે ત્યાં મઝરૂઈ સત્તા પર હતો. મુયાકા તેનો મિત્ર હતો અને પોતાનાં કાવ્યો દ્વારા તેના હરીફ ઝાંઝિબારના સુલતાનની વિરુદ્ધ મઝરૂઈને ટેકો આપતો હતો. તેથી મુયાકા રાજકવિનું બિરુદ પામ્યો હતો. તેણે ઉપર્યુક્ત રાજકીય બાબતો ઉપરાંત પ્રણય-ગીતોની રચના પણ કરી છે. ❑

કલાવાર્તા



કલાકાર અજિત દેસાઈ–સ્વ.*

૧૭ જુલાઈ, ૧૯૯૪ના રોજ જેમનું અવસાન થયું તે, અમદાવાદના શેઠ ચી. ન. કલામહાવિદ્યાલયના આચાર્ય અને ગતિશીલ અમૂર્ત આકારો દ્વારા આગવી કલાભિવ્યક્તિના સર્જક કલાકાર શ્રી અજિત દેસાઈના જવાથી કલાસર્જનમાં પ્રકટેલો એક નવો ઉન્મેષ હાલ તુરત તો વિલાઈ ગયો છે. અવસાન પૂર્વે અગિયાર માસ પહેલાં જ એમને બ્રેઈન ટ્યૂમરનું ઑપરેશન કરાવવું પડ્યું હતું અને એ પછી એમનું કલાસર્જન પણ ચાલતું હતું ત્યાં જ વ્યાધિએ એમનો ભોગ લીધો.

દક્ષિણ ગુજરાતના ગણદેવી તાલુકાના પિપલધરા નામના એક ગામમાં ૧૯૪૩ની ૭ એપ્રિલે એમનો જન્મ ચીકુની વાડીઓ અને ઘરના આંબાવાડિયા વચ્ચે એમનો ઉછેર થયો અને પ્રકૃતિ પ્રત્યેનો એમનો પ્રેમ કૉળ્યો, તે એટલો કે દર રજાઓમાં એ સપરિવાર અચૂક ગામ જઈ પોતાના આંબાવાડિયા વચ્ચે રહે, કલાકાર્ય કરે.

વડોદરાની ફાઈન આર્ટ્સ ફૅકલ્ટિમાં એપ્લાઈડ આર્ટ્સનો અભ્યાસ કરી ડિપ્લોમા મેળ્યો. વનસ્પતિમાં પણ એમણે કલાભ્યાસ કરેલો. ભીંતચિત્ર, મ્યૂરલ અને શિલ્પકલાના પણ એ જાણકાર હતા. ધાતુ અને કાષ્ટની એમણે સંખ્યાબંધ શિલ્પકૃતિઓ સરજી છે અને એ ઇનામપાત્ર પણ ઠરી છે.

વડોદરામાં કલાભ્યાસ દરમિયાન અજિતભાઈને ડ્રૉઈંગમાં ઊંડો રસ હતો અને તેમાં એમના ગુરુ શ્રી જેરામ પટેલનો પણ પ્રભાવ હતો. મોટાં કદની બ્લૅક ઍન્ડ વ્હાઈટ ડ્રૉઈંગની જેમ એમનાં રંગપૂર્ણ ચિત્રોમાં પણ એમની અનોખી પહેચાન મળે છે. કલા મહાવિદ્યાલયમાં અધ્યાપન સંસ્થાનું સંચાલન સંભાળવા સાથે તેઓનું સર્જનકાર્ય પણ એકધારું ચાલતું જ રહેતું.

અજિતભાઈના સર્જનોમાં બહુધા અમૂર્ત અને સ્વપ્નીલ આકારો જોવા મળે છે. એ અમૂર્ત આકાર-આકૃતિઓમાં પશુપંખી કળાય તેમજ માનવ-આકારો પણ દેખાય, પણ આ બધું વૈશ્વિક પરિમાણોમાં. એમનાં આલેખનો અરૂઢ શૈલીમાં અને છતાં ગતિશીલ લાગે. અત્યંત ઝડપે અને છતાં ધાર્યા વળાંક પ્રકટ કરવામાં તેઓ સિદ્ધહસ્ત હતા. અભિવ્યક્તિની એમણે એક આગવી જ શૈલી પ્રકટાવી હતી. એમની ગતિશીલ અમૂર્ત શૈલીની કૃતિઓ

* સ્કેચ : અશોક ખાંટ

કલાકાર સોમાલાલ શાહ - સ્વર્ગસ્થ

અમને જણાવતાં અત્યંત દુઃખ થાય છે કે વર્ષોથી 'કુમાર'ના પરિચિત આપ્તજન કલાકાર શ્રી સોમાલાલ શાહનું ગઈ તા. ૧૨ નવેમ્બરની રાતે અવસાન થયું છે. એમના જવાથી ગુજરાતના એક નિષ્ઠાવાન ચિત્રકાર અને પક્ષીચિત્રોના વિશારદ કલાકારની જલ્દી નહિ પુરાય તેવી ખોટ પડી છે.


ઈ.સ. ૧૯૦૪ની ૧૪ ફેબ્રુઆરીએ કપડવંજના ખડાયતા વણિક પરિવારમાં એમનો જન્મ પિતા ચુનીલાલ શાહ કરિયાણાના વેપારી, પણ સોમાલાલને બચપણથી જ કલામાં રસ અમદાવાદમાં અભ્યાસ સાથે કલાસાધના પણ કરી. મુંબઈમાં સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટમાં તથા વડોદરામાં કલાકાર શ્રી પ્રમોદકુમાર ચૅટરજી પાસે અને છેલ્લે અવનીબાબુની ઇન્ડિયન સોસાયટી ઑફ ઓરીએન્ટલ આર્ટમાં કલાભ્યાસ કરી, ભાવનગરમાં દક્ષિણામૂર્તિમાં અને તે પછી ભાવનગરના રાજપરિવારમાં કલાશિક્ષણ આપ્યું. ત્યાં એમણે પક્ષીઓની એક સુંદર ચિત્રમાળા સર્જી. આ પ્રકારનાં ચિત્રોમાં કદાચ ગુજરાતભરમાં એકમાત્ર નિષ્ણાત ચિત્રકાર હતા.


સેવાનિવૃત્તિ પછી તેઓ અમદાવાદમાં સ્થાયી થયા હતા. અહીં પણ તેઓ સદા પ્રવૃત્ત રહેતા અને તબિયતે સાથ આપ્યો ત્યાં સુધી નવાં નવાં ચિત્રો અથવા પોતાનાં જૂનાં ચિત્રોમાં ઉમેરણ કરતા જ રહેલા. વાદવિતંડાઓથી પર રહી એમણે પોતાની કલાપ્રવૃત્તિ સતત જારી જ રાખેલી. એમનું સમગ્ર જીવન શાંત સ્થિર જળભર્યા નાનાશા સરોવર સમું હતું. તોફાન કે ઉછાળા તેમાં જોવા ન મળે, પણ તેમાં રસમય ઊર્મિઓ લહેરાતી જોવા મળે. કન્યા જેવી લજ્જાળુતા, એ ઊંચી કાઠીના શ્યામવર્ણા સજ્જન માટે માન અને પ્રેમની લાગણી પેદા કરતી. પોતાનાં ચિત્રો ઉપર વિવિધ રંગના પ્રયોગો કરતા રહીને તેઓ રંગના સ્વામી બનેલા. મનની સારી છાપ ન પ્રકટે ત્યાં સુધી ચિત્રો ઉપર સતત પ્રયોગ કરતા રહેવામાં એ માનતા. વિશ્વની કળા પર દૃષ્ટિ ટકાવી રાખનાર કલાકારોને ગુજરાતની કલા ઉપર પણ દૃષ્ટિ માંડવા આગ્રહ કરતા. કદાચ આથી જ એમનાં ચિત્રોમાં જાનવપદી જીવન અને પંખીસૃષ્ટિનું આગવું આકર્ષણ જોવા મળે છે. ઈશ્વર એમના આત્માને શાંતિ આપે.


-બિ.


(એમનો વિગતે પરિચય હવે પછી.)











૧૯ જેટલાં પ્રદર્શનોમાં રજૂ થઈ હતી અને એટલા જ ઍવોર્ડ્સ મેળવ્યા હતા. દેશવિદેશમાં ૧૧ કલાસંગ્રહોમાં એમની કૃતિઓ સંઘરાયેલી છે. ચિત્રો, શિલ્પો, પોસ્ટર ડિઝાઈન, ગ્રાફિક્સ વગેરેમાં એમણે ઍવોર્ડ અને ઈનામો મેળવેલાં. કલાના ક્ષેત્રે પોતાની અલગ કેડી કંડારીને એમણે અભિવ્યક્તિનું આગવું અને ભિન્ન વ્યક્તિત્વ પ્રકટ કર્યું છે.

- બંસીલાલ દલાલ

મથાળે ડાબી બાજુથી અનુક્રમે : ભ્રામક ક્ષિતિજ, મૂક નિરીક્ષક, બોડ, 'ભૂરા અવકાશમાં તરતા આકારો અને નિશાચર. અજિતભાઈએ વિશાળ કેનવાસો પર કરેલા પીછીના અવનવા મુક્ત લસરકાઓમાં તર્કબદ્ધ અર્થ શોધી ન શકાય, પણ સ્વપ્નીલ આકારોની એ અરાજક સૃષ્ટિમાં ગતિશીલતા પ્રકટ થઈને અસંપ્રજ્ઞાત ચિત્તમાં કોઈક ચિત્ર સાકાર થતું લાગે છે. એમના આ આકારો સપાટ ન બની રહેતા ઊંડાણની અનુભૂતિ પણ કરાવે છે. આંખો વડે જે ન જોઈ શકાય તેવા કુદરતના ખયાલને એમણે વિશાળતાથી પ્રકટ કર્યા છે.



કારતકનાં સરિતાજળ જેવાં
વહેજો ઘર ઘર વાણી !
ડગલે ડગલું એવું ભરીએ
જીવન ઉમદા કહાણી !

ભાનુપ્રસાદ પંડ્યા

ચંદ્રારોહણની રજતજયંતી

પચ્ચીસ વર્ષ પહેલાં તા. ૨૦-૭-૧૯૬૯ના રોજ ચંદ્ર ઉપર પગ મૂકનાર નીલ આર્મસ્ટ્રૉંગ પ્રથમ માનવી હતો. તે સમયે યુ.એસ.એ. અને યુ.એસ.એસ.આર. વચ્ચે ઠંડું યુદ્ધ ચાલતું હતું. આવા નાજુક સમયે ચંદ્ર ઉપર પહેલા પહોંચવાનું યુ.એસ.એ.નું પગલું રાજકીય અને ટેક્નોલૉજિનો વિજય હતો. તે સમયે સોવિયેટ રશિયાએ ચંદ્ર ઉપર જવા કોઈ આયોજન કર્યું હતું કે નહીં તે એક રહસ્ય છે. પણ એટલું નિશ્ચિત છે કે નિકિતા ક્રૂશ્ચોવને બ્રેઝનેવના સમયે આવી સ્પર્ધા તો હતી જ. વૈયક્તિક સ્પર્ધા, રાજકીય જોડાણોનું સ્થાનાંતર, અમલદારશાહીની બિનકાર્યક્ષમતા અને રોજી-રોટીના પ્રશ્નોને કારણે સોવિયેટના ચંદ્ર ઉપર અવતરણના કાર્યક્રમમાં વિલંબ થયો. તેથી ઊલટું, અમેરિકાને ચંદ્ર ઉપર પહોંચવા માટે રાજકીય અને પ્રજાનો ભારે ટેકો મળતો રહ્યો હતો. કુશળ નિષ્ણાતો, ઊંચી ધગશવાળા કામદારો અને પ્રબંધકો દ્વારા નાસા (National Aeronautics and Space Administration)એ આ કાર્યક્રમને ઘણો ફાયદો કરી આપ્યો હતો. આ માટે અમેરિકાને જબરદસ્ત આર્થિક ટેકો મળ્યો હતો.

ઈ.સ. ૧૯૫૭ના ઑક્ટોબરમાં સોવિયેટે સૌપ્રથમ વાર કૃત્રિમ ઉપગ્રહ 'સ્પૂટનિક' હવામાં તરતો કરી અવકાશ સંશોધનનાં પરિણામોનો પરચો દેખાડ્યો. બે વર્ષ બાદ સોવિયેટે તપાસ-સામગ્રી (Probe) સાથે ઉગ્રહને છોડીને ચંદ્રની સપાટીની તસ્વીરો ઝડપી. ત્યારબાદ તા. ૧૨-૪-૬૧ના રોજ યુરી ગાગારિન પ્રથમ અવકાશયાત્રી બન્યો. ઉપરાઉપરી મળેલી સિદ્ધિઓ દ્વારા સોવિયેટે પ્રતિપાદિત કર્યું કે સામાજિક અને આર્થિક વ્યવસ્થા તરીકે સામ્યવાદ એ સિદ્ધ અને શ્રેષ્ઠ (ચઢિયાતી) વ્યવસ્થા છે. સોવિયેટની આ સિદ્ધિઓ સાથે અમેરિકા અને સોવિયેટ વચ્ચે ભારે અંતર પડી ગયું. તે સમયે પ્ર. આઈઝનહૂવરે અવકાશ સંશોધન સ્પર્ધાના ખ્યાલનો સમૂળગો અસ્વીકાર કર્યો અને જણાવ્યું કે અવકાશ પરના વિજયને રાષ્ટ્રની મૂળભૂત તાકાત સાથે કંઈ જ નિસ્બત નથી. રાજકીય કારણોને લીધે તેણે અવકાશ સંશોધન કાર્યક્રમની સતત અવગણના કરી તે છતાં આઈઝનહૂવરે ૧૯૫૮ના જુલાઈમાં નાસાની રચના કરી.

પ્ર. હૂવરના ઉત્તરાધિકારી પ્ર. જ્હોન એફ. કૅનેડીને ખ્યાલ આવ્યો કે અવકાશ-અન્વેષણ અને જાગતિક નેતાગીરીને સીધો સંબંધ છે. પ્ર. કૅનેડીએ નિર્ધાર કર્યો કે અવકાશ-ઉડ્ડયનના કાર્યક્રમમાં આગળ નીકળવું જ રહ્યું. તા. ૨૦-૪-૬૧ના રોજ એટલે કે ગાગારિનના અવકાસ ઉડ્ડયનના આઠ જ દિવસ પહેલાં પ્ર. કૅનેડીએ ઉપપ્રમુખ લિન્ડન જોન્સનને જણાવ્યું કે, 'આપણી પાસે એવો કોઈ અવકાશ - કાર્યક્રમ છે જે ચમત્કાર સર્જી શકે અને આ સ્પર્ધા આપણે જીતી જઈએ ?' વધુમાં જણાવ્યું કે, 'શું આપણે અવકાશ પ્રયોગશાળા તરતી કરીને કે ચંદ્રની આસપાસ પરિભ્રમણ કરીને કે ચંદ્ર ઉપર રૉકેટ મોકલીને કે ચંદ્ર ઉપર માણસ મોકલીને પાછો લાવી સોવિયેટને મહાત કરી શકીએ તેમ છીએ ?' જોન્સને માત્ર બે અઠવાડિયામાં આ બધા પ્રશ્નોના ઉત્તરો આપે તેવી યોજનાને આકાર આપ્યો.



પોતાના પાંચ જ વાસાના બાળપુત્રને સુવરાવવા કોથળો પાથરતી પ્રાણી-સંગ્રહાલયની એક ગોરીલા માતા. આમ તો એ કોઈનેયે પોતાની કે પોતાના બાળકની નજીક પણ આવવા ન દે, એટલે એની નજીકના બીજા પાંજરામાં સલામત અંતરે રહીને પથારી પાથરી બતાવીને એને કોથળો પાથરવાની આ રીત શીખવવામાં આવી હતી. એ જોઈજોઈને એણે એ રીત શીખી પણ લીધી.

જોન્સને અમેરિકી લશ્કરના રૉકેટ ઇજનેર વર્નર વૉન બ્રોનને પકડ્યા. વર્નરે જણાવ્યું કે અવકાશમાં માનવયુક્ત પ્રયોગશાળા તરતી કરીને સોવિયેટને પાછળ પાડવાનું ક્ષેત્ર આજના તબક્કે ઓછું શક્ય લાગે છે, પણ ત્રણ માણસો ચંદ્રની આસપાસ પરિભ્રમણ કરીને પાછા આવી શકે તેવી પૂરેપૂરી શક્યતા છે. તદુપરાંત ચંદ્ર ઉપર પ્રથમ વાર અવતરણ કરવા માટે આપણી પાસે સુંદર તકો છે. તે માટે જરૂરી રૉકેટ અમેરિકા પાસે ન હતાં, જે સોવિયેટ પાસે હતાં. ઈ.સ. ૧૯૬૭-૬૮ સુધીમાં આ બધા ધ્યેયો પાર પાડવા માટે અમેરિકા આશાસ્પદ હતું.

અવકાશ કાર્યક્રમમાં આગળ ધપવા માટે આખરી મુત્સદ્દો તા. ૮-૫-૬૧ના રોજ પ્ર. કેનેડીને આપવામાં આવ્યો. તેના ઉપર નાસાના પ્રશાસક જેમ્બ વેબ અને રક્ષામંત્રી રૉબર્ટ મૅક્નેમેરાના સહી-સિક્કા થયા. ઈ.સ. ૧૯૬૦ પછીના દશકામાં માનવ સાથે ચંદ્ર ઉપર પહોંચવા માટે અમેરિકા કટિબદ્ધ થયું. રાષ્ટ્રની ઇજ્જત ખાતર વિધેયાત્મક નિર્ણય તાકીદે કરવામાં આવ્યો. ચંદ્ર ઉપર પ્રથમ અવતરણ એ ઠંડું-યુદ્ધ જીતવાનો એક મહત્ત્વનો મુદ્દો બન્યો.

પ્ર. કેનેડીએ તા. ૨૫-૫-૬૧ના રોજ કૉન્ગ્રેસને જણાવ્યું કે, 'આપણે ચંદ્ર ઉપર પહોંચવું જ રહ્યું. આ અવકાશ કાર્યક્રમ જ પ્રભાવક અને ઉત્તેજનાત્મક બની રહે તેમ છે. આપણે ભલે ચંદ્ર ઉપર જનાર પ્રથમ ન હોઈએ પણ પ્રયત્નો કરવામાં છેલ્લા તો ન જ હોઈએ.' પ્ર. કેનેડીએ ઈ.સ. ૧૯૭૦ સુધીમાં ચંદ્ર ઉપર પહોંચવા પ્રતિજ્ઞા કરી. પ્ર. કેનેડીની આ જાહેરાત બાદ પ્રજામાં અને રાજકારણમાં સામાન્ય ચર્ચાઓ જરૂર ચાલી, પણ એકાદ વર્ષમાં અમેરિકન કૉન્ગ્રેસે નાસાના બજેટમાં ૮૯ ટકા વધારો કર્યો. તે પછીના બીજા વર્ષ ૧૦૧ ટકા વધારો કર્યો. ઈ.સ. ૧૯૬૧-૬૩ વચ્ચે ૧૬,૫૦૦થી વધીને ૨૮,૦૦૦ લોકો કામ કરતા થયા. અવકાશ કાર્યક્રમ ઉપર કામ કરનારા ઠેકેદારો ૬૦,૦૦૦થી ઓછા હતા જે વધીને ૨,૦૦,૦૦૦ થયા.

પ્ર. કેનેડીની જાહેરાત બાદ પ્રથમ પાંચ વર્ષ દરમ્યન ટેક્નિકલ બાબતે ઘણી ચર્ચાઓ થઈ. ચંદ્ર ઉપર પહોંચવા માટે અવકાશયાનના જરૂરી ભાગોને રૉકેટ વડે પૃથ્વીની આસપાસ પરિભ્રમણ કક્ષામાં મોકલવા અને ત્યાં જ બધા ભાગો ભેગા કરવા. નાસાના વૈજ્ઞાનિક સલાહકાર જેરોમ બિસ્નરે પૃથ્વીની આસપાસની કક્ષામાં બધા ભાગો ભેગા કરવા (earth orbit rendezvous)ની યોજના પ્રમાણિત કરી. મૅક્નેમેરાને પણ આ ખ્યાલ ઠીક લાગ્યો. નાસાના ઇજનેરોએ ચંદ્રની આસપાસ પરિભ્રમણ કક્ષામાં બધા ભાગો ભેગા કરવાનો બીજો ખ્યાલ રજૂ કર્યો. એપોલો યાનને અવકાશમાં ચંદ્રની આસપાસ ફરતું કરવું, ત્યારબાદ તેમાંથી એક નાનું યાન છૂટું પાડવામાં આવે જે ચંદ્રની ધરતી ઉપર જઈને પરત આવે, તે ખ્યાલને નાસાએ સ્વીકાર્યો. ઈ.સ ૧૯૬૨ સુધી અમેરિકાનો અવકાશ કાર્યક્રમ બરાબર આગળ ચાલ્યો. જ્યારે સોવિયેટમાં ઢીલાશ આવી હતી. ૧૯૫૭-૬૧નો ગાળો સોવિયેટ માટે શ્રેષ્ઠ રહ્યો જ્યારે ૧૯૬૧-૬૨માં અમેરિકાએ એલન બી. શેપર્ડને અમેરિકાનો પ્રથમ અવકાશયાત્રી બનાવીને સોવિયેટની બરાબરી કરી.

ચંદ્રારોહણનો અમેરિકાનો કાર્યક્રમ ખુલ્લો હતો જ્યારે સોવિયેટનો કાર્યક્રમ બિલકુલ ખાનગી હતો. સોવિયેટ અખબાર ઇઝવેસ્તિયાએ તા. ૧૮-૮-૮૯ના રોજ પ્રથમવાર પ્રણાલિકાનો ભંગ કરીને સોવિયેટના ચંદ્રારોહણના પ્રયાસોને નિરર્થક અને નિષ્ફળ ગણાવ્યા. જો કે ૧૯૬૬-૭૪ વચ્ચે સોવિયેટે ચંદ્રારોહણના સઘન પ્રયત્નો કર્યા હતા પણ અત્યંત ખાનગી રીતે.

ઈ.સ ૧૯૬૧માં કેનેડીએ ક્રૂશ્ચોવને બે વખત જણાવ્યું કે ચંદ્રારોહણ માટે અમેરિકા અને સોવિયેટે ભેગા મળીને પ્રયત્નો કરવા જોઈએ; પણ ક્રૂશ્ચોવે નિરુત્તર રહેવાનું પસંદ કર્યું. કારણ કે સોવિયેટને ચંદ્ર ઉપર પહેલા પહોંચવાની ઉમ્મીદ અને યકીન હતાં. ત્રણ વર્ષની ચર્ચાઓ બાદ સોવિયેટે ચંદ્રારોહણનો કાર્યક્રમ ઘડી કાઢ્યો. આ સાથે ઔદ્યોગિક એકમો અને અવકાશ કાર્યક્રમ વચ્ચે પ્રાથમિકતાની બાબતે ઘણા અંવરોધો ઊભા થયા.

અમેરિકામાં ભર્નર વૉન બ્રોન તો સોવિયેટમાં અવકાશ ઇજનેર સેર્ગેઈ કૉરૉલેવ. રૉકેટની રચના, અવકાશ કાર્યક્રમના આયોજન અને વિકાસ માટે કૉરૉલેવ મુખ્ય શિલ્પી હતો. આ બધાં જ કામો માટે તેના મૃત્યુ સુધી તેનું નામ ગુપ્ત રાખવામાં આવ્યું હતું. તે સમયે કૉરૉલેવને ગૅસ ડાયનેમિક્સ લૅબૉરેટરિના વડા વેલેન્ટિન ગ્લુશ્કો સાથે સંઘર્ષમાં આવવું પડ્યું. ભૂતકાળમાં ગ્લુશ્કોના કહેવાથી કૉરૉલેવને વેઠિયાઓના કૅમ્પ (forcced camp)માં ધકેલી મૂક્વામાં આવ્યો હતો. કૉરૉલેવનો આગ્રહ હતો કે રૉકેટના ઇંધણ તરીકે પ્રવાહી હાઈડ્રોજનનો ઉપયોગ કરવો જ્યારે ગ્લુશ્કોએ હાઈડ્રોજન અને નાઈટ્રોજન ટેટ્રાઑક્સાઈડ જેવા સંયોજનોનો સંચય કરી શકાય તેવી રચનાવાળાં રૉકેટ તૈયાર કરવાનો આગ્રહ રાખ્યો. આ સંઘર્ષ દરમ્યાન ગ્લુશ્કોએ કૉરૉલવ સાથે કામ કરવાનો ઇન્કાર કર્યો. કટ્ટર સામ્યવાદમાં પણ ઇન્કાર કરવાનું બનતું હતું. ગ્લુશ્કોએ વાદિમિર ચેલોમેઈ સાથે જોડાણ કર્યું. કારણ કે, તેની સાથે ક્રૂશ્ચોવનો દીકરો સેર્ગેઈ હતો. આકાંક્ષાઓ પૂર્ણ કરવા માટે ચેલોમેઈને કૌટુંબિક સંબંધો ઠીકઠીક કામ લાગ્યા.

સોવિયેટ નેતાગીરીએ સોવિયેટ વિજ્ઞાન અકાદમીના પ્રમુખ કોલ્ડિશની ભલામણો ઉપર આધાર રાખ્યો. કેલ્ડિશે ન તો કૉરૉલેવ કે ન તો ગ્લુશ્કોનો પક્ષ લીધો. લઘુતમ રાજકીય અવરોધનો માર્ગ તેણે પસંદ કર્યો.

ઈ.સ. ૧૯૬૧માં ચેલોમેઈએ ચંદ્ર ઉપર ઊતરવાના પ્રયત્નો પર ભાર મૂક્યો નહીં, પણ ચંદ્રની આસપાસ પરિભ્રમણની યોજના સ્વીકારી. ઈ.સ. ૧૯૬૪ના ઑગસ્ટમાં ક્રેમલિને ચેલોમેઈના

અવકાશ યાન અને રૉકેટ યોજનાને, બોલ્શેવિક ક્રાંતિને પચાસ વર્ષ પૂરાં થયાં તે નિમિત્તે, માન્યતા આપી. ૧૯૬૪ના ઑક્ટોબરમાં પોલિટ-બ્યૂરો એ ક્રુશ્ચોવને સત્તા ઉપરથી દૂર કરવાનું કઠોર પગલું લીધું. તે સાથે ચેલોમેઈની પડતી થઈ ને તેના ઠેકાઓ રદ કરવામાં આવ્યા.

આ સમયગાળા દરમ્યાન કૉરૉલેવે કંઈ તેની દુકાન બંધ કરી ન હતી. ઈ.સ. ૧૯૬૨માં કોલ્ડિશ કમિશને ૭૫ ટન ભારને પૃથ્વીની આસપાસ કક્ષામાં ગોઠવી શકે તેવા N-1 રૉકેટના વિકાસનું કામ કૉરૉલેવને સોંપ્યું. આ રોકેટ ઈ.સ. ૧૯૬૫ સુધીમાં તૈયાર કરવાનું હતું. ચંદ્ર ઉપર પહોંચવાના હેતુ માટે N-1ના પ્રથમ તબક્કા માટે એરોપ્લેનના ૩૦ એન્જિનોની જરૂર હતી જ્યારે અમેરિકીના સેટર્ન-૫ માટે આવાં માત્ર ૫ એન્જિનોની જરૂર હતી.

ક્રુશ્ચોવના પતન બાદ સોવિયેટે અવકાશ-કાર્યક્રમની કરવટ બદલી. કેલ્ડિશ કમિશને કૉસ્મોનૉટ(અવકાશયાત્રી)ને ચંદ્ર ઉપર ઉતારવાની કૉરૉલેવની યોજનાને માન્યતા આપી. આ રીતે સોવિયેટના પ્રયત્નો વેગીલા બન્યા. ઈ.સ. ૧૯૬૬ના જાન્યુઆરીમાં સામાન્ય શસ્ત્રક્રિયા દરમ્યાન કૉરૉલેવનું અવસાન થતાં સોવિયેટ અવકાશ કાર્યક્રમમાં મોટી દુર્ઘટના સર્જાઈ. સોવિયેટે એક અસરકારક અને જાદુઈ નેતા ગુમાવ્યો. કૉરૉલેવના ઉત્તરાધિકારી વેસીલી મિશિન પાસે ન તો ઝાઝું રાજકીય પીઠબળ હતું કે ન તો કૉરૉલેવ જેટલી શક્તિ હતી. આથી સોવિયેટ અવકાશ કાર્યક્રમ કંઈક અંશે ધીમો પડ્યો.

અમેરિકન ઇન્ટેલિજન્સ સેટેલાઈટ તથા સી.આઈ.એ. તરફથી એવી માહિતી મળતી રહી કે ચંદ્ર ઉપર પ્રથમ અવતરણ કરવા માટે અમેરિકાને તક હતી. ૧૯૬૫-૬૬માં અમેરિકાએ જેમિની અવકાશયાનના ૧૦ સફળ પ્રયોગો કર્યા. નાસાએ એપૉલોના ઉડ્ડયનની તૈયારી કરી પણ તા. ૨૭-૧-૬૭ના રોજ એપૉલો-૨૦૪ અવકાશયાનમાં આગ લાગી અને ભારે દુર્ઘટના સર્જાઈ, જેમાં ત્રણ સંચાલકોનાં મૃત્યુ થયાં.

અમેરિકા અને સોવિયેટ બંનેના કાર્યક્રમોમાં મુશ્કેલીઓ પડતી રહી. ક્રુશ્ચોવના મનન બાદ બ્રેઝનેવ અને કોસિજીને ચંદ્રની આસપાસ કક્ષીય પરિભ્રમણની કૉરૉલેવની યોજનાને માન્યતા આપી. બે કૉસ્મોનૉટવાળા નવા સોયુઝ અવકાશયાનની કૉરૉલેવે રચના કરી હતી. ૧૯૬૭ના એપ્રિલમાં સોયુઝના નિષ્ફળ ઉતરાણને કારણે એક કૉસ્મોનૉટ માર્યો ગયો. ત્યારબાદ સોયુઝની નવી રચના દ્વારા કાચબા જેવા જીવોને તેમાં રાખી ચંદ્રની આસપાસ પરિભ્રમણ કરાવીને સફળતાપૂર્વક પૃથ્વી ઉપર પરત ઉતાર્યું. આથી સોવિયેટ કાર્યક્રમમાં કંઈક જોશ આવ્યું. તા. ૯-૮-૬૮ના રોજ એપૉલોને સૅટર્ન-૫ સાથે રાખી ત્રણ સંચાલકોને ચંદ્રની આસપાસ પરિભ્રમણ કક્ષામાં મોકલવાનું નક્કી થયું. આમાં જોખમ હતું. ત્યારબાદ નાસાના ડેપ્યૂટિ નિર્દેશક જ્યૉર્જ લોની એપૉલો-૭ અને એપૉલો-૮ મિશનને માન્યતા મળી.

આ સમયે સોવિયેટ સ્પર્ધામાં ટકી રહેવા માટે તરફડિયાં મારી રહ્યું હતું. ઈ.સ ૧૯૬૮ના ઑક્ટોબરમાં પૃથ્વીની આસપાસ કૉસ્મોનૉટ સાથે નવા સોયુઝને પરિભ્રમણ કરાવવામાં સફળતા મળી.

૧૯૬૮ના નાતાલની પૂર્વ સંધ્યાએ એપૉલો-૮ ચંદ્રની કક્ષામાં ગોઠવાઈ ગયું. આ સફળતાથી એપૉલો-૧૧નાં દ્વાર ખુલી ગયાં, જેને કારણે નીલ આર્મસ્ટ્રૉંગ અમેરિકન ધ્વજને ચંદ્રની ધરતી ઉપર રોપવા સફળ થયો.

આ સમય દરમ્યાન ૧૯૭૧ જુલાઈ અને ૧૯૭૨ નવેમ્બરના સોવિયેટના N-1 કાર્યક્રમો નિષ્ફળ ગયા.

એક વખત ચંદ્ર ઉપર પહોંચ્યા પછી અમેરિકાએ ચંદ્ર ઉપર જવાના બીજા પ્રયત્નો બંધ કરી દીધા. ચંદ્ર ઉપર પ્રથમ પગ મૂકવાની અમેરિકા અને સોવિયેટની આ સ્પર્ધા કયા સંદર્ભમાં અર્થપૂર્ણ હતી? ઈ.સ. ૧૯૬૦-૭૦ના દશકામાં એપૉલો મિશને અમેરિકાની લશ્કરી અને રાજકીય તાકાતને જરૂર સર્વોપરિતા અપાવી છે. રાષ્ટ્રીય ઇચ્છાશક્તિ અને ટેક્નોલૉજિકલ તાકાતને સ્પષ્ટ કરતું પ્રદર્શન પણ ગણાવી શકાય. આ સમયગાળામાં સોવિયેટના અવકાશ કાર્યક્રમોની પીછેહઠથી સામ્યવાદી સક્ષમતાને આંચકો લાગ્યો તથા જાગતિક સંબંધોમાં ઓટ આવી.

સંશોધનાત્મક અને સ્પર્ધાત્મક અવકાશી આક્રમણ માટે પ્ર. કૅનેડીનું સ્વપ્ન સાકાર થતું હોય તેમ લાગે છે. અવકાશ- પ્રવૃત્તિઓ માટે અમેરિકા અને સોવિયેટ રશિયા વચ્ચે કરારો થયા છે. આંતરરાષ્ટ્રિય અવકાશ મથક માટે યુરોપ, જાપાન અને કૅનેડા પણ સહભાગી થનાર છે. આવું મથક આ સદીના અંત સુધીમાં તૈયાર થાય તેવી સંભાવના છે. આજે વિવિધ રાષ્ટ્રોનું અવકાશ વૈચારિક જોડાણ તો થયું છે. આયોજનાત્મક નકશો પણ તૈયાર થઈ રહ્યો છે. અવકાશ ક્ષેત્રે સર્વોપરિતા સ્થાપવા અમેરિકા અને સોવિયેટે ૩૦ વર્ષ ગળાકાપ સ્પર્ધા કરી છે. ચંદ્ર કે કોઈ અન્ય ગ્રહ ઉપર પહેલાં પહોંચવાથી કોઈ પણ રાષ્ટ્રને વ્યક્તિગત રીતે આર્થિક કે ભૌતિક ફાયદો આજે તો થયો નથી. વિશ્વનાં ગૂઢ રહસ્યો જાણવા જરૂર તે ફળદાયી નીવડશે. ૨૧મી સદીમાં અવકાશ ક્ષેત્રે પ્રવૃત્તિઓ સહકારી ધોરણે થશે. બધાં જ રાષ્ટ્રો અવકાશ ઉપર વિજય મેળવવા શાંતિને માર્ગે પ્રયાસો કરશે અને અવકાશ મથકનો માનવ પ્રશ્નો હલ કરવા માટે અગ્રદૂત તરીકે ઉપયોગ કરી શકાશે.

નીલ આર્મસ્ટ્રૉંગ ચંદ્રની ધરતી ઉપર પગ મૂકે તે પહેલાં મંગળની સંભવિત જીવસૃષ્ટિ અને ચંદ્રની કાલ્પનિક સફરો વિષે એચ. જી. વેલ્સ અને જુલે વર્ને ઘણું લોકપ્રિય અને વૈજ્ઞાનિક દષ્ટિ-કોણથી લખાણ કર્યું છે. આ ઘટનાને ગોપીકૃષ્ણે પોતાના શાસ્ત્રીય નૃત્ય અને ચિત્રકાર હુસેને પોતાનાં કલાચિત્રો વડે વધાવી હતી.

ભલે આજે અમેરિકા અને સોવિયેટે ચંદ્ર પ્રતિ પ્રયાણના પ્રયાસો આર્થિક કારણોને લીધે છોડી દીધા હોય, પણ દૂર અંતરિક્ષમાં

જવા માટે ચંદ્રનો જંક્શન તરીકે ઉપયોગ કરવા અને ત્યાં વસાહતો ઊભી કરવાની આકાંક્ષાઓ છોડી દીધી નથી.

પૃથ્વી અને ચંદ્રનું નિર્માણ નજીક નજીક પણ સ્વતંત્ર રીતે થયું છે. પરંતુ બંનેની ઉંમર સમાન છે, આશરે ૪૬૦ કરોડ વર્ષ. ચંદ્રને પૃથ્વીની આસપાસ એક પરિભ્રમણ પૂરું કરતાં ૨૭.૩ દિવસ લાગે છે. ચંદ્રને પોતાની ધરી ઉપર એક પરિભ્રમણ પૂરું કરતાં એટલો જ સમય લાગે છે માટે તેની એકની એક બાજુ પૃથ્વી તરફ રહે છે. બે ક્રમિક પડવા વચ્ચેનો સમયગાળો ૨૯ દિવસ, ૧૨ કલાક ૪૪ મિનિટ અને ૩ સેકન્ડનો હોય છે. જ્યારે સૂર્ય અને ચંદ્રની વચ્ચે પૃથ્વી આવે અને ત્રણે એકરેખસ્થ બને ત્યારે ચંદ્રગ્રહણ થાય છે. એક વર્ષમાં વધુમાં વધુ ત્રણ ચંદ્રગ્રહણ થઈ શકે છે. જ્યારે સૂર્ય અને ચંદ્ર એક જ બાજુએ એક જ રેખા ઉપર રહીને આકર્ષે ત્યારે પૃથ્વી ઉપર મહાસાગરોમાં ભરતી આવે છે. સૂર્ય અને ચંદ્ર કાટખૂણે હોય ત્યારે ઓટ આવે છે.


ચંદ્ર પરપ્રકાશિત છે. ત્યાં વાતાવરણ નથી. ચંદ્ર એક મોટો ખડક છે, ત્યાં હવા અને પાણી નથી. માટે ત્યાં જીવસૃષ્ટિ નથી. નાનામોટા લઘુગ્રહોનું સતત વર્ષણ થતું રહે છે. આથી તો તેના ચહેરા ઉપર ઘણા ગોબા પડેલા છે. ત્યાં ભારે ગરમી અને ઠંડી પડે છે. આવા ચારુ ચંદ્રનાં ચંચળ કિરણો અને શીતળ ચાંદની સૌ કોઈ માટે પ્રેરણાના સ્રોત રહ્યા છે. વિજ્ઞાનીઓએ ખુલ્લાં કરેલાં રહસ્યોથી ભલે તેનો ચહેરો કદરૂપો હોય, પણ પૃથ્વી ઉપર તેની શીતળ ચાંદની અને તેના ચાંચલ્યમાં કોઈ ફેર પડવાનો નથી.

ચંદ્ર ઉપર માણસનું પગલું એ તો માનવની પ્રગતિનો આલેખ છે. માણસ માટે ભલે એક નાનકડું કદમ હોય, પણ માણસજાત માટે તો એ વિરાટ કૂદકો છે. **- પ્રહ્લાદ છ. પટેલ**

ભુજના કચ્છ મ્યૂઝીઅમની નવી ઉપલબ્ધિ

થોડા સમય પૂર્વે ભુજના 'કચ્છ મ્યૂઝીઅમમાં કચ્છી કમાગરીમાં આલેખાએલાં રામાયણનાં ચિત્રોનું ઉમેરણ થયાં પછી હમણાં ત્યાંના શિરોમણિરાય મંદિરના ટ્રસ્ટ તરફથી પિત્તળની ત્રણ મૂર્તિઓ ભેટ મળી છે. આમાંની બે મૂર્તિ ભગવાન વિષ્ણુની અને એક દીપમાલિકાની છે.

સદીઓથી ભારતમાં વિષ્ણુનું પૂજન થતું આવ્યું છે. છેક ઈ.સ. ૪૫૭માં સ્કંદગુપ્તના સૂબા ચક્રપાલિતે એક વિષ્ણુમંદિર બંધાવ્યાનો, જૂનાગઢના સુદર્શન તળાવના લેખમાં ઉલ્લેખ છે. સામાન્યતઃ વિષ્ણુને શંખચક્રગદાપદ્મધારી ચતુર્ભુજ સ્વરૂપે દર્શાવાય છે. પણ ક્યારેક દ્વિભુજ કે ષડ્ભુજ સ્વરૂપે પણ તેનું શિલ્પાંકન જોવા મળે છે. ચતુર્ભુજ વિષ્ણુનાં આ ચારે આયુધો જુદા જુદા ક્રમમાં મૂકી વિષ્ણુનાં જુદાં જુદાં સ્વરૂપો દર્શાવાય છે. આવાં એનાં બાવન સ્વરૂપોની કલ્પના છે. 'રૂપમંડન'માં આવાં



૨૪ સ્વરૂપો ગણાવ્યાં છે. આ રીતે ત્રિવિક્રમ, પદ્મનાભ, વાસુદેવ, ઉપેન્દ્ર ઇત્યાદિ નામે એ ઓળખાય છે. મ્યૂઝીઅમને પ્રાપ્ત થયેલી આ મૂર્તિઓના હાથ ખંડિત હોવાથી તેનાં સ્વરૂપ નિશ્ચિત થઈ શકતાં નથી.

આમાંની વિષ્ણુની મોટી મૂર્તિ (ફોટોમાં જમણી બાજુની) ૧૯.૩ સે.મી. ઊંચાઈની છે. તેમાં નેત્રો અને શ્રીવત્સનું ચિહ્ન ચાંદીનાં છે. કિરીટ ઉપર કલગી પણ મૂકેલી છે. નીચેલા જમણા હાથમાં ઊભો શંખ તથા ઉપલા જમણા હાથમાં કમળ હોવાનું લાગે છે. ડાબા બંને હાથ ખંડિત છે. જ્ઞાનદર્શક કાનમાં કર્ણફૂલ પહેરેલાં છે. ખાસ તો આ મૂર્તિની બંને બાજુ દેવનાગરી લિપિમાં 'ચતુર્ભુજ ગોપાલદાસને પ્રણીત' તથા 'મે. શ્રી આશ્રી કરાપીત શુભ પ્રધ્યાતે શ્રી શુભઃ' તેવું વંચાય છે. મૂર્તિની રચના તથા લખાણની લિપિ પરતી આ મૂર્તિ ૧૮મી સદીની લાગે છે.

બીજી નાની મૂર્તિ વધુ લાલિત્યભરી અને અલંકૃત છે. મસ્તક પાછળ આભા (હેલો) પણ દર્શાવી છે. આસપાસની લંબગોળ પ્રભા પરથી મૂર્તિ ૧૬મી સદીની જણાય છે. ઉપલા જમણા હાથમાં શંખ છે, તથા જમણા નીચલા હાથમાં કમળ જણાય છે. ડાબા નીચલા હાથમાં કદાચ ગદા છે. કાન તથા ગળામાં કર્ણફૂલ અને વનમાળા લાગે છે. કેડ ઉપર કંદોરો તથા ગળામાં હાર છે. જે અસલમાં કદાચ ચાંદીના હશે તેમ લાગે છે.

ત્રીજી મૂર્તિ દીપધારી નારીની ૨૦.૩ સે.મી. લાંબી છે. આ મૂર્તિના હાથમાં સંખ્યાબંધ કંકણો છે. ડાબો પંજો ખંડિત છે જ્યારે જમણા હાથમાં દીવો અથવા ચામર પકડવાની જગ્યા ખાલી છે. છાતી પર એકસરી માળા અને ગળામાં ફૂલપાંદડીનો હાર જણાય છે. ૧૮મી સદીના ઉત્તરાર્ધકાળની આ મૂર્તિ જણાય છે.

શ્રી શિરોમણિરાય મંદિરની આ ભેટ મ્યૂઝીઅમની બહુમૂલી ઉપલબ્ધિ છે. **દિલીપ કે. વૈદ્ય** (ક્યૂરેટર કચ્છ, મ્યૂઝીઅમ, ભુજ)

નવું છે વરસ તો ભળીએ નવેસર,
હવા થઈ, હૃદયને મળીએ નવેસર.

હર્ષદ ચંદારાણા

એક વાર રાત્રે એક પ્રધાનપુત્ર મોટરગાડી લઈ બંગલેથી બહાર લટાર મારવા નીકળી ગયા. પિતાને ખબર નહિ. સવારે પ્રધાનપિતાને ગાડી લઈને જવાની વેળા થઈ ત્યારે તેમણે મીટર જોયું. રોજ રાત્રે કેટલા માઈલે મીટર બંધ થયું હતું તે પ્રધાનજી નોંધી રાખતા. ગાડી રાત્રિએ અમુક માઈલો ફરી હતી એમ મીટર બતાવતું હતું. ઘરમાં સહુને પૂછતા ખબર પડી કે પોતાના પુત્રે સહેલ માટે રાત્રે ગાડી ચલાવી હતી. એમણે પુત્રને બોલાવીને કહ્યું, 'આ મોટર તમારા પિતાશ્રીની નથી. આ તો સરકારી ગાડી છે. રાત્રે આ ગાડી કેટલા માઈલ ફરી છે તે આ મીટર બતાવે છે.' ને એમણે પોતાના પુત્રે જેટલા માઈલ ગાડી ફેરવી હતી તેના પૈસા સરકારમાં જમા કરાવી દીધા. આ હતા આપણા સદ્ગત વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રી !

મનુષ્યના ચહેરા પરની ચામડીની જાડાઈ સામાન્ય રીતે ૪.૫ મી.મી. જેટલી હોય છે.

કાનકડિયું પક્ષીઓમાં ઊડવાની સૌથી વધુ ઝડપ ધરાવે છે. કલાકના લગભગ ૧૯૦ માઈલની ઝડપે તે ઊડી શકે છે.

ગણિતગમ્મત : ત્રણ સફરજનમાંથી બે સફરજન લઈ તો હવે તમારી પાસે કેટલાં સફરજન રહે છે ?

યુ.એસ.એ.નું રાષ્ટ્રચિહ્ન સોનાનો રૂપિયો છે તે જાણો છો ?

આપણે ત્યાં એક કહેવત છે : 'ચોરને ચાર આંખ, શાહુકારને બે.' એ પ્રમાણે રશિયામાં એક કહેવત છે : 'વેચનારને એક જ આંખ પૂરતી છે, ખરીદનારને હજાર જોઈએ.'

નાના પુત્રે કહ્યું : 'બાપુજી તમારી દાળમાં–'

એને અધવચ્ચેથી અટકાવતાં પિતા બોલ્યા, 'બેટા, જમતી વખતે કંઈ બોલવું નહિ.' જમી રહ્યા પછી પિતાએ કહ્યું, 'તું શું વાત કરતો હતો તે હવે કહે, બેટા.'

દીકરો : 'બાપુજી, એ તો એવું હતું ને કે તમારી દાળમાં માખી પડી હતી.'

સાઈબીરિયાનાં લોકો ત્યાંના હરણ પર સવારી કરી તે હરણના કાનમાં જ્યાં જવું હોય તે સ્થળનું નામ બોલે છે એટલે પેલું હરણ સવારને તે સ્થળે પહોંચાડી દે છે !

સત્તરમી સદીમાં જર્મન સામંતો જે તલવાર વાપરતા તેની મૂઠમાં ઘડિયાળ જડવામાં આવતી હતી.

જાણો છો કે આપણા મગજનો ડાબો ભાગ આપણા શરીરના જમણા ભાગને અંકુશિત કરે છે અને મગજનો જમણો ભાગ શરીરના ડાબા ભાગને ?

સિત્તેર વર્ષના આયુ સુધીમાં માણસનું હૃદય લગભગ ૨,૫૦૦,૦૦૦,૦૦૦ વાર ધબકે છે !

ઈ.સ. ૧૬૪૪માં સ્વીડનમાંથી સૌથી ભારે સિક્કો મળી આવ્યો હતો, જેનું વજન ૨૧ કિલોગ્રામ હતું.

વાયુ અને કફના પ્રકોપ વખતે થોડા આદુનું સેવન લાભદાયી નીવડે છે.

૧૮૫૨માં ભારતના ઇમ્ફાલમાં ગોશેન નામના ન્યાયાધીશ થઈ ગયા. તેમને ઊંધું જોવાની વિચિત્ર બિમારી હતી. આથી તેઓ અદાલતમાં શીર્ષાસન કરીને મુકદમો સાંભળતા હતા !


કપડાં પર જો કાટના ડાઘ પડ્યા હોય તો તેને સાફ કરવા આ રીત અજમાવી જોજો. લીંબુના રસમાં મીઠું નાખી તે દ્રાવણ કાટના ડાઘ પર ઘસવું. અર્ધો કલાક તે દ્રાવણ તેના પર લગાવી રાખ્યા બાદ કપડું ધોઈ નાખવું. ડાઘ ઓછો થઈ જશે. આમ બે-ત્રણવાર કપડું સાફ કરવાથી ડાઘ નીકળી જશે.

કોઈ તમને મળવા આવ્યું હોય ત્યારે તેને પ્રથમ આદરપૂર્વક બેસાડી તેની સામે બેસવું અને તેની વાત ધ્યાનથી સાંભળવી. આ વખતે નિરર્થક શારીરિક ક્રિયાઓ કરવી નહિ, અને તે જાય ત્યારે ઊભા થઈ વિદાય આપવા બારણા સુધી જવું. આ એક પ્રકારનો વિનયયુક્ત વ્યવહાર છે.

દાળ-કઢીમાં જો વધારે પ્રમાણમાં હળદર પડી ગઈ હોય તો તેને ઉકાળતી વખતે વાસણ પર પાતળું સફેદ કપડું ઢાંકવાથી વરાળ દ્વારા વધારાની હળદર તે કપડું ચૂસી લેશે.

ભૂમિતના ક્ષેત્રમાં તર્કશુદ્ધ પદ્ધતિ દાખલ કરનાર ઈ.સ. પૂ. ૫૨૪થી ૫૪૮ દરમિયાન થઈ જનાર ગ્રીક તત્ત્વજ્ઞાની થેલ્સે એકવાર લશ્કરને નદી પાર કરાવવા સારુ નદીનું વહેણ બીજે માર્ગે વાળ્યું હતું અને એમ લશ્કરને નદી પાર કરાવેલી.

ગણિતગમ્મતનો જવાબ : તમારી પાસે છે તે બે જ સફરજન !



કલાકણિકા : લાગે છે તો આ કોઈ ઘડિયાળનો ચંદો; પરન્તુ એ છે દસમી સદીની નિશાપુરની એક રકાબી. એની શ્વેત સપાટી ઉપર અરબી લિપિમાં ચાતુરીપૂર્વક લખાએલી પંક્તિ રકાબીની શોભા બની રહે છે.



મધ્યાંતર (ફોટો ચંદ્રકાન્ત બી. મહેતા)